કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૩ (સંયુક્ત અંક) | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ




## વિશ્વકર્મા જયંતી વિશેષાંક – ૨૦૨૩




"Stokiest & Importer"
Alloy Steel, High Speed,
High Carbon, High Chromium Steel,
Hot Die Steel, Valve Steel &
All EN Series Carbon Steel, Mild Steel
& Bright Bras in Each Size & Section
BHARAT TOOL STEEL SYNDICATE
TATA
TATA STEEL
BEEKAY
JSW
LAXCON
ESSAR
STEEL
SHARU
VIZAG STEEL
Pride of steel
btss
Bharat Tool Steel Syndicate
[Supplier of Quality Bright Bar & Alloy Steel]
Bharat Tool Steel Syndicate
"HASMUKH CHAMBER", Opp. Bal Apang Gruh,
Bhaktinagar Station Main Road, Rajkot-360 002, Gujarat, INDIA.
btss_2010@yahoo.com www.btss.in
sakshigraphics
9429502003
Marketing : 93399 93399, 74600 74600, 63535 43535




APGC **Asia Pacific**®
Group of Colleges

# ADMISSION OPEN

**55 LAKHS* P.A. HIGHEST SALARY**

- **National & International Placement** (France, Germany Mauritius etc.)
- **Our Student Secure Gold Medal Since Last 7 Years in GTU**
- **Best Leadership Awards By 94.3 My FM (2020)**
- **100%* Scholarship** For SC/ST/OBC * NSP Scholarship *Research Grant

## Courses

BE-BHMCT (4 year) Hotel Management
BBA (3 year) Hotel Management
BBA in Airline & Tourism Management (3 year)

**Certificate Diploma in Hotel Management (1 year)**
**MTA (1 year) B.Com (3 year) BCA (3 year) BBA (3 year)**

AHMEDABAD INSTITUTE OF HOSPITALITY MANAGEMENT

| PGDM 2 Years | Marketing & Sales Management | Hospitality Management | Financial Management |
|---|---|---|---|

## Facilities

Transportation | GPRS System | Quality Kitchen & Lab | Fire Safety
Library | Restaurant | Wi-Fi Campus | Computer Lab

## Affiliation & accreditations

AICTE | Government of India Ministry of Human Resource Development | BAOU Education for All | Gujarat Technical University | Gujarat University

## Get Student Benefit from

Microsoft | ORACLE ACADEMY | coursera for Campus | IBM

Asia Pacific, Be Side Usmanpura Water Tank, Usmanpura Cross Road, A'bad, Gujarat 380013
**Nature Campus: Bhoyani, Kadi-Katosan Road Ahmedabad**
www.apimindia.net | (O) 079-27556140/41 | (M) 88491-67071, 88491-94249

*Condition Apply

વિશ્વકર્મા જયંતિ નિમિત્તે
આપ સૌને હાર્દિક શુભકામના



: શુભેચ્છક :

સુનિલ ગજજર - ૯૮૨૪૨ ૧૦૯૧૦

જીજ્ઞેશ સંચાણિયા - ૯૮૯૮૦ ૧૦૯૧૦

INNOVATIVE
mould works

H.O. : Plot No. 72/2, Nr. Old tall Plaza, NH-8B Gondal Highway, Kothariya, Rajkot-04
Plant : Plot No. 1 to 4, Survey No. 35/2/7, Behind Shri Raj Casting, Pipaliya Gundasara Road, Pipaliya, Rajkot-360311

Mukesh Bhadeshiya - Mo. 98250 23890
Hiten Bhadeshiya - Mo. 97129 23890

Heat Treated plant
With ISPM-15 Certificate





Vishwakarma
WOODEN WORKS

All Kind of Plywood & Wooden Merchant &
Mfg. of Plywood & Wooden Box & Pellets

Plot No. 40/41, Kishan Gate, Saffron Ind Area,Ahead of Digvijay Engineering,
Vill. Pardi (Shapar), Rajkot.-360024.

YAMUNA®




HÖFLER HELIX

MAXIMUM FLEXIBILITY WITH GEAR GRINDING



YAMUNA GEARS PVT. LTD.
Plot No. : 138/141, Survey No.: 43/1, B/h Jackgon Co., 150 Feet Ring Road, Vavdi, Rajkot - 360 004. (Gujarat) INDIA. Mo. : +91 99798 49922 | 99798 49933
Email : info@yamunagears.com | sales@yamunagears.com
Website : www.yamunagears.com

**VISHWAKARMA VISHAWA**
**(GUJARATI-MONTHLY)**
**RNI REGD. NO.GUJGUJ/2013/49269**




**Volume No.-11, Issue No.12 &**
**Volume No.-12, Issue No.1**
**(January-February Vishwakarma Jayanti Visheshank)**
**Date : 10-02-2023**

**Page : 100**
**Retail Price Rs.50/-**
**Annual Subscription Rs. 300/-**

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001.

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# દ્વિશતાબ્દી વર્ષમાં પ્રવેશ નિમિત્તે...

કલા–કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા એકમાત્ર મલ્ટીમીડિયા મેગેઝીનનો વિશ્વકર્મા જયંતિ–૨૦૦૪માં પ્રારંભ થયા બાદ વિશ્વકર્મા જયંતિ–૨૦૨૩માં વીસમાં વર્ષમાં પ્રવેશ્યુ છે. જેનો અમને આનંદ છે. છેલ્લા ત્રણેક વર્ષ દરમ્યાન કોરોના આર્થિક મંદી અને પ્રત્યેક બાબતોમાં થયેલ ભાવવધારાના કારણે પ્રિન્ટ મીડિયા અસહય કટોકટીમાંથી પસાર થઇ રહયું છે. તેમાં વિશ્વર્મા વિશ્વ પણ બાકાત નથી. દિનપ્રતિદિન થતા ભાવ વધારાના કારણે ઉભી થયેલ પરિસ્થિતિમાં દેશના કેટલાક પ્રતિષ્ઠિત મેગેઝીન બંધ થઇ ગયા છે. કેટલાક સુપ્રીસદ્ધ સાપ્તાહિકે તો પોતાની મિલકત વેચવાનો વારો આવ્યો છે. આવી ગંભીર આર્થિક કટોકટીમાં પણ 'વિશ્વકર્મા વિશ્વ'નું પ્રકાશન ૨૦માં વર્ષમાં પ્રવેશી રહયું છે.

માત્ર લવાજમ પર મેગેઝીન ટકી શકે નહીં. મેગેઝીન ચલાવવા માટે વિજ્ઞાપન દાતાઓ પણ એટલા જ જરૂરી છે. ત્યારે વિજ્ઞાપન દાતાઓ વધુ ઉદારતા દાખવી મેગેઝીનને જાહેરાતરૂપી આર્થિક સહયોગ આપે તેવી મારી અપીલ છે.

વિશ્વકર્મા વિશ્વના દ્વિ–શતાબ્દી વર્ષ નિમિત્તે વિશ્વકર્મા વિશ્વ દ્વારા વિવિધ પ્રકાશનો પ્રગટ કરવાનું પણ આયોજન છે.


વિશ્વકર્મા વિશ્વ આ સફરમાં લેખકો, વિજ્ઞાપન દાતાઓ અને સમાજના સહકાર વગર શકય નથી. આ બધાના સહકાર અને વિશ્વકર્મા પ્રભુના સતત વરસતા આશીર્વાદથી વિશ્વકર્મા વિશ્વની સફર આટલે સુધી પહોંચી છે. વિશ્વકર્મા વિશ્વ એકમાત્ર મેગેઝીન છે જે પ્રિન્ટ–માધ્યમ ઉપરાંત મોબાઇલ એપ, વોટસએપ સહિતના સોશ્યલ મીડિયાના માધ્યમથી દેશભરમાંથી જ નહીં વિદેશના પણ હજારો લોકો સુધી પહોંચ્યું છે. જેનો અમને વિશેષ આનંદ છે.

મળેલા સાથ અને સહકાર માટે સૌનો આભાર અને વધુ સહકાર મળતો રહે તેવી વિશ્વકર્મા પ્રભુજીને પ્રાર્થના...

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# આદિ શિલ્પાચાર્ય વિશ્વકર્મા ભુવન



બચુભાઈ વડગામા

**અંગિરા વંશની પરંપરા મહર્ષિ અથવા ગિરસ દેવગુરૂ બૃહસ્પતિ આપ્ત્ય વગેરે ઋષિઓ થયા. તે આપ્ત્ય ઋષિના ચાર પુત્રો થયા તેના નામ છે, અંક્ત, દ્વિત, ત્રિત તથા ભુવન. પિતાની સમાન ચારે પુત્રો વેદર્ષિ થયા તે ઋષિઓમાં મહર્ષિ ભુવન શિલ્પાચાર્ય, મહર્ષિ ભગવાન વિશ્વકર્માના પિતા હતા.**



અંગિરા મુનિ બ્રહ્માજીનાં માનસ પુત્ર છે તેમના હ્રદયમાંથી વેદ પ્રગટ થતા છે. તે વેદ ના જ્ઞાતા છે. અંગિરસ અગ્નિના આવિસ્કારક મંત્રદ્રષ્ટા, મહાન ધનુર્ધર, ગાયોના ચાહક અને પાલક તથા તક્ષશિલા વિશ્વ વિદ્યાલયનાં સંસ્થાપક અને કૃષિ ભુમિના શોધન કરતા હતાં. તે સમયે તેણે જાણી લીધું હતું કઈ જમીન કેવો પાક આપશે તેનુ જ્ઞાન હતું. તેઓ મહાન સેનાનાયકનું કાર્ય કરવાને કારણે એક વિરપ્રતાપી દિગ્વિજયી હતા, તેથી લોકો તેને ભંગિડ ઋષિ કહેતા હતાં.

અંગિરાએ વિશ્વ ઉપર સતા સ્થાપી હતી. આજે પણ યાદ આપતા ઘણા શહેરો દેશ અંગિરાના નામ સાથે સંકળાયેલા છે. દા.ત. ટર્કીના અંકારા રૂસના અંગરા, ઘાનાનાં અકરા, તથા અંગોલા –અકોલા આદિ પુરાતન નામ આજે અંગિરા આંગેરાની સ્મૃતિમાં ઉભા છે. તેમણે સર્વ જગત ઉપર વિજય મેળવી તેઓને રાજરાજેશ્વરી ઈન્દ્રની પદવી મેળવી હતી.

મહર્ષિ અંગિરા અને તેમનો વંશ જે અંગિરસ ઋષિઓથી ઓળખાતો હતો. તેનો આશ્રમ સરસ્વતી નદીની ઉતર તરફના કિનારા પર અને થોડા આશ્રમો દક્ષિણ તરફના કિનારા પર હતા.

અંગિરા વંશની પરંપરા મહર્ષિ અથવા ગિરસ દેવગુરૂ બૃહસ્પતિ આપ્ત્ય વગેરે ઋષિઓ થયા. તે આપ્ત્ય ઋષિના ચાર પુત્રો થયા તેના નામ છે, અંક્ત, દ્વિત, ત્રિત તથા ભુવન. પિતાની સમાન ચારે પુત્રો વેદર્ષિ થયા તે ઋષિઓમાં મહર્ષિ ભુવન શિલ્પાચાર્ય, મહર્ષિ ભગવાન વિશ્વકર્માના પિતા હતા. આશ્વલાઈન વ્યાખ્યાકાર ષડગુરૂ, ભવિષ્યના અષ્ટમ, અષ્ટક કે અષ્ટમ અધ્યાયમાં પ્રમાણ સ્વરૂપ લખ્યુ છે.

ભુવનો નામ આપ્ત્ય પુત્ર ઈતિ, અવં ચ ભુવન પુત્રત્વેન

વિશ્વકર્મણઃ અંગિરવંશજત્વં ઋષિ ગોત્ર ત્વંચ ॥

અર્થાતઃ વેદ સહમતી એ પ્રમાણે આપે છે કે ભુવન પુત્ર વિશ્વકર્મા, અંગિરા વંશીય છે.

સપૂર્ણ ભારતમાં વિશ્વકર્મા જયંતિ ત્રણ જુદી જુદી તિથિઓમાં મનાવાય છે. તેમનું અલગ અલગ મહત્વ છે. જેમકે પૂર્વાચલમાં કન્યા સંક્રાતિ બેસે ત્યારે એટલે (૧૭) સતર સપ્ટેમ્બરનાં રોજ મનાવાય છે. પંજાબ તથા હરિયાણામાં કારતક માસનાં શુકલ પક્ષની એકમનાં રોજ તથા બાકીનાં ભારતમાં માઘ માસનાં શુકલ પક્ષની તેરસના દિવસે વિશ્વકર્મા જયંતિ મનાવાય છે. ભારત સરકારે (૧૭) સપ્ટેમ્બરનાં રોજ વિશ્વકર્મા જયંતિનું ૧૫૫ મહત્વ સમજીન સંપૂર્ણ ભારતમાં રજા ઘોષીત કરી છે. તેમજ અમાસની તિથિ વિશ્વકર્માની નિર્વાણ તિથિ માનવામાં આવે છે. તે દિવસે વિશ્વકર્મા વંશીઓ, ભક્તો વગેરે તેમના દ્વારા મળેલ વિદ્યાથી વિશ્વકર્માને ગુરૂ ભગવાન કે પૂ.દાદા માનનારા લોકો શ્રધ્ધાપૂર્વક આસ્થાને કારણે શિલ્પીઓ અમાસનો અણુજો(રજા) રાખે છે. પોતાના પ્રિય આચાર્યને હવન કરી અથવા પુષ્પો–પુજા ચડાવી વિશ્વકર્માનું પૂજન કરે છે.

શ્રધ્ધાવશ વિશ્વકર્માની જયંતિ અલગ અલગ તિથિઓમાં મનાવાય છે. પરંતુ માઘ શુકલ પક્ષમાં તેરસના દિવસે જયંતિ ઉજવવાનું પુરાણોમાં લખ્યુ છે. ભવિષ્ય પુરાણ તથા સ્કન્દ પુરાણ ઉપરાંત આદિ પ્રાચીન ગ્રંથોમાં જાણવા મળે છે. સર્વ વિદ્વાન જયોતિષાચાર્ય પણ આનો સ્વીકાર કરે છે. તેઓના કહેવા મુજબ,

માઘે શુકલે ત્રયોદશ્યાં દિવા પુણ્યે પુનર્વસૌ
અષ્ટાવિશતિ તમે જાતો વિશ્વકર્મા ભવાનપિ

અર્થાત : મહા સુદ તેરસના પુણ્ય દિવસે પુનર્વસુ નક્ષત્રમાં અઠ્ઠાવીસમાં જય વિશતિ (સંવત્સર)માં ત્વષ્ટા વિશ્વકર્મા નામે આપનું પ્રાગટય (જન્મ) થયો છે.

વાસ્તુશાસ્ત્રમાં પુરાતન આચાર્ય ભારતીય શિલ્પનાં જનક એવા જે અઢાર વાસ્તુશકાસ્ત્રનાં આચાર્યોમાં વિશ્વકર્મા પ્રથમ છે. તેઓના નામ છે. વિશ્વકર્મા, ભૃગુ, અત્રિ, વશિષ્ઠ, મય, નારદ, નગ્નજિત, વિશાલાક્ષ્ય, પુરન્દર, બ્રહમા, કુમાર (કાર્તિક) નંદીશ, સૌનક, ગર્ગ, વાસુદેવ, અનિરૂધ્ધ, શુક્ર અને બૃહસ્પતિ આદિ નામો મત્સ્ય પુરાણમાં છે, આ અઢાર આચાર્યોમાં મહર્ષિ વિશ્વકર્માનું નામ બહુજ પ્રેમપૂર્વક સહુ વિશ્વાસથી બોલે છે.

વિશ્વકર્માની ખ્યાતિને કારણે બીજા બધા આચાર્યો જાણીતા થતા નથી. વિશ્વકર્માનાં નામ ઉપર સર્વને પુરો ભરોસો છે. વિશ્વકર્માની ખ્યાતિનું એક મોટુ કારણ છે, વિશ્વકર્માએ લલિત કળાની દિશામાં નૂતન વૈજ્ઞાનિક આવિષ્કારો અને નવી લોકપ્રિય પધ્ધતિઓ પ્રચલિત કરી. તેનાં પરિણામ સ્વરૂપ આજે તમના વંશજો લોહીમાં રહેલી ટેકનીક સુઝને કારણે સર્વોચ્ચ કાર્યમાં પોતાનું વૈજ્ઞાનિક જ્ઞાનમાં આગળ વધી રહયા છે. શ્રધ્ધા, આસ્થા, વિશ્વાસ અને પૂર્ણ નિષ્ઠાથી વિશ્વકર્માને ગુરૂ, ઈષ્ટદેવ, દાદા વગેરે માને છે. જેઓ શિલ્પી, જ્ઞાની, વૈજ્ઞાનિક અને કલા–સાધનાનાં ઉપાસક છે. તેની પુજા–અર્ચના કરે છે.

બ્રાહમણ શ્વેતા શ્વતરોપનિષદ યાસ્કમુનિનું નિરૂક્ત સ્કન્દ પુરાણ, મૂલસ્તપુરાણ આદિ ઉપનિષ, વેદાન્તો તથા અન્ય દર્શન ગ્રંથોમાં વિશ્વકર્માને પ્રજાનાં સૃષ્ટિકર્તા, પ્રજાપતિ,સંવત્સર, સર્વસ્યકર્તા, વિરાટ સ્વરૂપ અને પરમાત્મા વગેરે રૂપોમાં માને છે. વેદોથી લઈ શિલ્પશાસ્ત્રો સુધી વિશ્વકર્માનો અભિપ્રાયને પરમાત્માનાં વચનો બરાબર માને છે.

વિજ્ઞાન પુરૂષોએ આત્મા, વાણી, પ્રાણ, આદિત્ય, ત્વષ્ટા તથા પ્રજાપતિ વગેરેને વિશ્વકર્માજી સમજયા છે. એટલું જ નહી પણ વિશ્વકર્માનાં નામનો શાબ્દિક અર્થ ઉપાધિ (ડીગ્રી) છે તેમ સમજાય છે. ભુવન પુત્ર વિશ્વકર્મા એવા આદિ શિલ્પાચાર્ય થયા છે તેમણે જગત નિર્માતા આદિ બ્રહમાની રચનાત્મક દક્ષતાનાં રહસ્યોને સમજાવીને આ સૃષ્ટિ ઉપર તેને અનુરૂપ શિલ્પ– વિજ્ઞાનને સહુથી પહેલા પ્રસ્તુત કર્યૂ છે. પોતાની મંત્ર શક્તિથી શિલ્પ જ્ઞાન–વિજ્ઞાનનો સાક્ષાત્કાર કરી માનવ કલ્યાણાર્થે અર્થવવેદનો ઉપવેદ અર્થવેદ ની રચના કરી છે. એ કારણે વિશ્વકર્મા મહર્ષિ આદિ શિલ્પાચાર્ય કહેવાય છે.

વેદોમાં ઉપવેદ તેનાં રચયિતાની બાબતમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીનો મત છે, આયુર્વેદ (વૈધક શાસ્ત્ર), ધર્નુવેદ (શસ્ત્રાસ્ત્ર રાજવિદ્યા), ગાન્ધર્વવેદ (ગાનવિદ્યા) અને અર્થવેદ (શિલ્પશાસ્ત્ર) એ વેદોના ચાર ઉપવેદ છે. તે વેદોનુંકુલ હોવાથી પ્રમાણિક છે. અંગિરા–વંશીય મહર્ષિ વિશ્વકર્માએ દેવી દેવતાઓ માટે અનેક નગરોની રચના કરી છે.

પર્વતોના મહાન મહારાજા મહાત્મા હિમાચલની પ્રાર્થનાથી પાર્વતીના લગ્ન મંડપની રચના વિશ્વકર્માએ કરી હતી. મંડપમાં વિચિત્ર અદભુત શિલ્પકળામાં કલાત્મક સ્થાપત્ય કલાની અનોખી રચનાઓ કરી હતી. સાથે સાથે વિચિત્ર સહસ્ત્રો, આયુધ્ધો સાથે વાદ્યોયંત્રોની સર્વ રચનાઓ કરવામાં આવી હતી. દેવતાઓ ભક્તોની આબેહુબ પ્રતિમાઓ મંડપમાં જોઈ શિવજીની જાનમાં આવેલા દેવતાઓ તથા નારજદી આશ્ચર્યચક્તિ થઈ ગયા હતા. સ્કન્દ પુરાણ, શિવ મહાપુરાણ વગેરે શાસ્ત્રોમાં વિશ્વકર્માનાં અનેક રહસ્યો અને પ્રમાણથી પરીપૂર્ણ છે.

ભારતમાં વેદની જે વિમાન વિદ્યા આવી તેનુ પ્રત્યક્ષીકરણ મહર્ષિ દયાનંદ સરસ્વતીએ કહયું છે, વિમાનોનું નિર્માણ ભગવાન વિશ્વકર્માએ કર્યુ છે.એ વિમાનોમાં ગરૂડ, મયુર, પુષ્પક, કામંગ, શાંતકુંભ, સોમયાન વગેરે વાયુ યાનોનાં નામોનો ઉલ્લેખ છે.

તેને આપણે ભ્રાંતિવશ પક્ષી સમજી સંતોષ માન્યો છે. સ્કન્દ પુરાણ સ્પષ્ટ કરે છે. યજ્ઞને લગતું દરેક શિલ્પનું નિર્માણ વિશ્વકર્મા ધ્વારા થયુ છે, એટલું જ નહી પણ શોષણ રહિત અર્થ વ્યવસ્થાના પ્રવર્તક પણ વિશ્વકર્માજી રહયા છે.

ઋગ્વેદ માનવ સભ્યતાનો પ્રાચીન ગ્રંથ છે તેમાં વિશ્વકર્મા સુક્તનાં નામની (૧૪) ચૌદ ઋચાઓ લખી છે, તેના દરેક મંત્ર પર લખ્યું છે. ઋષિ વિશ્વકર્મા ભૌવન, દેવતા વિશ્વકર્મા છન્દ ત્રિષ્ટપ વગેરે તે સૂક્ત યજુર્વેદ અધ્યાય (૧૭) મંત્ર ૧૭ થી ૩૧ સુધી કુલ (૧૬) સોળ મંત્રો છે. ઋગ્વેદ તથા યર્જુવેદનાં મંત્રોના જે પ્રકારે ઋણ તથા દેવતા વિશ્વકર્મા છે. આવું સૌભાગ્ય મહર્ષિ વિશ્વકર્મા ઉપરાંત બૃહસ્પતિ તથા અગ્નિ ઋષિઓને જ પ્રાપ્ત થયું છે.

આદિયુગથી લઈ મહાભારતનાં સમય દરમ્યાન પાંચ હજાર વર્ષ એટલે શ્રીકૃષ્ણના સમયમાં વિશ્વકર્મા પૃથ્વી પર હતા તેવું પ્રમાણ શ્રીમદ ભાગવત પુરાણ તથા હરિવંશમાં જોવા મળે છે. શ્રીકૃષ્ણના કહેવાથી તેમણે દ્વારકાની રચના કરી છે, નવનિર્માણ ર્ક્યુ છે.

(૧) ભુવનપુત્ર વિશ્વકર્મા (૨) આઠમા પ્રભાસ વસુના પુત્ર વસુ વિશ્વકર્મા (૩) ભૃગુવંશી મય વિશ્વકર્મા તથા (૪) સુધન્વા વિશ્વકર્મા. તેઓ સર્વમાં પુરાતન વિશ્વકર્માઓમાં ભુવન પુત્ર વિશ્વકર્માનું નામ આદિ શિલપાચાર્યમાં સર્વપ્રથમ આવે છે.

અનેક આક્રમણો, વિકટ પરિસ્થિતિઓમાં અંગિરા વંશીય મહર્ષિ વિશ્વકર્માની લલિત કલા પરંપરાની યાદી દેવડાવવામાં સમાજમાં આજે પણ રહી છે. આજે કલિયુગમાં પણ એ વંશમાં અનેક ગૌરવશાળી ઋષિ, મહર્ષિ, જ્ઞાની, વૈજ્ઞાનિક, આચાર્ય, સંત, મુની અને સમ્રાટ પુરૂષ થયા છે. જેમણે ભારતીય કલા– સંસ્કૃતી અને ધર્મની વિરાસતને વિશ્વમાં ગૌવર પ્રદાન ર્ક્યુ છે. તેઓમાં લોહિતાક્ષ, મહર્ષિ બોધાયન, વૃતકાર, વોધાનંદ વ્યાકરણચાર્ય, દેવબોધ, ગૌતમ બુધ્ધ, કાલિન નગર શ્રેષ્ઠી નંદાચાર્ય, લંકાના પ્રથમ રાજા વિજયી મહારાજા, કાષ્ઠવાહન, શિલ્પાચાર્ય નગ્નજીત, અશોકની પુત્રી સંઘમિત્રાનો ધર્મ પ્રચારક સાથી શ્રીશતૃષ્ણા, શ્રીશપુષ્ણ તથા શ્રીશનારાયણ.

તે ઉપરાંત વિક્રમાદિત્યની સભા રત્નોમાં મહાકવિ કાલિદાસ આયુર્વેદાચાર્ય ધનવંતરી અને ઘટખર્પર તથા સમ્રાટ શાલિવાહનનો મુખ્ય સેનાપતિ સદાશિવ પ્રધાન વગેરે પ્રમુખ છે. એટલું જ નહી શ્રીરામના પ્રમુખ સહયોગી નલ તથા નીલ પણ વિશ્વકર્માનાં શિષ્ય હતા.

જાંગિડ બ્રાહમણ નિદોશિકા તથા અન્ય ગ્રંથો અનુસાર ભારતીય ચિત્રકલા, મુર્તિકલા અને સ્થાપત્યં– શિલ્પકલાનાં જેટલા પુરાતન પ્રમાણ જોવા જાણવી મળે છે. સર્વ જોવા જાણવા કે પ્રાપ્ત કરવા યોગ્ય છે. તે સર્વ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપમાં વિશ્વ બ્રાહમણો ધ્વારા નિર્મિત બન્યુ છે. જેઓમાં પ્રમુખ કોર્ણાકનું સુર્ય મંદિર, સોમનાથનું શિવમંદિર, રામેશ્વરનું શિવમંદિર, શ્રીરંગનાથ મંદિર, પંઢરપુરનું વિઠોબા મંદિર, કાશી વિશ્વનાથ મંદિર, કાલિદેવીનું મંદિર, બેલીગાંવ પદ્મનાથનું મંદિર, ત્રિવેન્દ્રમ દ્વારકાપુરનું દ્વારકાધીશ મંદિર, આબુ પર્વત ઉપર પાર્શ્વનાથ જૈન મંદિરો, જગન્નાપુરીનું પુરૂષોતમ મંદિર, ખજુરાહોનાં મંદિરો, ઉપરાંત અનેક પ્રતિમાઓ ચિત્રયુક્ત ગુફાઓ, અજંતા ખોદકામના અનેક નમુનાઓ ઈલોરાની ગુફાઓ બોધ્ધ, એલિફન્ટાની ગુફાઓ, કાલીનું ગુફા મંદિર, સાંચિનો સ્તુપ, રાજા ભોજ, અશોક કાલીન પ્રતિમાઓ, દિલ્હીમાં લોહસ્તંભ, શિરશ્રીગી વગેરે અનેક પુરાતન તથા આર્વાચીત અજોડ શિલ્પના લાખોની સંખ્યામાં નમુનાઓ વિશ્વકર્માની અને તેના વંશવારસની દેન છે.

ધર્મ સંસ્થાપક આચાર્યોમાં જગતગુરૂ આદિ શંકરાચાર્ય, સ્વામી વિશ્વરૂપાચાર્ય, સ્વામી પૃથ્વીધરાચાર્ય, રાજા ભોજના પ્રસિધ્ધ શિલ્પ શાસ્ત્રી ઉબાન વિશ્વકર્માચાર્ય, જેમણે પ્રસિધ્ધ ગ્રંથ સમરાંગણ સૂત્રધારની રચના કરી છે.

મૈસુર રાજયનાં ભક્ત જઠણાચાર્ય યોગીરાજ ચાંગવતે મહામુની શ્રીરામાચાર્ય, સત્યપુરૂષ શ્રી નરહરિ મહારાજ સ્વામી વ્યંકટાચાર્ય, શ્રી તુકાજી, બ્રહમાનંદાચાર્ય, સ્વામી તા અંગિરા વંશીય, પ્રાચીન સાહિત્ય– શોધક આચાર્ય શ્રી જયકૃષ્ણ મણીઠિયાં આ બધા વિશ્વકર્મા બ્રાહમણ થયા છે.

જગતગુરૂ શંકરાચાર્ય એ સ્વયં પોતાને વિશ્વકર્મા બ્રાહમણ એટલે ત્વષ્ટાનાં પુત્ર કહયા છે. જયારે તે જગતના સર્વ વિદ્વાનો ઉપર દિગ્વિજય મેળવી દક્ષિણમાં મછલીપટ્ટમમાં આવ્યાં ત્યારે ત્યાનાં વિશ્વકર્મા બ્રાહમણોએ તેઓની પાસે જગત ગુરૂ હોવાનું પ્રમાણ માગ્યું. કારણકે જગતગુરૂની ઉપાધી માટેનો અધિકાર ફક્ત વિશ્વકર્મા બ્રાહમણોને જ હોય છે, ત્યારે શંકરાચાર્યએ ઉતર આપ્યો.

આચાર્ય : શંકરો નામ ત્વષ્ટા પુત્રો ન સંશયઃ
વિપ્રકુલે ગુરૂદીક્ષા વિશ્વકર્મા હન્તું બ્રાહમણ :

અર્થાત : આચાર્ય, શંકરનું નામ જે ત્વષ્ટાનાં પુત્ર છે તેમાં કોઈ સંશય નથી વિપ્રકુળમાં ગુરૂદીક્ષા લઈને વિશ્વકર્મા બ્રાહમણ જ છે.

મહર્ષિ ભગવાન વિશ્વકર્મા અદભૂત શિલ્પી મહાન વૈજ્ઞાનિક હોવાની સાથે અસામાન્ય લેખક પણ હતાં. તેઓએ શિલ્પ વિજ્ઞાનને ચિરસ્થાય કરવા માટે વિશાળ સાહિત્ય કોષની રચના કરી ‘અપરાજીત’ ગ્રંથ અનુસાર ફક્ત તેઓએ (૧૨) બાર હજાર શિલ્પશાસ્ત્રોની રચના કરી.

સમાપ્ત.....

# કલાને ટકાવી રાખવાનું કોમર્સ અઘરું છે



લલિત ખંભાયતા
(અમદાવાદ)

**૧૨ કે ૧૬ પાનાનું અખબાર હકીકતે ૧૫-૨૦ રૂપિયામાં તૈયાર થાય. એટલે કે વાચકને તેની પડતર કિંમત કરતાં ચોથા ભાગની કિંમતમાં મળે છે. સસ્તું આપી શકાય તેનું કારણ અખબારમાં આવતી જાહેરખબરો છે. આ જ સ્થિતિ મેગેઝિનોને લાગુ પડે છે.**




'કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું મેગેઝિન' એવી ઓળખ સાથે વિશ્વકર્મા વિશ્વ બે દાયકાથી પ્રગટ થાય છે. હવે ૨૦મા વર્ષમાં પ્રવેશ થવા જઈ રહ્યો છે. એ સિદ્ધિ છે એટલું કહી દેવાથી વાત નહીં સમજાય. જરા અલગ રીતે તપાસ કરીએ..

---

તમારા ઘરે આવતા અખબારની કિંમત વાંચી છે? મોટેભાગે ચાર કે પાંચ રૂપિયા હશે. અખબારના કદ મુજબ ૧૨થી ૧૬ પાનાં હશે. પણ શું એ ૧૨–૧૬ પાનાનું અખબાર ૪–૫ રૂપિયામાં તૈયાર થાય ખરૂં?

ન થાય, બિલકુલ ન થાય.

૧૨ કે ૧૬ પાનાનું અખબાર હકીકતે ૧૫–૨૦ રૂપિયામાં તૈયાર થાય. એટલે કે વાચકને તેની પડતર કિંમત કરતાં ચોથા ભાગની કિંમતમાં મળે છે. સસ્તું આપી શકાય તેનું કારણ અખબારમાં આવતી જાહેરખબરો છે. આ જ સ્થિતિ મેગેઝિનોને લાગુ પડે છે. સીધી વાત છે કે 'વિશ્વકર્મા વિશ્વ'નું તમે લવાજમ ભરો છો, તેના કરતા અનેકગણા વધારે ખર્ચે એ તૈયાર થાય છે. એમાં પણ એ વાત સમજવા જેવી છે કે દરેક સાયમિક સરખું નથી હોતું. સમાચાર કે સમાચાર આધારિત સામયિક અને વિશ્વકર્મા વિશ્વ જેવું ખાસ વર્ગ માટે નીકળતું સામયિક અલગ અલગ છે. એટલે કે

બન્નેનું અર્થતંત્ર ફરી જાય છે.

કેવી રીતે એ પણ સમજીએ.

અભિયાન કે ચિત્રલેખા એ જનરલ સામયિકો છે, માટે તેમાં બધા પ્રકારના જાહેરખબરદાતાઓ પોતાની એડવર્ટાઈઝમેન્ટ આપી શકે. બીજી તરફ વિશ્વકર્મા વિશ્વ કલા અને કારીગરી સાથે સંકળાયેલા વર્ગ માટેનું છે. માટે ચણાનો લોટ બનાવતી કંપની તેને જાહેરખબર ન પણ આપે, ટ્રાવેલ કંપની તેને જાહેર ખબર ન પણ આપે, મ્યુચ્યુઅલ ફંડ કંપની તેને જાહેરખબર ન પણ આપે. મોટે ભાગે તો ન જ આપે.

તો પછી કોણ આપે?

કલા, કારીગરી, કૌશલ્ય સાથે સંકળાયેલા ઉદ્યોગો, સાયમિક સંચાલકોની અંગત ઓળખાણમાં જો કોઈ ઉદ્યોગપતિ હોય તો અને બાકી નાના-નાના વેપારીઓ. તેનાથી કદાચ સામયિક ચાલી જાય પણ એ માંડમાંડ ચાલે. એ સંજોગોમાં જ્ઞાતિના અગ્રણીઓએ સમજી લેવું જોઈએ કે તમારી પાંચ-પચ્ચાસ હજારની જાહેરખબર સામયિક માટે આખુ વર્ષ ચાલતી સંજીવની બની શકે છે. કેમ કે આ સામયિકને કળા-કૌશલ્ય-કારીગરી બહારની જ્ઞાતિઓ તો જાહેરખબર આપવાની જ નથી. આખા ભારતના પ્રિન્ટ સેક્ટરે કોરોનાએ સારો એવો ફટકો માર્યો છે. ૨૦૧૯માં પ્રિન્ટ એડવર્ટાઈઝમેન્ટ પાછળ આખા ભારતમાં ૧૮,૧૬૪ કરોડ ખર્ચાયા હતા, ૨૦૨૦માં ઘટીને સીધા ૧૦,૩૫૦ કરોડ થઈ ગયા. દેશમાં લાખો અખબાર-સામયિક હોય ત્યારે સરેરાશ એકાદ પ્રિન્ટ મીડિયાના ફાળે તો એમાંથી કેટલા રૂપિયા આવે?

હવે જરા વાત કરીએ સામયિક સંચાલનની.

સામયિક કે અખબાર.. કંઈ પણ ચલાવવા માટે કેટલીક પ્રક્રિયામાંથી પસાર થવું પડે. જેમ કે સૌથી પહેલા તો સામયિકના પાનાંઓમાં કઈ કઈ વાંચન સામગ્રી જશે. કઈ સામગ્રી કોણ લખશે. ઓફિસનો સ્ટાફ શું લખશે અને બહારથી કોણ શું લખશે. બહારથી લખનારા પણ સમયસર આપશે કે નહીં? સમયસર લેખ ન આવે તો ત્યાં શું મુકવુ? (કબુલાત – આ લેખ લખવામાં મારે જ સમય કરતાં મોડુ થયું અને મને આ વાતની શરમ પણ છે). લેખો આવી ગયા પછી તેનું પેજિનેશન, ડિઝાઈનિંગ, એ માટે જરૂરી ફોટા, સજાવટ, માહિતીની ચકાસણી.. વગેરે લાંબી પ્રક્રિયા છે. એટલેથી વાત પુરી થતી નથી. કમ્પ્યુટરમાં તો સામયિકના પાનાં તૈયાર થાય પણ એ પ્રિન્ટિંગ પ્રેસ સુધી પહોંચે એટલે નવી સાઈકલ આરંભાય.

પાનાં છાપાય, કટિંગ થાય, કવર ફીટ થાય, બાઈન્ડિંગ થાય, થપ્પા થાય, લવાજમધારકોને મોકલવા માટે તેનું પેકિંગ થાય અને રવાના થાય. રવાના થાય એટલે તુરંત મળી જાય એવુય નથી. કુરિયર સર્વિસની ડાંડાઈને કારણે સામયિક મોડું મળે તો પણ બે માઠા વેણ સાંભળવાના તો સામયિક સંચાલક તરીકે પ્રવીણભાઈને જ આવે.

---

આ સમગ્ર પ્રક્રિયા નવી નથી. આ પ્રક્રિયા સમજાવીને કોઈની સહાનુભૂતિ ઉઘરાવવી નથી. પરંતુ પ્રક્રિયા સમજાય તો આઈડિયા આવે કે તમારા હાથમાં આવેલું કોઈ પણ સામયિક કે અખબાર કેટલી પ્રક્રિયામાંથી પસાર થાય છે. આ બધુ તો વર્ષોથી જાણે થયા આવે છે. અને પત્રકારત્વમાં તો કહેવત છે કે પગ પર કુહાડો મારવો હોય તો પોતાનું સામયિક કે અખબાર ચાલુ કરવુ. કેમ કે શરૂઆતના વર્ષોમાં તો ચીક્કાર ખોટ કરવાની તૈયારી રાખવી પડે. જ્ઞાન-વિજ્ઞાન મેગેઝિન ચલાવતા એક ગુજરાતી લેખકે સામયિક ચાલતુ રહે એ માટે પોતાનો બની રહેલો બંગલો વેચી નાખ્યો હતો. આવી તૈયારી રાખવી પડે.

આ સ્થિતિમાં વધારે આકરી સ્થિતિ કોરોનાએ સર્જી દીધી. સામયિક ભલે ઓફિસમાં બેસીને તૈયાર થતું હોય પણ તેનો કાગળ ભારતના બીજા છેડે અને અમુક સામયિકના કિસ્સામાં પરદેશથી આવે છે. પરદેશથી આવે કે દેશથી આવે, કોરોના વખતે તમામ પ્રકારનું પરિવહન અટકી પડ્યું હતું. કાગળ ભરેલા જહાજો બંદરો પર મહિનાઓ સુધી અટકી પડ્યા હતા. સામયિકો છાપી ન શકાય. અખબારો છપાયા પણ તેમાંય બહુ મુશ્કેલી આવી. પરંતુ વધુ મોટી મુશ્કેલી એ થઈ કે કાગળનો ભાવ કોરોના પહેલા હતો તેનાથી દોઢ-અઢી ગણો વધી ગયો. જે કાગળ કોરોના પહેલા ૬૦૦થી ૭૦૦ ડોલરનો ટન આવતો હતો એના હવે ૧૦૦૦ ડોલર ચૂકવવા પડે છે (ન્યુઝપ્રિન્ટનો કાગળ આયાત કરવો પડે છે કેમ કે ભારતના ઉત્પાદકો ડિમાન્ડને પહોંચી વળતા નથી). કોરોના ઉપરાંત યુક્રેન-રશિયાના યુદ્ધે પણ ભાવમાં ઘટાડો થવા નથી દીધો. આપણે સોફા ઉપર બેઠા બેઠા વિશ્વકર્મા વિશ્વ વાંચતા હોઈએ ત્યારે આપણને ક્યાંથી કલ્પના પણ હોય કે પુતિન એકલા યુક્રેનને નહીં આ સામયિકને પણ નડે છે!

જગતના અનેક નામી સામયિકો-અખબારોએ કોરોનામાં પ્રિન્ટિંગ બંધ કરી દીધું અને પછી ચાલુ નથી કરી શક્યા. આર્થિક મુશ્કેલી ઉપરાંત વાચકોની ટેવ પણ બદલાવા લાગી છે. વોટ્સઅપ કે ટેલિગ્રામમાં ફ્રી પીડીએફ આવી જાય પછી શા માટે કોઈ એ સામયિક કે અખબાર ખરીદવા પૈસા ખર્ચે?

એ સંજોગોમાં સામા પાણીએ તરીકે પ્રવીણભાઈએ વિશ્વકર્મા વિશ્વને ૨૦ વર્ષ સુધી પહોંચાડ્યુ છે. એ માટે તેમને અભિનંદન આપીએ એટલા ઓછા છે.

કલા, કૌશલ્ય અને કારીગરી સાથે કોમર્સ ન ભળે તો આવુ સામયિક ચાલી ન શકે.

# સમાજના વિકાસમાં અને હિતમાં 'વિશ્વકર્મા વિશ્વ'ના તંત્રી લેખો અને સમાચારોનું બહુમુલ્ય યોગદાન



નટવર આહલપરા

**આદરીય વડીલ માતાઓ, ભાઈઓ, યુવાન ભાઈ-બહેનો અને મિત્રો મારો આ અભ્યાસ લેખ શાંતિથી સમય લઈ વાંચજો. લેખ વાંચ્યા પછી આપ સૌ જરૂર ગૌરવની અનુભૂતિ કરશો તે અંગે મને પૂર્ણ વિશ્વાસ છે. આપને એમ પણ થશે કે, ના હજી આપણા સમાજના વિકાસ અને હિત માટે હજી કોઈ જાગે છે.**




વર્ષ ૨૦૦૨ થી ૨૦૨૨ સુધીમાં એટલે કે ૨૦ વર્ષ સુધીમાં સમાજના વિકાસમાં અને હિતમાં 'વિશ્વકર્મા વિશ્વ'નો અને તંત્રીશ્રી પ્રવીણભાઈ ગજ્જરના તંત્રી લેખો અને સમાચારોનું બહુમુલ્ય યોગદાન રહ્યું છે અને રહેશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

આદરીય વડીલ માતાઓ, ભાઈઓ, યુવાન ભાઈ–બહેનો અને મિત્રો મારો આ અભ્યાસ લેખ શાંતિથી સમય લઈ વાંચજો. લેખ વાંચ્યા પછી આપ સૌ જરૂર ગૌરવની અનુભૂતિ કરશો તે અંગે મને પૂર્ણ વિશ્વાસ છે. આપને એમ પણ થશે કે, ના હજી આપણા સમાજના વિકાસ અને હિત માટે હજી કોઈ જાગે છે.

મેં 'વિશ્વકર્મા વિશ્વ'ના બધાં અંકો ફરીથી ધ્યાનથી વાંચ્યા પછી આ અભ્યાસલેખ લખું છું. વિશ્વકર્મા જયંતી, દિવાળી અને શૈક્ષણિક વિશેષાંક ઉપરાંત રેગ્યુલર અંકોના તંત્રી લેખો અને અંકના સમાચારો, અહેવાલો, વિભાગોને જોયાં,જાણ્યાં, માણ્યાં અને વાંચ્યા છે.

હવે તટસ્થ રીતે તંત્રીશ્રી પ્રવીણભાઈ ગજ્જર વિશે સૌપ્રથમ પ્રાથમિક ભૂમિકા રજુ કરી લઉં. તેઓને ૨૧ વર્ષ પહેલા રાજકોટ સાંધ્ય દૈનિકનું નાયબ તંત્રી પદ મળતું હતું કારણ તેઓને પત્રકાર તરીકેનો અનુભવ હતો ઉપરાંત ૧૫ વર્ષ પહેલા એક માતબર અખબારની સુરત આવૃતિ માટે ૫૦ હજારની નોકરીની ઓફર ન સ્વીકારી પણ વિશ્વકર્મા પ્રભુજીની સેવા, સમાજની સેવા અને સકારાત્મક

પત્રકારત્વના ગુણોનો લાભ સમાજને આપવો અને દાદાએ આ ગુણને તેમનામાં ઉજાગર કર્યો.

સમાજને સારું પારિવારિક મેગેઝીન આપવું એવી સદ્‌ભાવનાથી દિલ્હીના રજીસ્ટ્રાર ઓફ ન્યુઝ પેપર ઓફ ઈન્ડિયા દ્વારા 'વિશ્વકર્મા વિશ્વ'ને આર.એન.આઇ.નું લાઇસન્સ મળ્યું હતું.

ખરાં અર્થમાં કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું 'વિશ્વકર્મા વિશ્વ' + ઇ મેગેઝીન–રેડવેર, મેગઝેટર દ્વારા વિશ્વમાં બે લાખ વાંચકો વાંચે છે. ખરેખર તંત્રીની મહેનત, વાચક, વિજ્ઞાનપનદાતા, વિવિધ સંસ્થાઓનો લગાવ આજે બરાબર દેખાઇ રહયો છે. અને પ્રોડકશન પણ ખુબ સારું થાય છે.

તા. ૦૧–૦૨–૨૦૦૪ના વિશ્વકર્મા પરિવારના મુખપત્ર 'વિશ્વકર્મા વિશ્વ'નું વિમોચન પૂ. મોરારીબાપુએ કર્યું હતું અને આશીર્વચન આપતા લખ્યું હતું કે, 'વિશ્વકર્મા વિશ્વ' દ્વારા સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ એક બનશે. વિમોચન સમયે અનિલભાઇ ખંભાયતા અને નીતિનભાઇ વડગામા પણ ઉપસ્થિત રહયા હતા. પૂ. બાપુના આશીર્વચન જાણ કે આજે સત્ય પુરવાર થયાની પ્રતીતિ થઇ રહી છે.




તંત્રી લેખની રૂપરેખા પ્રસ્તુત છે. કેટલાકઅંશો આ રહ્યાં.,

(૧) વિશ્વભરમાં રાજકોટ એક અનોખું ગૌરવ પ્રાપ્ત કરશે. વિશ્વનું દ્વિતીય સુવર્ણ મંદિર બનશે.

(૨) ગાંધીનગરમાં વિશ્વકર્મા સમાજનું સ્નેહમિલન

(૩) ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટનું વિશ્વમાં પ્રથમ વિશ્વકર્માનું સુવર્ણ મંદિર બનશે.

(૪) રથયાત્રા અને પદયાત્રા, સાઇકલયાત્રા સમાજમાં જાગૃતિ અને સંગઠનની તાકાત ઉભી કરશે.

(૫) મિસ્ત્રી ભાઇઓની આપઘાત જેવી પરિસ્થિતિ ટાળવા મજબુત સંગઠન જ ઉપાય છે.

(૬) કોરોના સાથેના સાવચેતીના પગલાનું પાલન કરીને દીપોત્સવી પર્વ ઉજવીએ.

(૭) ભકિતએ સામાજીક શકિત છે અને ભકિત દ્વારા સામાજિક શકિતનું નિર્માણ થાય છે. વિશ્વકર્મા પરિવાર માટે વિશ્વકર્મા જયંતી મહોત્સવ સૌથી મોટો ઉત્સવ છે.

(૮) સ્વમાંથી નીકળી સર્વની ભાવના કેળવીએ.

(૯) ખાસ કરીને માણસના પતનમાં અહંકાર મોટી ભૂમિકા ભજવે છે. દીવાના પ્રકાશમાં તેને ઓગાળીએ

(૧૦) ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેડિકલમાં નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧થી ઓબીસી માટે ૨૭ ટકા અનામતનો જે નિર્ણય લીધો છે તે ઐતિહાસિક છે અને આ નિર્ણયથી હવે આપણા સમાજને વધુ ડોકટરો મળશે.

(૧૧) વડાપ્રધાન મોદીએ રેડિયો પર 'મનની વાત' કાર્યક્રમમાં કહ્યું હતું કે, 'વિશ્વકર્મા સંદેશ જીવનમાં ઉતારવો તે જ સાચી વિશ્વકર્મા પુજા છે.

(૧૨) મકરસંક્રાંતિ પૂર્વે રસ્તા પરના દોરાએ રાજકોટના વિપુલભાઇ બકરાણિયાની જિંદગીની દોરી કાપી નાથી

(૧૩) સાંપ્રત સમયની સળગતી સમસ્યા – છુટાછેડા.

(૧૪) અમોએ સૌની સાથે રહીને ચાલવાનો વિનમ્ર, સરળ પ્રયત્ન કર્યો છે. આમ છતાં અમારામાં કોઇપણ જાતની ઉણપ દેખાણી હોય તો આ પ્રત્યે અમારા ધ્યાન દોરશો જેથી ઉણપ નિવારી શકાય. તન–મન–ધનથી અમને પ્રોત્સાહિત કરનાર સૌ પ્રત્યે અમે ઋણ સ્વીકાર કરીએ છીએ.

(૧૫) 'વિશ્વકર્મા વિશ્વ'ના માધ્યમથી સમાજના કલા, કારીગરી, કૌશલ્ય, સાંસ્કૃતિક, ઔદ્યોગિક, સામાજીક, શૈક્ષણિક જાગૃતિ અને વિકાસ માટેનું એક આંદોલન બની રહ્યું છે.

સમાચારોની ટુંકી રૂપરેખા

(૧) ઉદ્યોગ શ્રેષ્ઠીના ટુંકા પરિચય તેમજ તેઓને પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ.

(૨) શિક્ષણ, કલા, સાહિત્ય, રમત–ગમત, વિજ્ઞાન ટેકનોલોજીની વિગતો. વ્રજ મિસ્ત્રીના કાર્ટુન.

(૩) ઘરના મોભીનું, યુવાનપુત્રનું અવસાન થયું હોય ત્યારે પડખે ઉભા રહી આશ્વાસન.

(૪) કવિઓ, લેખકોની કૃતિઓનું પ્રકાશન, પ્રોત્સાહન

(૫) બાળવિભાગ, ટૂંકી વાર્તા સ્પર્ધા, કેલેન્ડર પ્રકાશન

(૭) શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ, રાજકોટ દ્વારા આયોજીત પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા, શતાબ્દિ, વિશ્વકર્મા જયંતી સમૂહલગ્નોત્સવ, રકતદાન કેમ્પ, ક્રિકેટ મેચ, અર્વાચીન તેમજ પ્રાચીન રાસોત્સવ વ.

(૮) અંબાજી ૫૧ શકિતપીઠ નિર્માણનો યોગ્ય અને પ્રાસાદિક અહેવાલ. (અનુસંધાન પાના નં. ૧૯ પર)



# વિશ્વકર્મા વિશ્વના દ્વિદશાબ્દી વર્ષ તથા વિશ્વકર્મા જયંતી નિમિત્તે હાર્દિક શુભકામનાઓ...

ટ્રસ્ટ રજી. નં. એ/૩૦૨૩ તા. ૨૪-૮-૨૦૦૭

## શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ-રાજકોટ

બાલાજી ઇન્ડ. પાર્ક, શેરી નં. ૨, લેઉવા પટેલ કન્યા છાત્રાલય પાછળ,
જકાતનાકા પાસેનો રોડ, ગોંડલ રોડ, રાજકોટ-૪.


### : ટ્રસ્ટી મંડળ :

શ્રી અરવિંદભાઇ રતીભાઇ સોંડાગર - અધ્યક્ષશ્રી • શ્રી મથુરભાઇ રણછોડભાઇ પાટણવાડીયા - ઉપાધ્યક્ષશ્રી
શ્રી જગદીશભાઇ મોહનભાઇ સોંડાગર - ટ્રસ્ટીશ્રી • શ્રી અરવિંદભાઇ રામજીભાઇ ગંગાજળીયા - ટ્રસ્ટીશ્રી
શ્રી રસીકભાઇ ધનજીભાઇ વાઘસણા - ટ્રસ્ટીશ્રી • શ્રી રમેશભાઇ ત્રિભોવનભાઇ ગંગાજળીયા - ટ્રસ્ટીશ્રી
શ્રી મહેન્દ્રભાઇ બચુભાઇ ઝીંઝુવાડીયા - ટ્રસ્ટીશ્રી • શ્રી ગોરધનભાઇ પ્રભુદાસભાઇ ચાંપાનેરા - ટ્રસ્ટીશ્રી
શ્રી કિશોરભાઇ બાબુભાઇ બકરાણિયા - ટ્રસ્ટીશ્રી

### કાર્યવાહક કમીટી

શ્રી રમણીકભાઇ રણછોડભાઇ પાટણવાડીયા - પ્રમુખશ્રી • શ્રી ભરતભાઇ મનુભાઇ ઉછડીયા - ઉપપ્રમુખશ્રી
શ્રી શૈલેષભાઇ કાળુભાઇ માંડવીયા - મંત્રીશ્રી • શ્રી વિમલભાઇ કીરીટભાઇ સોંડાગર - ખજાનચીશ્રી
શ્રી ઇશ્વરભાઇ ખીમજીભાઇ પંચાસરા - કારોબારી સભ્યશ્રી • શ્રી સુરેશભાઇ બાવનજીભાઇ સોંડાગર - કારોબારી સભ્યશ્રી
શ્રી પ્રફુલભાઇ ગોવિંદભાઇ કળસારા - કારોબારી સભ્યશ્રી • શ્રી રમેશભાઇ ભીખુભાઇ સોનીગરા - કારોબારી સભ્યશ્રી
શ્રી વિનોદભાઇ નાગજીભાઇ ધોરૈયા - કારોબારી સભ્યશ્રી • શ્રી અશોકભાઇ કાંતીભાઇ સોનીગરા - કારોબારી સભ્યશ્રી
શ્રી જીતેન્દ્રભાઇ બાબુભાઇ ધોરૈયા - કારોબારી સભ્યશ્રી • શ્રી ગોપાલભાઇ નાનાલાલભાઇ ખંભાયતા - કારોબારી સભ્યશ્રી



Block No. 177, Sardarnagar Society,
Veraval Road, Kodinar - 362720
Dist. : Gir Somnath Gujarat
Mo.No. +91 97277 00194
E-mail : Devay-Engineers@outlook.com

**DEVAY ENGINEERS**
SPECIALIST IN CEMENT AND CHEMICAL PLANT ENGINEERING SERVICES

GST No – 24AALFD4831B1ZV PAN : AALFD4831B

Mr. Jayendra M. Barad
Mo – 97277 00194

Mr. Hiren A. Gajjar
Mo – 97274 00576

- Specialist In Major Kiln Repair & Maintenance, Brick Lining, Commissioning, Erection, System Retrofit, Fabrication & Machining
- Service Provider To Major Cement & Chemical Plants Across India

વિશ્વકર્મા વિશ્વના ૨૦માં વર્ષમાં મંગલપ્રવેશ નિમિત્તે
**હાર્દિક શુભેચ્છા...**

**Jigneshbhai Vadgama**
(Tech. Head)
Mo. 97277 00192

**Jitesh Vagdama**
Mo. 97277 00191

**Gajjar Engineering Pvt. Ltd.**

: SPECIALIST IN :
ALL KIND OF FABRICATION, ERECTION,MACHINING,
MAJOR REPAIRING, & MAINTENANCE WORKS

Office : 2, Samrat Ind. Area, Nr. Kaneria Oil Industries,
Rajkot. E-mail : gepl6075@gmail.com

## વિશ્વકર્મા જયંતીની સૌને હાર્દિક શુભેચ્છા...



**Jagubhai Bharadia**
Managing Director
Mob.: 98250 74693

**Ankit J. Bharadia**
M.Tech. In UK
Director (Technical)
Mob.: 93289 99942

SINCE 1981

# SIFCO ENGINEERING PVT. LTD.

- Specialist in major kiln repair/maintenance, brick lining, commissioning, erection, system retrofit, fabrication & machining
- Service provider to major cement & chemical plants across North-West-Central India & Overseas (Africa & UAE)

SiFCO sealing solutions

## SIFCO ENTERPRISE

- Authorised Distributors of DICHTA Switzerland made oil seals

DICHTA®

**Corporate Office :** 16,17 & 32 Ankur Comm. Centre, Opp. Swaminarayan Gurukul, Gondal Road, Rajkot-360 002.Tele. : (O) 0281-2381464 E-mail : sif567@yahoo.com

**ISO 14001:2004, OHSAS 18001:2007 and ISO/TS 16949:2009 Certified**

### Branch Office

| | | | |
|---|---|---|---|
| Porbander | Kodinar (Ambuja) | Beawer (Raj.) | Dubai (UAE) |
| Jafrabad | Raipur (M.P.) | Pune (MH.) | Nairobi-Kenya (Africa) |

# ELGON CEMENT LTD.

BRAND **Hi-Bond** CEMENT

**Manufacturers And Supplier Of 43/53 OPC & PPC Grade Cement**

Factory Add. : UASIN GISHU ELDORET
At. Turbo East / Leseru Block 7 (Leseru)/581
P.O. Box 8589,Eldoret-30100 - Kenya. (Africa)
Mob.: +254-797 260991,
E-mail: info@epilkenya.com

Corporate Office : 10, Mogotyo Road,
P.O. Box 43414-00100 Nairobi - Kenya.(Africa)
P.O. Box 8589,Eldoret-30100 - Kenya.(Africa)
E-mail: info@epilkenya.com



Hiteshbhai Pitroda
pitroda138@gmail.com

CNC PLASMA CUTTING
CNC OXY-FUEL CUTTING

## VISHWAKARMA
### Profile Cutting

ડ્રોઇંગ મુજબ સી. એન. સી. માં કટીંગ કરી આપશું

15-Atika Ind. Area, Opp. Dhobisamaj Ni Wadi,
Rajkot-360002(Gujarat)
Mo. 98254 45264, 99241 55552
E-mil : vishwakarma.cutting@gmail.com



જય શ્રી કૃષ્ણ



Mo. 98254 45264
Mo. 94281 58782

Banding & Strait Work For Pipe, Pata, Square, Round, Also Work in Metal Gurder & Convair Varam Also Cutting in Square of Round Sape, Also ms/ss Cutting

## VISHWARMA
### Banding House

"Vishwakahma Krupa" Pipaliy Hall Main Road,
Damiji Mapa Plot, Nr. Samarpan School, Rajkot



## વિશ્વકર્મા જયંતીની હાર્દિક શુભકામના...

Hitesh Vishrolia
M: +91 9898078111

## HI-TECH METAL INDUSTRIES

Plot No : 3076, GIDC - III
Jamnagar - 361004.
E-mail : hitechmetal@gmail.com

NIRAV R. JADWANI
+91-9427667471

## GEMCERA
SANITARYWARE

### GEM SANITARYWARE

Manu. and Exporter of Fine sanitaryware
Chotila Road Nr. IOC Pump,
Thangdh 363 530
Gujarat ( India )
export@gemcera. com
www ,gemcera. com

Mitesh N. Jadwani

Reliance™
SANITARYWARES

## JAY
REFRACTORIES

### MANU. OF SANITARYWARES

- CHOTILA ROAD,
  THANGHDD 363 530
  GUJARAT-INDIA
- Phone : (02751) 220171/220 271
  Fax : +91-2751/220271
  Mobile : 98242 19371
  E-mail : jayref@gmail.com
  jaycera_ad1@sancharnet.in
  Web : www.ceramicasindia.com

(૯) શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ, ગજ્જર સર્વિસ ગૃપ, સખીવૃંદ, બ્લડગૃપ વ.ના અહેવાલ.

(૧૦) સમયે શ્રદ્ધાંજલિ પાઠવાય છે. પછી વિશિષ્ટ હોય કે નાના માણસ.

(૧૧) હેન્ડીક્રાફટસ કરનાર તેમજ એરલાઇન્સમાં સિક્યુરીટી એકઝક્યુટીવ, અન્યરમત, સિદ્ધિઓ મેળવતી બહેનોને બિરદાવાય છે.

(૧૨) કાષ્ટ, મેટલ, કેનવાસ, ચિત્ર વ. ક્ષેત્રોના કલાકાર– કસબીઓને અને કલાકૃતિનું પ્રકાશન ઉપરાંત અભિનંદન અપાય છે.

(૧૩) રાંદલ ઉત્સવ, વિશ્વકર્મા કથા વ.ના સમાચાર આદર સાથે રજુ થાય છે.

(૧૪) નાના કારખાનેદાર હોય કે પછી હિમાલયમાં ત્રિરંગો લહેરાવ્યાનું ગૌરવપૂર્ણ સ્વાગત–સન્માન શબ્દ દ્વારા થાય છે.

(૧૫) સંખેડા ફર્નીચર, જયોતિષ, સોલારથી ચાલતી મીની બસના સમાચાર સમયાંતરે પ્રસિદ્ધ થાય છે. ઇન્ટીરીયર ડીઝાઇનર, કમ્પ્યુટર્સ ક્ષેત્ર, જ્ઞાતિની સ્કુલ, કોલેજના સમાચારો તો હોય જ છે.

(૧૬) જુદા જુદા એકસ્પો, પ્રવાસ, જ્ઞાતિની ગુજરાત, મુંબઇની સંસ્થાઓનુ ચૂંટણી રીપોર્ટીંગ પણ સમયે સમયે મુકાય છે.




(૧૭) સ્વાતંત્ર્ય સેનાની માતાના અવસાને દીકરીઓ માતાને કાંધ આપે, અગ્નિસંસ્કાર કરે તેવી ઘટનાના અહેવાલ હોય છે.

(૧૮) પરદેશમાં થતાં ધાર્મિક ઉત્સવો, સ્નેહમિલન, ઔદ્યોગિક વિકાસના સમાચારોથી આપણે જોડાયેલા રહીએ છીએ.

(૧૯) પૂર્વ અને વર્તમાન મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિ હોય તેવા કાર્યક્રમોના અહેવાલ

(૨૦) વિશ્વકર્મા મંદિર, રાજકોટ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, વિશ્વકર્મા, ભાગવત, દેવી ભાગવત કથાઓ તેમજ અન્ય ધાર્મિક ઉત્સવોનું સમયે સમયે આલેખન થયું છે અને હાલ પણ થાય છે.

(૨૧) ગોંડલ, કેશોદ, ધોરાજી, ઉપલેટા, જુનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, જામખંભાળીયા, દ્વારકા, અમદાવાદ, સુરત, વડોદરા, વલ્લભવિદ્યાનગર, આણંદ, કડી, રંઘોળા, ભાવનગર, બોટાદ, મોરબી, ગઢડા વ. ગામેગામના સમાચારો ફોટા સાથે રજુ થાય છે.

(૨૨) ગુર્જર સુતાર જ્ઞાતિ મંદિરોના રજત સુવર્ણ અમૃત અને શતાબ્દી મહોત્સવના અહેવાલો આખું વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(૨૩) જ્ઞાતિના વસ્તીપત્રકો, પરિચય ગ્રંથોના વિમોચન કાર્યક્રમના અહેવાલો પ્રકાશિત થાય છે.

(૨૪) વૈજ્ઞાનિક શિવજીભાઇ દુધૈયાની સીરીઝ ‘મારું જીવન–સુતારથી સાયન્ટીસ્ટ સુધીની સફર’ પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

(૨૫) ગુજરાતની સંસ્થઓ દ્વારા આયોજીત વિદ્યાર્થી, દાતાના સત્કાર સમારંભ, કસુંબલ ડાયરા, સંગીત સંધ્યાના અહેવાલોથી સૌને પ્રોત્સાહન મળે છે.

(૨૬) શકય તેટલા જળકમળ વૃત રહી ઉત્તમ પ્રોડકશન, સારા કાગળ, કલર ટાઇટલ, સરસ લે–આઉટ, સારું કન્ટેન, મેટર વ. નું તંત્રીએ ખુબ જ ધ્યાન રાખવું પડે છે. ઉપરાંત સમાચાર મળ્યે તેનું ટાઇપકામ, ફોટા વે. ગોઠવવાની પણ કળા છે.

(૨૭) રાજકોટ, સૌરાષ્ટ્ર અને પરદેશમાં ખુબ જ ઓનલાઇન વંચાતા સાંધ્ય દૈનિક ‘અકિલા’ના તંત્રીશ્રી કિરીટભાઇ ગણાત્રાએ ‘વિશ્વકર્મા વિશ્વ’ની ૨૦ વર્ષની સફરને બિરદાવતા કહ્યું હતું કે, ‘આજે મેગેઝિનની દુનિયામાં ખુબ જ કટોકટી પ્રર્વતી રહી છે અને કેટલાય મેગેજિન બંધ થઇ ગયા છે.

(૨૮) જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા શ્રમકાર્ડ, આયુષ્યમાન કાર્ડ, મા અમૃતમ કાર્ડ, ક્રિમીલેઅર સર્ટિફીકેટ માટે જ્ઞાતિ સંસ્થાના દાખલા અંગેના સમાચાર છપાય છે.

મારા વ્હાલા વડીલો, ભાઇ–બહેનો, યુવાનો ‘વિશ્વકર્મા વિશ્વ’ આપણો અરીસો છે. મે ‘વિશ્વકર્મા વિશ્વ’ આપણી પ્રગતિ, તંદુરસ્તી, એકતા, સંગઠન માટે સતત આપણી પડખે હોય તો આપી પણ ફરજ છે કે લવાજમ, જાહેરાત આપી ‘વિશ્વકર્મા વિશ્વ’ને વધુ સમૃદ્ધ બનાવીએ. વિશ્વકર્મા વિશ્વને ખુબ ખુબ અભિનંદન, શુભેચ્છાઓ...

**- ‘શ્રી પવનતનય’ ૧૦૧, એસ્ટર ફલેટસ, શ્યામલ સ્કાય લાઇફ એપા. સામે, આર્યલેન્ડની નજીક, સ્પીડવેલ પાર્ટી પ્લોટની પાછળ, અંબિકા ટાઉનશીપ, મવડી એરીયા, નાના મવા રોડ, રાજકોટ.**
**મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨**


વિશ્વકર્મા જયંતી
વિશેષાંક-૨૦૨૩

# કપરુ કામ – વિશ્વકર્મા વિશ્વનું સર્જન – સંચાલન



**ડી.જે. બાવળેચા**

**આ સત્ય હકિકત-વાસ્તવિકતાઓની વચ્ચે વિશ્વકર્મા વિશ્વને વીસ વીસ ચલાવવું સહેલું નથી. સમાજમાં જશ આપવારા થોડા છે અપજશ આપનારા અનેક છે અને તેના વચ્ચે વિશ્વકર્મા વિશ્વના તંત્રીએ સફળતાપૂર્વક સંચાલન કર્યું છે. અઘરુ અને અશકય કાર્ય કર્યું છે તે બદલ તેઓને કેટલો અપયશ મળ્યો તેની ખબર માત્ર પ્રવીણ ગજ્જરને જ હોય તે સાહજીક હોય.**




જે કોઇ વિચારને આચરમાં ફેરવી શકે. વાણી જો વર્તન અને વ્યવહારને પરિવર્તિત કરી શકે તો કામ કરનારને રામ અને આરામ મળે છે ઘણું મોટું કામ થઇ જાય છે. નાના–મોટા કામ થઇ જાય છે કારણ કે શબ્દો સમાજમાં મોટું કામ કરી જાય છે ક્રાંતિ સર્જે છે. સહેલુ લાગતુ કામ અઘરુ બની જાય અને અઘરું કામ ચપટી વગાડતા વગાડતા બગાસુ ખાતા ખાતા થઇ જાય છે.

કોઇ અઠવાડિક, પાક્ષિક કે માસિકનું સંચાલન કરવું આસાન નથી. કહેવાય કે કોઇ સામયિકને ચલાવવું એક કામ છે પણ એ કામ કરતાં કરતાં કેવા કામ કરવા પડે છે.

જેવા કે, – તંત્રી લેખ લખવા – લવાજમ ઉઘરાવવું – જાહેર ખબર મેળવવી. – લેખકોને પુરસ્કાર આપવા. – લેખકો–વાચકોના વિચારનું ચણતર ઘડતર કરવું નવી પેઢીનું ઘડતર કરવૂં.

– પ્રસંગોના સમાચાર લખવા તે માટે સતત જાગૃત રહી માહિતી મેળવી.

– સામાજીક સંસ્થાઓ અને સામાજીક કાર્યકરોના કે આગેવાનાના સંપર્કમાં રહી સત્ય શોધવ્રુ સત્ય અમી જેવું હોય કે ઝેર જેવું હોય શંકરની જેમ ઝેર પીવું અમૃત બાંટવું.

– સમાજની વાસ્તવિકતામાં વાસ્તવિકતાઓ દુધ–પાણી ભેગા થઇ ગયા હોય તેમાંથી હંસની જેમ પાણી ન પીવું પણ દુધ–પીવું અને પાવું. આમાંનું કોઇ એક કામ પણ સહેલું નથી અને તંત્રીએ આ બધા કામ કરવાના... કામ કરતા થાકી જવા કંટાળી આળસી જવાય અને સામયિક બંધ થઇ જાય.

આ સત્ય હકિકત–વાસ્તવિકતાઓની વચ્ચે વિશ્વકર્મા વિશ્વને વીસ વીસ વર્ષ ચલાવવું સહેલું નથી. સમાજમાં જશ આપવારા થોડા છે અપજશ આપનારા અનેક છે અને તેના વચ્ચે વિશ્વકર્મા વિશ્વના તંત્રીએ સફળતાપૂર્વક સંચાલન કર્યું છે. અઘરુ અને અશકય કાર્ય કર્યું છે તે બદલ તેઓને કેટલો અપયશ મળ્યો તેની ખબર માત્ર પ્રવીણ ગજ્જરને જ હોય તે સાહજીક હોય. કેટલી મુશ્કેલી પડી તેનો ખ્યાલ પ્રવીણ ગજ્જર સિવાય કોઇને ન હોય. ખરેખર પ્રવીણ ગજ્જર ધન્યવાદના અધિકારી છે. તેના કોઇની નજરે જોયેલા સો ગુના માફ કરવાને લાયક છે.

તે જ તો રાજકોટના એક સાંજના અખબારે પ્રવીણ ગજ્જરને પુછેલ તમે વિશ્વકર્મા વિશ્વને ૨૦ વર્ષ ચલાવ્યું ? તેના આશ્ચર્યનો પડઘો તેમાં પડે છે.

કયારેક ખાધુ હોય કયારેક ન ખાધું હોય.. સવાર–બપોર–સાંજ કે રાત્રે તેઓ સતત કામ કરવા દોડતા રહયાં છે. ગ્રાહકોના લવાજમ પર, જાહેરખબર પર છાપુ ચલાવવું એટલે બેભાન કરનારી 'કલોરોફોર્મ' દવા પીને બેભાન થયા વગર જીવવું આ કામ કરવું છે ? મુશ્કેલ છે અશકય છે.


વૃક્ષને ન જોવું અને માત્ર પક્ષીની આંખને વીંધવી એક કામ અઘરું છે પણ આકાશ જેવા સમાજને જોવો, ઉડતા પંખીને ઓળખવું તેના કલવરને સાંભળવો તેના કોલાહલને સમજવો અને જીવનના સો સો રંગોને ઓળખવા અને સમાજમાં પાક્ષિક માસિકનું સંચાલન કરવું ઘણું મુશ્કેલ છે.

તે કામ કોઇ વિરલ વ્યકિત જ કરી શકે.

પ્રવીણ ગજ્જર વિચક્ષણ–વિલક્ષણ કાર્ય કરી શકયા છે તે માટે તેનો જશ–અપજશ પણ મળ્યા છે જે તેઓ પચાવી શકયા છે તેઓ આપણી જ્ઞાતિના વિકાસમાં પ્રશ્નોને સમજવામાં સફળ થયા છે.

તેઓના કાર્યનું મુલ્યાંકન કરવાની મારી શકિત ઓછી છે. તે કોઇ સંશોધક કે પી.એચ.ડી.નો વિદ્યાર્થી જ કરી શકે.

# વિશ્વકર્મા વિશ્વએ અનેક પ્રતિભાશાળી વ્યકિતઓની પ્રતિભાની ઝાંખી કરાવી છે



**દિનેશ ગજ્જર**
**(સુરેન્દ્રનગર)**

**પ્રવર્તમાન સમયમાં સોશ્યલ મીડિયાનો ક્રેઝ છે ત્યારે પ્રિન્ટ મેગેઝીન ચલાવું ખુબ જ કપરું છે એવા સમયમાં આ મેગેઝીન ૨૦ વર્ષથી નિયમિત પ્રકાશિત થાય છે તે બાબત પ્રસંશનીય છે. આ મેગેઝીને છેલ્લા વીસ વર્ષમાં વિશ્વકર્મા વંશજ હોય તેવા ૬૦-૭૦ જેટલા નવોદિત લેખકોને સ્થાન આપ્યું છે.**



ગુજરાતના રાજકોટ શહેરમાંથી પ્રકાશિત થતું એક મેગેઝીન 'વિશ્વકર્મા વિશ્વ'એ સમગ્ર વિશ્વનાં વિશ્વકર્મા વંશજો સુધી પ્રિન્ટ મીડિયા અને સોશ્યલ મીડિયાના મારફતે પહોંચે છે અને વંચાય છે. વિશ્વકર્મા વંશજોના ગુજરાતી ભાષાના મેગેઝીનોમાં વિશ્વકર્મા વિશ્વ અગ્રેસર છે. વર્ષ ૨૦૨૩ની વિશ્વકર્મા જયંતીના અવસરે વિશ્વકર્મા વિશ્વ મેગેઝીન ૧૯ વર્ષ પૂર્ણ કરી ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે ત્યારે હું આ મેગેઝીનનાં તંત્રી શ્રી પ્રવીણભાઈ ગજ્જર તથા તેની સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવું છું. પ્રવર્તમાન સમયમાં સોશ્યલ મીડિયાનો ક્રેઝ છે ત્યારે પ્રિન્ટ મેગેઝીન ચલાવું ખુબ જ કપરું છે એવા સમયમાં આ મેગેઝીન ૨૦ વર્ષથી નિયમિત પ્રકાશિત થાય છે તે બાબત પ્રસંશનીય છે. આ મેગેઝીને છેલ્લા વીસ વર્ષમાં વિશ્વકર્મા વંશજ હોય તેવા ૬૦–૭૦ જેટલા નવોદિત લેખકોને સ્થાન આપ્યું છે. સમાજના ઉત્સવને મહોત્સવની માફક પ્રકાશિત કર્યા છે. સમાજના અનેક પ્રતિભાશાળી વ્યકિતઓના જીવન–કવનને રજુ કરીને સમાજને તેમની પ્રતિભાની ઝાંખી કરાવી છે. આ મેગેઝીન દ્વારા માસિક મેગેઝીન ચલાવવાની સાથોસાથ વર્ષોવર્ષ વાર્તાસ્પર્ધા, રંગોળી સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધા જેવી અનેકવિધ સ્પર્ધાઓ યોજાય છે જેના મારફતે ગુજરાતભરના શ્રેષ્ઠ વાર્તાકારો અને શ્રેષ્ઠ ચિત્રકારોનો પરિચય સમાજને થયો છે. આવી સ્પર્ધાઓનું આયોજન કરનાર આ એકમાત્ર મેગેઝીન છે. કોઈપણ વ્યવસાય કે સમાજસેવા એવી નથી કે જેમાં વિવાદો અને સંઘર્ષો હોય જ નહીં, પરંતુ આ તમામ પરિસ્થિતિઓમાંથી પસાર થઈને તમે જયારે ટકી શકો છો અને લાંબો સમય પસાર કરી શકો છો ત્યારે એ લાંબો સમય જ આપોઆપ એક સિદ્ધિ હોય છે. આવી બે દાયકાની મુસાફરી કરીને સિદ્ધિ મેળવનાર આ મેગેઝીન આવનાર વર્ષોમાં સફળતાની શિખરે પોતાનું સ્થાન ટકાવી રાખે તેવી શુભકામનાઓ સાથે ફરીથી હું તંત્રીશ્રી એ તમામ ટીમને ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશની શુભકામનાઓ પાઠવું છું.

વિશ્વકર્મા જયંતી
વિશેષાંક-૨૦૨૩



**શાંતિલાલ ખોડદીયા,**
**અમદાવાદ**

### અભિનંદન વર્ષા

# કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા સુજાન સમાજના માહિતીસભર માસિક શ્રી વિશ્વકર્મા વિશ્વનો ૨૦માં વર્ષમાં સંપન્નતા અને સફળતા સહ મંગલ પ્રવેશ – અભિનંદન અમાપ

"Excellect examplar of resoluteness & devotion, Congratulations Glore"

"Beginning is easy continuing is hard"

પ્રારંભ સુગમ છે, સાતત્ય કઠીન છે, સાતત્ય ગુણવત્તા અને પરિવર્તન અનુકુલનતા માગે છે. દીપ પ્રગટાવી તેની જયોતને સતત, પ્રજવલ્લિત રાખવા ઇંધણ પહેલી શરત છે અને પવનના આક્રમણ સામેનું રક્ષણ આવશ્યક છે.

"" People have to go through trials & tribulations to get where they are at. Do your thing. continue to rock it--because obviously God wants you here.

શ્રી પ્રવીણભાઇ ગજ્જર(ભાડેશીયા) - Professional Photographerએ રાજકોટના ખ્યાત દૈનિકમાંથી સ્વૈક્ષિક સેવા નિવૃત્તિ લઇ સમાજને સમર્પિત થવાનો નિર્ણય લીધો અને વર્ષ ૨૦૦૪માં સમાજની વાતો, સમાજના પ્રશ્નો અને નિરાકર પીરસવાનો પ્રારંભ કર્યો અને 'વિશ્વકર્મા વિશ્વ' માસિક સમાજને અર્પણ કર્યું. આ પથના અનુભવના ખજાનાએ અને વિષય વિશાળતાએ ઘણા ટુંક સમયમાં જ આ માસિક સમાજવ્યાપી–લોકપ્રિય બની ગયું. માસિકને ચલાયમાન રાખવા શ્રી પ્રવીણભાઇ મકકમતા–દ્રઢતા અને સમય સાથેનો તાલમેલ કાબિલેદાદ છે. દેશ અને દુનિયામાં સમાજમાં બનતી ઘટનાઓ તથા થતા કાર્યક્રમોને, પ્રસિદ્ધ કરી આ માસિક ઘર ઘરનું બંધાણ થઇ ગયું છે. વધારામાં આ સુંદર માસિકમાં સમાજમાં સુસુપ્ત રહેલા લેખકોની ભંડારાયેલી, પ્રતિભાને ઉજાગર કરી અને કલમની તાકાતના દર્શન કરાવ્યા છે. વ્યવસ્થિત ઓફીસ અને કાબેલ કર્મચારીગણથી ગતિમાન આ માસિક અભ્યાસલક્ષી અને વ્યવસાયલક્ષી વિષયોને આવરી સમાજની ઉત્તમ સેવા આપવાનું પણ કાર્ય કરે છે. પત્રકારિત્વની આચારસંહિતાનું સંપૂર્ણ નિયમન થતા આ માસિકનું મુદ્રણ શ્રેષ્ઠ કક્ષાનું હોય છે. તંત્રી શ્રી પ્રવીભાઇની વ્યકિતગત, પર્યેવક્ષ અને ગુણવત્તા સાથે ન સમાધાનની ચેષ્ટાએ આ માસિક અન્ય સમાજ સામે આપણું ગૌરવ છે. કાગળની ઉતમતા માસિકને સ્વરૂપવાન બનાવે છે. પ્રુફ રીડીંગ તથા વિષય ક્રમાંક જેવી સુક્ષ્મ બાબતો પણ આ માસિકમાં અગ્રતા ક્રમ ધરાવે છે. નિષ્પક્ષતા તથા ઔચિત્યના દર્શન આ માસિકની મૂડી છે.

પરંતુ જેમ અગાઉ સંદર્ભ કરેલ છે તેમ માસિકના સ્તર, ગુણવત્તા અને નિયમિતતા જાળવવા અનેક પડકારોનો સામનો કરવો પડતો હોય છે. એમાં, આર્થિક બાબત એ મુખ્ય પરિબળ છે. આવા સુંદર અને માહિતીસભર માસિકનું સાતત્ય જળવાય તેની થોડી જવાબદારી સમાજની પણ છે. આર્થિક સમસ્યાના વિષયે સમાજે માસિક સાથે અડીખમ ઉભા રહેવુ તે સમાજ સેવા જ છે. તો વિશ્વકર્મા વિશ્વને આ મંગલ સમયે અણખૂટ અભિનંદન અને આ માસિક વધુ લોકપ્રિય, લોકભોગ્ય અને લોકવ્યાપી બને તેવી શુભકામનાઓ તથા દાદાને પ્રાર્થના...

જય શ્રી વિશ્વકર્મા

**માસિકને ચલાયમાન રાખવા શ્રી પ્રવીણભાઇ મકકમતા-દ્રઢતા અને સમય સાથેનો તાલમેલ કાબિલેદાદ છે. દેશ અને દુનિયામાં સમાજમાં બનતી ઘટનાઓ તથા થતા કાર્યક્રમોને, પ્રસિદ્ધ કરી આ માસિક ઘર ઘરનું બંધાણ થઇ ગયું છે.**

# 'જીવનની ભૂલભૂલૈયામાં નહી દેખાય - બીજાની ખૂબીઓ અને પોતાની ખામીઓ'



ડો. વિષ્ણુ પ્રજાપતિ,
કડી

**ખામીઓ કાઢવામાં આપણા સૌની હાલત પેલા ઊંટ જેવી જ છે. આપણે સૌએ ખામીઓ કાઢવામાં માસ્ટરી હાંસલ કરી લીધી છે. લોકોને ગમે તે પ્રશ્ન કરો, જેમ કે દેશની અર્થ વ્યવસ્થા, રાજકારણ, ક્રિકેટ, મોબાઈલ, શિક્ષણ, ઘર-પરિવાર, સમાજ, જુની પેઢી-નવી પેઢી ગમે તે વિષય કહો એટલે તેના મુખેથી દરેકની ખામીઓની ગંગા વહેવા લાગે.**



જિંદગીની રફતારમાં આપણને દરેકમાં કોઈને કોઈ ખૂબીઓ તો કોઈક ખામીઓ અવશ્ય દેખાતી જ હોય છે. જો કે જીવનની આપણી રીત એવી બની ગઇ છે કે બીજાની ખૂબીઓ સામે આંખ બંધ કરી દઇએ છીએ અને તેની ખામીઓ માટે ઢંઢેરો પીટવાની મજા લઇએ છીએ. આપણને કોઈકની ભૂલ કાઢવમાં અંદરથી જ કોઈક અલગ જ ખુશી થાય છે. વળી, કોઈક આપણા કરતા વધુ સ્માર્ટ, વધુ ધનવાન, વધુ પ્રતિભા સંપન્ન કે વધુ જાણકાર હોય તો તેની એક એક ભૂલ શોધવા આપણું મન કાયમ તલપાપડ થયા કરે છે.

એક ચિત્રકારે અનેક વર્ષોની તપશ્ચર્યા કરીને એક સુંદર મજાનું ચિત્ર તૈયાર કર્યુ. પોતાના સુંદર ચિત્રથી તે પોતે ઘણો ખુશ થયો અને તેને તે ચિત્રને એક પ્રદર્શનમાં મુક્યું. પ્રદર્શનમાં મુકતી વખતે તેને એક વિચાર આવ્યો કે પોતાના ચિત્રમાં કોઈ ભૂલ હોઈ શકે છે જે પોતે જાણી શકતો નથી. પોતાની ભૂલ શોધવા માટે બીજાનું મંતવ્ય લેવું જોઈએ. તે ચિત્રકારે પોતાના ચિત્ર પાસે એક નોટ અને પેન મુકી અને દરેક મુલાકાતીઓને દેખાય તેમ લખ્યું કે જો તેમને આ ચિત્રમાં કોઈ ભૂલ દેખાય તો આ નોટમાં લખવી.

પ્રદર્શન શરૂ થયું અને બે દિવસ પછી ચિત્રકાર જ્યારે પોતાના ચિત્ર પાસે આવ્યો ત્યારે તેને પેલી નોટ તપાસી. નોટ જોઈને તે ચોંકી ગયો. તે નોટમાં ઘણા લોકોએ તેના ચિત્રની અસંખ્ય ભૂલો કાઢી હતી. પોતાની અઢળક ભૂલો

વિશે લોકોની ટીપ્પણીઓથી તે હતાશ થઇ ગયો અને પોતાના ચિત્રની પાસે દુઃખી થઇને બેસી ગયો.

બરાબર આ સમયે જ એક સંત મહાત્મા આ ચિત્ર પ્રદર્શન જોવા પધાર્યા હતા અને તે આ ચિત્રકારના ચિત્રને જોઇને ઉભા રહી ગયા. ‘વાહ.. અદભૂત રંગો અને અદભૂત ચિત્રકલા..!’ તેમના મુખેથી પ્રશંસાના શબ્દો સરી પડ્યા. પેલો ચિત્રકાર તેમના શબ્દો સાંભળીને ઉભો થયો અને મહાત્માને પૂછ્યું, ‘શું તમને આ ચિત્રમાં કોઇ ભૂલો નથી દેખાતી?’ પેલા સંતે મુશ્કુરાતા ચહેરે કહ્યું, ‘નહિ તો.... ખરેખર મને તો આ ચિત્રમાં ખૂબ જ મહેનત અને તપશ્ચર્યા દેખાય છે.’

આ સાંભળી તે ચિત્રકારે પોતાની આપવીતી કહી અને પોતે લોકોના અભિપ્રાય વાંચીને ખૂબ જ દુઃખી છે તેમ પણ જણાવ્યું. આ સાંભળી મહાત્મા હસ્યા અને બોલ્યા, ‘અચ્છા તો આ વાત છે...! એક કામ કરો કે તમે હું કહું તે પ્રમાણે કરો... લોકોના અભિપ્રાય બદલાઇ જશે.’ અને મહાત્માએ તે ચિત્રકારને સૂચન કર્યું. ચિત્રકારે મહાત્માના કહ્યા પ્રમાણે તેના ચિત્ર પાસે કેટલાક રંગો અને પીંછીઓ મુકી.



ફરી બે દિવસ પછી જ્યારે ચિત્રકાર પોતાના ચિત્ર પાસે આવ્યો તો તેને એકપણ નોંધ જોવા મળી નહી અને તે ખુશ થયો. તેને પોતાની લખેલી નોંધ તરફ જોયું. ચિત્રકારે તે મહાત્માના કહ્યા પ્રમાણે લખ્યું હતુ કે, ‘આ ચિત્રમાં જો તમને કોઇ ખામી દેખાય તો અહીં સામે મુકેલા રંગો અને પીંછીથી તે ભૂલને સુધારીને આ ચિત્રને વધુ સારું બનાવી શકો છો.’

એક પણ મુલાકાતીએ તે પીંછી કે રંગોને હાથ પણ લગાડ્યો નહોતો. અને તે ચિત્રકારને મહાત્માનો ઉપદેશ યાદ આવ્યો, ‘લોકોને તો બીજાની ભૂલ શોધવાની જન્મથી જ આદત હોય છે પણજો તેને સુધારવાનું કામ તેને સોંપવામા આવે તો તે ક્યારેય કરી નહી શકે કારણ કે તે પોતાની ભૂલો જ નથી સુધારી શકતો તો બીજાની ભૂલો ક્યાંથી સુધારી શકશે ?’

હા, આ ખરેખર સત્ય છે. બીજાની ભૂલો કાઢવામાં દરેકે જન્મથી જ માસ્ટર ડિગ્રી લીધી હોય છે. પણ પોતાની ભૂલ શોધવાના બાલમંદિરના પગથિયા પણ તે ક્યારેય ચઢ્યો હોતો નથી. ખામીઓ જોઇએ તો આખા વિશ્વમાં હર એકમાં છે. કવિશ્રી દલપતરામની પેલી ઊંટની કવિતા આપણે ભણ્યાં છીએ, ઊંટ કહે આ સભામાં વાંકા અંગવાળા ભૂંડા. અને પછી ઊંટ બધા પશુ પક્ષીઓના વાંકા અંગોની ખામીઓ કાઢવાની શરૂ કરે છે. તે સમયે શિયાળ કહે છે કે બીજાના તો એક એક અંગ વાંકા છે પણ ઊંટ તારે તો શરીરમાં અઢાર અંગ વાંકા છે.

ખામીઓ કાઢવામાં આપણા સૌની હાલત પેલા ઊંટ જેવી જ છે. આપણે સૌએ ખામીઓ કાઢવામાં માસ્ટરી હાંસલ કરી લીધી છે. લોકોને ગમે તે પ્રશ્ન કરો, જેમ કે દેશની અર્થ વ્યવસ્થા, રાજકારણ, ક્રિકેટ, મોબાઇલ, શિક્ષણ, ઘર–પરિવાર, સમાજ, જુની પેઢી–નવી પેઢી ગમે તે વિષય કહો એટલે તેના મુખેથી દરેકની ખામીઓની ગંગા વહેવા લાગે. બસ હવે થોડા વર્ષોમાં બધા કંગાલ થઇ જવાના છે, દેશની અર્થવ્યવસ્થા ભાંગીને ભૂક્કો થઇ જવાની છે, આ રાજકારણ તો દેશનું નિકંદન કાઢી નાખશે, શિક્ષણની હાલત તો સાવ ભૂંડી છે, આ મોબાઇલે તો યુવાનોને અવળા રવાડે ચઢાવી દીધા છે... તેના મુખેથી લોકોની અસંખ્ય ભૂલોનો ધોધ જ વહેવા લાગે. પોતાના ઘરની અર્થ વ્યવસ્થા જ માંડ માંડ ઠેકાણે પાડી શકનારો માણસ ભલભલા અર્થશાસ્ત્રીઓને ખોટા ઠેરવી દેતો હોય છે.

ખેર... ખામીઓ કાઢવીઓ ખૂબ જ સહેલી છે... એક વ્યક્તિ એક અદભૂત કૂતરો લાવ્યો. તે કૂતરો પાણી પર ચાલી શકતો હતો. તે કૂતરાને જોવા કેટલાય લોકો આવતા હતા. તેનો પડોશમાં રહેતા પતિ–પત્નિ તે કૂતરાને જોવા આવ્યા ત્યારે તે વ્યક્તિએ તેના કૂતરાને પાણી પર ચલાવીને બતાવ્યો. આ જોઇ પેલી પત્નિ બોલી ઉઠી, ‘ઓહ.. લાગે છે કે તમારા કૂતરાને પાણીમાં તરતા નથી આવડતું એટલે પાણી પર ચાલે છે.’

અર્થાત જીવનમાં કેટલાક લોકો એવા હોય છે જે ફક્ત બીજાની ખામીઓ કાઢવા જ જન્મ્યા હોય છે. ખામીઓ કાઢવી, બીજાની ભૂલો શોધવી સહેલી છે પણ સામેનો વ્યક્તિ જે કાર્ય કરી રહ્યો હોય છે તેવું કામ કરવું અઘરું

હોય છે. આમ પણ કોઈકે સરસ કહ્યું છે કે ખોદકામ કરશો તો ખાડો થશે અને કોતરણી કરશો તો મૂર્તિ બનશે. આપણે લગભગ ખાડો જ ખોદવાની આદતોથી કેળવાયેલા છીએ. કોઇનું સારું કે કોઇના પ્રયત્નને બિરદાવવાની આદતથી આપણે છેટા જ રહીએ છીએ. પડોશી કે સગાનો દિકરો ૮૦ કે ૯૦ ટકા લાવે તો તરત જ કહી દઇએ છીએ કે બસ, આટલા જ...! અત્યારે એંસી કે નેવું ટકામાં તો ક્યાં કોઈ સારી જગ્યાએ એડમિશન જ મળે છે ? અરે કોઇ નવા કપડાં પહેરીને નીકળે તરત જ આપણે મોં મચકોડીને કહીએ છીએ કે તેને તો કપડા પહેરવાની કે પસંદ કરવાની કોઈ સેન્સ જ નથી... અરે, અત્યારે ઓનલાઇન ફિડબેક સિસ્ટમ પર પણ લોકો એક ક્ષણનો વિચાર કર્યા વિના પોતાને અનુકુળ નથી તો તે સારું નથી તેવા ફિડબેક બીજી જ ક્ષણે આપી દઇએ છીએ.



કદાચ, હવે તમને પ્રશ્ન થશે કે તો શું કોઇની ખામી કાઢવાની જ નહી ? નથી સારું તોય તેને સારું સારું જ કહ્યા કરવાનું ? જો તમે આ રીતે વિચારો છો તો પણ તે તમારી ખામી જ છે. એક વસ્તુ યાદ રાખો કે દરેક જગ્યાએ આપણા નજરીયાથી કોઇને કોઇ ખામી તો અવશ્ય દેખાશે જ...! પણ તે ખામી હકીકતમાં જો તેને નુક્શાનકર્તા હોય તો તેને ખૂબ જ શિષ્ટતાથી અને એકાંતમાં પોતાના મંતવ્યને કહેવો જોઇએ. તેની પણ રીત શીખવી જોઇએ. જુઓ દોસ્ત તમે આમ કરી રહ્યા છો તે સારું છે પણ મારા અનુભવ પ્રમાણે આમ કરશો તો વધુ સારું થઇ શકશે. જેવા સન્માનીય કે પ્રોત્સાહક શબ્દોથી તેની ખામીઓને એકદમ હળવાશથી દૂર કરી શકશો.

હવે બીજી તરફ ખૂબીની વાત જોઇએ. કોઇકમાં સારી ખૂબી છે તો તેની પ્રશંસા કરતા સહેજપણ અચકાશો નહી. જાહેરમાં તેના વખાણ કરી તેને પ્રોત્સાહિત કરો. ખૂબીઓને જોઇ શકવાની દ્રષ્ટી જેની વધુ વિકસીત હશે તેવા વ્યક્તિને કોઇની ખામીઓ ઝડપથી દેખાશે જ નહી. જો કે આપણી મોટા ભાગની જિંદગી બીજાની ખામીઓ કાઢવામાં જ પસાર થતી હોય છે અને પછીની બાકી વધેલી જિંદગી પોતાની ખૂબીઓ શોધવામાં પસાર કરીએ છીએ. કોઇની ખૂબી જોઇને તેને પ્રોત્સાહિત કરશો તો તમારી અંદર પણ એક સારા ભાવની ઉત્પતિ થશે. એક નાનું પ્રોત્સાહન કોઇકને જિંદગીમાં કંઇક નવું કરવાની શક્તિ આપે છે. ઘણી વખતે સામેની વ્યક્તિની ખૂબી ભલે નાની હોય પણ તમારું પ્રોત્સાહન તેની નાની ખૂબીને અનેકગણી વધારી દેશે. આજના મોટા કલાકાર કે મોટી હસ્તીની સફળતા પાછળ કોઇકનું પ્રોત્સાહન જવાબદાર હોય છે.

આપણા રોજિંદા જીવનમાં આપણે કેટલીક ટેવો અપનાવવા જેવી છે, જેમ કે,

કોઇકની સારી વસ્તુ કે સફળતાને બિરદાવવાની તક ઝડપવાની આદત કેળવો.

કોઇને પ્રત્યુત્તર આપો ત્યારે શબ્દો અને મોં પર હાસ્ય ફરકતું રાખો.

વાહ, ખૂબ જ સરસ, અદભૂત, આ કેવી રીતે થયું ? જેવા પ્રોત્સાહક શબ્દોને હોઠ પર જ રાખો.

કોઇની સારી વાતને જાહેરમાં પ્રશંસા કરવામાં વિલંબ ન કરો.

ભૂલો દેખાય કે ખામી નજરે ચઢે તો એકાંતમાં અને પ્રેમ પૂર્વક સમજાવો.

જીવન ભૂલોથી ભરેલું છે તે જોવાનો દ્રષ્ટીકોણ બદલી ખૂબીઓથી ખીચોચીચ ભરેલી ખુશહાલ જિંદગીને માણો.

બીજાની ભૂલો શોધવા કરતા પોતાની ખામીઓ અને પોતાની ખૂબીઓ પર વધુ ધ્યાન આપો.

ખૂબ જ સામાન્ય સ્તરના લોકોને કાયમ બીજાની ફક્ત ખામીઓ જ દેખાય છે, તે વાતવાતમાં બધાની ભૂલો કાઢતા ફરે છે. મધ્યમ કક્ષાના લોકો બીજાની ખૂબીઓમાં પણ ખામીઓ શોધે છે અને તેની સાથે પોતાની સરખામણી કર્યા કરે છે, જ્યારે ઉત્તમ કક્ષાના લોકો ફક્ત પોતાની ખૂબીઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે. તેઓ ક્યારેય બીજાની ખામી શોધવામાં પોતાનો સમય વ્યતિત કરતા જ નથી.

ખરેખર તો પોતાની ખૂબીઓ પાછળ એટલા વ્યસ્ત રહો કે બીજાની ખામીઓ જોવાનો સમય જ ના મળે.

# ખુશીઓના આશીર્વાદ



જ્યોતિ ગજ્જર
વડોદરા

**બંને દિકરાઓની સફળતા જોઈને હરખ તો થતો, પણ એમનાથી દુર રહેવાના દુઃખમાં જયશ્રીબેન ધીમે ધીમે ડીપ્રેશનનો શિકાર બની રહ્યા હતા. અરવિંદભાઈએ આજે ડોક્ટરની સલાહ મુજબ જયશ્રીબેનને ખુશ રાખવા કંઈપણ કરવાનું મનોમન વિચારી લીધું.**



જયશ્રીબેનનુ ચેકઅપ પતાવીને ડોક્ટર નિશાએ પ્રિસ્ક્રિપ્શન લખતા લખતા અરવિંદભાઈ ને કહ્યું ‘‘એમને દવા કરતાં પણ વધુ ખુશ રાખવાની જરૂર છે. હાઈ બ્લડપ્રેશર તો છે જ પણ હવે એ ડીપ્રેશનનો શિકાર બનતાં જાય છે. તમે એમને માટે કોઈ સારા સાઈક્યાટ્રીસ્ટને કન્સલ્ટ કરો.‘‘

‘‘હા જરૂર’’ કહીને અરવિંદભાઈ મનોમન બોલ્યા ‘‘એના દુઃખને મારાથી વધારે કોણ સમજી શકશે?’’ પણ હવે બહુ થયું દુખી થઈને જીવવા કરતાં, પ્રેક્ટિકલ બનીને સંજોગોને સ્વીકારવાનો મનોમન નિર્ધાર કરી અરવિંદભાઈ જયશ્રીબેનને લઈને ઘરે પાછા આવ્યા.

અરવિંદભાઈ અને જયશ્રીબેનના બંન્ને દિકરાઓ વિદેશમાં એમની પત્નીઓ અને બાળકો સાથે સેટ થઈ ગયા હતા.

આજથી પંદર વર્ષ પહેલા એમનો મોટો દિકરો શિવમ ઉચ્ચ શિક્ષણ માટે કેનેડા ગયો હતો અને એના ચાર વર્ષ પછી નાનો દીકરો અભિ પણ આગળ અભ્યાસ માટે અમેરિકા ગયો હતો.

અભ્યાસ પુરો થયા પછી બંનેને ત્યાં જ જોબ પણ સારી મળી ગઈ ને પછીતો પરિવાર સાથે બંને ત્યાં જ સેટ થઈ ગયા.

બંને દિકરાઓની સફળતા જોઈને હરખ તો થતો, પણ એમનાથી દુર રહેવાના દુઃખમાં જયશ્રીબેન ધીમે ધીમે ડીપ્રેશનનો શિકાર બની રહ્યા હતા.

અરવિંદભાઈએ આજે ડોક્ટરની સલાહ મુજબ જયશ્રીબેનને ખુશ રાખવા કંઈપણ કરવાનું મનોમન વિચારી લીધું. (અનુસંધાન પાના નં. ૩૧ પર)



ESTD. FOUNDER
BLACKSMITH
TIRUPATI ®
An ISO 9001:2008 Certified Company
RATHOD MACHINE TOOLS
45 YEARS
1978 TO 2023
શ્રી વિશ્વકર્મા જયંતિ
Happy Birth Day...
૪૬ મા વર્ષમાં મંગલ પ્રવેશ
See Live Demo On YouTube
Sheet Metal Machinery, Circle Cutting Machine and Food Processing Machinery
45 YEARS EXPERIENCE IN THIS FIELD
An ISO 9001:2008 Certified Company
Quality Mark Awards Winner
RATHOD MACHINE TOOLS
Website : rathodmachinetools.in
E-mail : rathodmachinetools3@yahoo.in
RAJKOT - GUJARAT - INDIA
શીટ મેટલ
સર્કલ કટીંગ મશીન
૬૩૦૦ થી વધારે મશીન સંતુષ્ટ ગ્રાહક
એસ.એસ. એલ્યુમિનીયમ
એસ.એસ. જાળી
(Gasket Ring) Clock Manufacturer
24 Hand Model
જી.એમ.
M. 95864 89413
M. 98981 88876
સી.આર.સી. એમ.એસ.
સોલાર મેન્યુફેકચર ઉપયોગી મશીન
S.P.M. આઉટર અને ઈનર
હેવી ડયુટી
સર્કલ કટીંગ મશીન
હેન્ડ ઓપરેટેડ મોટરાઈઝડ, M.S., S.S. સ્ટીલ, પીતળ, એલ્યુમીનીયમ, કાંસુ, પ્રેસ બોર્ડ, રબ્બર શીટ, S.S. જાળી, 3'' થી ૧૫'', ૧૮'', ૨૪'', ૩૬'', ૪૮'', ૮૦'', ઓ.ડી., ૨૬ થી ૧૦ ગેજ ૦.૫૦ થી ૩ M.M. શીટ, ૫ થી ૧૦ M.M. રબ્બર શીટ
મેન્યુ ફેકચરર્સ :
રાઠોડ મશીન ટુલ્સ
'અશોક મોલ', ૨-મવડી પ્લોટ, રાજકોટ નાગરીબેંક પાસે, આનંદ પાનની શેરીમાં, ન્યુ ઓવરબ્રીજ સ્ટોપ, રાજકોટ-૪.
ફોન નં. : (ઓ) ૦૨૮૧-૨૩૬૨૪૦૧, (રે.) ૨૩૮૮૦૮૯
Website : rathodmachinetools.in
E-mail : rathodmachinetools3@yahoo.in
ISO 9001
See Live Demo On : YouTube



AEW
ALIGHT ENGINEERING WORKS
MANUFACTURER OF BRASS PARTS & M. S. PARTS AUTOMATIC MACHINERY
INDEXING SLOTTING MACHINE
SCREW SLOTTING MACHINE
SCREW CHEMPER MACHINE
Raw Type Shed No. 83/3, G.I.D.C. Shankar Tekri, Udhyognagar, Jamnagar - 361004. INDIA
Phone : +91 288 2568107
E-mail : alighteng@gmail.com
Website: www.alight.co.in
Contact Person:
Mukesh B. Gajjar +91 98251 32193
Hiren B. Gajjar +91 94272 75922
TURNING MACHINE
VIBRATOR BOWL FEEDER
TAPPING MACHINE
Design by: Ajay Sanchaniya (ajay@sanchaniya.com)




REPUTE

Repute ENGINEERING WORKS

BEHIND GLOWTECH STEEL PVT. LTD. GONDAL ROAD,(SOUTH) KOTHARIA, RAJKOT 360 004

TEL 0281- 6541077 TELE-FAX 0281 - 2368412 Website : www.repute.org




Mfg. By : **Nutech Mechatronics Private Limited**™

Corporate Office : Marg No. 1, Atika Industrial Area, Near Weldor Enterprise, Dhebar Road (South), Rajkot - 360 002. (India)

Ph.: (Telefax) 91-281-2364551 , M.: +91 98242 12384 • Web : www.allgearedlathemachine.com • e-mail : Info@allgearedlathemachine.com

www.facebook.com/allgearedlathemachine • www.youtube.com/user/allgearedlathemachin • www.linkedin.com/in/allgearedlathemachines



CRYSTAL INDUSTRIES
Nilay Gajjar 98258 47199
Amit Gajjar 94272 56659
Crystal
Quality
Springs
FACTORY : PLOT NO. 370, G.I.D.C.-II, DARED, JAMNAGAR- 361 004 Telefax : +91 - 288 - 2730196
e : crystalindjam@yahoo.com

બીજા જ દિવસે ગોવાની ફ્લાઈટની બે ટીકીટ બુક કરાવી લીધી ને જયશ્રીબેનના હાથમાં આપતા બોલ્યા, ‘‘ચાલ પેકીંગ કર, એક વીક ગોવા ફરવાનો પ્લાન છે.’’

જયશ્રીબેન ટીકીટ હાથમાં લેતા બોલ્યા, ‘‘શું તમે પણ! આ ઉંમરે ગોવા? જાત્રા કરવાની ઉંમર છે આપણી અને તમારે ગોવા જવું છે.’’

‘‘લે કર વાત, આપણી ઉંમરના લોકો ગોવા કેમ ન જઈ શકે? કહીને અરવિંદભાઈએ ઉમેર્યું ‘‘તને યાદ છે જયશ્રી, પરણીને તું સાસરે આવી ત્યારે બા બાપુજી કેટલાં ખુશ હતાં. બા બધાને કહેતી કે મારે તો જલસા છે હો, હવેથી હું તો રોજ ખાટલે થી પાટલે ને પાટલે થી ખાટલે, આખુ ઘર મારી વહુ સંભાળી લેશે ને હું તો મારા પૌત્ર પૌત્રીઓ ને રમાડીશ.

ને પછી જ્યારે મને વડોદરામાં સારી જોબ મળી ત્યારે તરતજ એ જ બા એ તને પણ પરાણે મારી જોડે મોકલતા શું કહ્યું હતું યાદ છે તને? એ સવાલ પુછીને અરવિંદભાઈએ જયશ્રીબેનની સામે જોયું.

ને ચહેરા પર એક ચમક સાથે જયશ્રીબેને કહ્યું બરાબર યાદ છે મને. બા એ કહ્યું હતું કે ‘‘જયશ્રી મનમાં જરાય ભાર રાખ્યા વગર મારા અરવિંદની જોડે તું પણ અત્યારે જ એની સાથે વડોદરા જા. તમારી સફળતા જોઈને અમને પણ શેર લોહી ચડશે.’’

એમના ત્રણેય દિકરાઓ નોકરી માટે જુદા જુદા શહેરમાં સેટ થયા બાદ, એમની પ્રગતિ જોઈને બા બાપુજી કેવા હરખાતા. કોઈ દિવસ એમના મોઢા પર દુ:ખ નથી જોયું. બા કહેતા કે સંતાનોના વિયોગના નામે રડીને હું દુ:ખી થાવ ને એમનેય દુ:ખી કરું, એના કરતાં એમની પ્રગતિ જોઈને ખુશ રહીને બધા ને ખુશ ન કરૂં? ને પછીતો બા બાપુજી આખાય ભારતમાં બધે જ ફરી આવ્યા.’’

‘‘હું તને એ જ યાદ અપાવા માંગું છું.’’ કહીને અરવિંદભાઈએ ઉમેર્યું ‘‘એ સમયે આપણે કામ ધંધાર્થે ગામડેથી વડોદરા આવ્યા હતા ને આજે આપણા છોકરાઓ એમના કામ ધંધાર્થે વિદેશમાં વસ્યા છે. પરિસ્થિતિ તો એની એજ છે. ફરક બસ એટલોજ છે આપણે વર્ષમાં બે વાર ગામડે જતાં ને એ લોકો બે વરસે એકવાર વડોદરા આવે છે.’’

ને પછી પ્રેમથી જયશ્રીબેનનો હાથ હાથમાં લઈને અરવિંદભાઈએ જયશ્રીબેનને પુછ્યું ‘‘શું આપણાથી પણ બા બાપુજીની જેમ સંતાનોની સફળતાને હસતાં હસતાં વટ્ટથી ન સ્વીકારી શકાય? દુ:ખી થઈને જીવવા કરતાં ખુશ થઈને એમને પણ ખુશીઓના આશીર્વાદ ન આપી શકાય?’’

**એમના ત્રણેય દિકરાઓ નોકરી માટે જુદા જુદા શહેરમાં સેટ થયા બાદ, એમની પ્રગતિ જોઈને બા બાપુજી કેવા હરખાતા. કોઈ દિવસ એમના મોઢા પર દુ:ખ નથી જોયું. બા કહેતા કે સંતાનોના વિયોગના નામે રડીને હું દુ:ખી થાવ ને એમનેય દુ:ખી કરું, એના કરતાં એમની પ્રગતિ જોઈને ખુશ રહીને બધા ને ખુશ ન કરૂં? ને પછીતો બા બાપુજી આખાય ભારતમાં બધે જ ફરી આવ્યા.’’**

ને થોડીવાર રહીને અરવિંદભાઈની નજરમાં નજર પરોવી ધીમેથી એમના હાથમાંથી પોતાનો હાથ ખેંચીને જયશ્રીબેન બોલ્યા ‘‘ચાલો હવે હાથ છોડો, મારે પેકિંગ કરવાનું છે ગોવા માટે સ્પેશિયલ... ને હા શિવમે કેનેડાથી મોકલેલો કેમેરો યાદ કરીને લઈ લેજો.

ગોવામાં સરસ ફોટા પણ તો પાડવાના છે ને...’’


# વિશ્વકર્મા વિશ્વ

## લવાજમ ભરવા માટે...

### મોરબી

**રાજુભાઈ કથેચા :** C/o. રાજુ વીડિયો, રુદ્ર પ્લાઝા કોમ્પ્લેક્ષ, શોપ નં. ૧૭, પહેલા માળે, શનાળા રોડ, મોરબી. મો. ૯૮૭૯૦૧૫૬૬૮

### રાજકોટ

**રમેશભાઈ વાઘસણા** - મો. ૯૮૨૪૮ ૭૪૫૩૨

### જામનગર

**હીનાબેન અઘેડા** - મો. ૭૪૦૫૬૫૧૭૦૮

### બરોડા

**ચેતનભાઈ સુથાર** - મો. ૯૫૭૪૩ ૮૪૫૯૩

**ઓનલાઈન લવાજમ ભરવા માટે...**
**Visit : www.vishwakarmavishwa.com**

# શિક્ષણ અને અધ્યાત્મ





ડો. જયંતિ
ભાડેશિયા (મોરબી)

**જ્યારે શિક્ષણમાં આધ્યાત્મિકતા હોય ત્યારે આ બધી જ વસ્તુઓ શક્ય બને છે. આધ્યાત્મિક શિક્ષણ એ શિક્ષણનો એક ભાગ હોવો જોઈએ. ભારતીય સંસ્કૃતિનું મૂલ્ય આધ્યાત્મિકતા છે. અને તે વિના શિક્ષણને શિક્ષણ કહી શકાય નહી.**

ભારતમાં શિક્ષણની બાબત આધ્યાત્મિકતા વિના અધૂરી છે. શિક્ષણ અને આધ્યાત્મિકતા  સાથે સાથે ચાલે છે.શિક્ષણ એ જીવનનો શ્રૃગાંર છે. માનવીય નબળાઈઓને રોકવા માટે શિક્ષણ એ શ્રેષ્ઠ સાધન છે. ઉદાસી અને અસાદ વચ્ચેના ભેદને સમજાવવા અને અંતઃકરણના પ્રકાશને પ્રકટાવવા માટે શિક્ષણ એ શક્તિ છે. શિક્ષણ ફક્ત નોકરી મેળવવા અથવા પૈસા કમાવા માટે નથી. જ્યારે શિક્ષણમાં આધ્યાત્મિકતા હોય ત્યારે આ બધી જ વસ્તુઓ શક્ય બને છે. આધ્યાત્મિક શિક્ષણ એ શિક્ષણનો એક ભાગ હોવો જોઈએ. ભારતીય સંસ્કૃતિનું મૂલ્ય આધ્યાત્મિકતા છે. અને તે વિના શિક્ષણને શિક્ષણ કહી શકાય નહી. પશ્ચિમી દ્રષ્ટિકોણમાં સાક્ષરતાને શિક્ષણ સાથે સમાનાર્થી માનવામાં આવે છે. ફક્ત એક શિક્ષિત વ્યક્તિને જ શિક્ષિત માનવામાં આવે છે. પરંતુ ક્યારેક સાક્ષરાઃ રાક્ષસાઃ થાય છે. When technology ,skill and intelligence increase, there are all chances that ethics and moral value decrease.

૨૦૦૧માં અમેરિકામાં આતંકવાદી હુમલો અને વિશ્વ વેપાર કેન્દ્રના ટ્વીન ટાવર ધ્વસ્ત થવા આનું ઉદાહરણ છે. આતંકવાદીઓ શિક્ષિત હતા પરંતુ માનવતા જે આધ્યાત્મિકતાથી આવે છે તેનો અભાવ હતો. સિકંદર, હિટલર અને જનરલ ડાયર જેવા ઉદાહરણો પણ આજ દર્શાવે છે કે આધ્યાત્મિકતા વિના શિક્ષણ અધૂરૂ છે. જીવનની શાળામાંથી પસાર થવું, શાંતિ, સમૃદ્ધિ પ્રાપ્ત કરવી અને એક ઉદાર પાત્ર બનવા માટે આધ્યાત્મિકતા સિવાય બીજો કોઈ

રસ્તો નથી.આમ શિક્ષણ અને આધ્યાત્મિકતા એકબીજા સાથે જોડાયેલા છે.

અધ્યાત્મનો અર્થ ફક્ત પૂજા, પાઠ અને ક્રિયાકાંડ માત્ર નથી, તે તેનો એક ભાગ અવશ્ય છે, પણ સંપૂર્ણ નથી. જીવન મૂલ્યો, જીવન દ્રષ્ટિ, જીવન ચિંતન અને જીવનમા આચરણ આધ્યાત્મિકતાથી આવે છે. મુન્શી પ્રેમચદે તેની નવલકથા 'કર્મભૂમિ' માં કહ્યું છે કે ''શિક્ષણ ચોક્કસપણે પદવી નથી, આપણી પદવી આપણી સેવાની ભાવના, આપણી નમ્રતા, જીવનની સાદગી છે.આ બધા માટે કોઈ પ્રમાણપત્ર નથી. જીવનમાં આચરણ મહત્વપૂર્ણ છે, તે આધ્યાત્મિકતાથી આવે છે. નંદલાલ બોઝ, પ્રખ્યાત ચિત્રકાર જે રવિન્દ્રનાથ ટાગોરના શાંતિ નિકેતનમાં કલાક્ષેત્ર સંભાળતા હતા તેમણે પોતાના શિષ્ય અમૃતલાલ વેગડને દિક્ષાંત સમયે કહ્યું હતું કે, ''તમારૂં જીવન સફળ ન થજો, પરંતુ સાર્થક થજો.શિક્ષણમા સંસ્કૃતિ, સંરક્ષણ , સ્વ–નિર્ભરતા, સંવેદનશીલતા અને સંવાદિતા આધ્યાત્મિકતાથી આવે છે. નિરક્ષર કબીર અને રઇદાસ જેવા આધ્યાત્મિક વિષયના માંધાતાઓ પર આજના લોકો પીએચડી કરે છે.

આવા શિક્ષણની જવાબદારી ભારતીય દ્રષ્ટિકોણથી સમાજની છે. કારણ કે આ શિક્ષણ રાજકારણ, આર્થિક, સાંસ્કૃતિક અને સામાજિક બાબતોને અસર કરે છે. આમ ન થાય તો શિક્ષણના અમૃતના બદલે મદ્યપાનનો ઘડો ભરાશે. મૈથિલિષરણ ગુપ્તએ આજના તથાકથિત શિક્ષણને સ્પષ્ટશબ્દોમાં ''ભારત ભારતી'' માં શ્રાપ આપ્યો છે ''આ શિક્ષણ તારો વિનાશ થાવ, કારણ તને ફક્ત નોકરીમાંજ રસ છે''. આજની દુનિયામાં ગ્લોબલ વોર્મિંગ, ગ્લોબલ આતંક્વાદ અને વૈશ્વિક મંદીની ત્રણ સમસ્યાઓ છે. તે માત્ર આધ્યાત્મીક શિક્ષણ( હિન્દુ જીવન પધ્ધતિ ) દ્વારા જ હલ કરી શકાય તેમ છે. હિન્દુ ધર્મના મહાપુરૂષો સિવાય કોન્ફ્યુસીસ,ઈસુ અને મોહમ્મદ પયગંબરે પણ આધ્યાત્મિકતાનો માર્ગ બતાવ્યો છે. પરંતુ લોકો વાસ્તવિક સંદેશ ભૂલી ગયા છે અને ફક્ત બાહ્ય શબ્દોને પકડી રાખે છે. ગીતામાં ભગવાન કૃષ્ણે પણ કહ્યું છે કે ''યોગઃ કર્મશુ કૌશલમ્ અભ્યાસમાં આપણા શાસ્ત્રો અને આપણા પ્રેરક ગ્રંથોની વાતોનો સમાવેશ કરવો જોઈએ. યુએસએના હિન્દુઓ દ્વારા ચાલતી રવિવારની હિન્દુ સ્કૂલ આનું એક મોટું ઉદાહરણ છે.બાળકોને વડીલો દ્વારા હિન્દુ વાર્તાઓ શીખવવામાં આવે છે. શિક્ષણનો અર્થ છે વેદાંત.'' પોતાને જાણો, મનુષ્યના શરીર, બુધ્ધિ અને આત્મા વચ્ચે સંતુલન અને સંકલન રાખો. કોઈ ભેદભાવ વિના સમાજમાં આધ્યાત્મ યુક્ત શિક્ષણ દવારા જ ફક્ત વાલિયાનુ વાલ્મીકીમા રૂપાંતર થાય છે. અંગુલીમાલ સુધરી શકે છે. વિનોબા ભાવે અને જય પ્રકાશ નારાયણ દ્વારા ચંબલના ડાકુ સુધરી શકે છે.

મોડેલ જેસિકાલાલ કે નિર્ભયાની હત્યા આજના શિક્ષણની ચારીત્ર્ય ઘડતર સામે ઊણપની આંગળી ચીંધે છે. ચારિત્ર્ય વગરનું શિક્ષણ પાયા વગરની ઇમારત જેવું છે. આ માત્ર આધ્યાત્મિકતા દ્વારા જ સંભવ છે. ફકત શિક્ષણ અને ડિગ્રી હોય પરંતુ શીલ ન હોય તો શું થાય ! અર્જુનને યોગ્ય જ્ઞાન હતુ તો બ્રહ્માષ્ત્રનો યોગ્ય ઉપયોગ કરી શકેલ. સાચી આધ્યાત્મિક સમજ વગર સ્વાર્થ આવતા અશ્વત્થામા જેવું બને જે બ્રહ્માસ્ત્ર ફેંકી શકે છે ,પરંતુ તેને પાછુ ખેંચી શકશે નહીં. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે I want man with "M'. ડાયજેનીસ દિવસના પ્રકાશમાં ફાનસ લઇને સાચા માણસની શોધ કરતો હતો. વિવેકાનંદે પણ કહ્યું કે શિક્ષણ માણસની અંદર પડેલા દૈવત્વને બહાર લાવવાની પ્રક્રિયા છે. ગાંધીજીએ કહ્યું છે આધ્યાત્મિકતા વગરનું શિક્ષણ સુગંધવાળા મૃતદેહ જેવું છે. ડો. અબ્દુલ કલામે કહ્યું હતું કે આપણા દેશની બધી સમસ્યાઓના ઉકેલ વ્યક્તિને રાષ્ટ્રીય બનાવવાથી અને સંપ્રદાયને આધ્યાત્મિકતા બક્ષવાથી થશે.

આવા આધ્યાત્મિક શિક્ષણ માટે શિક્ષકે ફક્ત શિક્ષક ન રહેતા આચાર્ય બનવું પડશે, આચરણથી શીખવવું પડશે.પૂજ્ય મોરારીબાપુ કહે છે કે શિક્ષક પોતાના સત્યવૃતિ, વફાદારી ,સ્વધર્મ પાલન, સામાજિક દ્રષ્ટિ અને સંવેદના દ્વારા આ કરી શકે છે. બાલકૃષ્ણ રૂપી વિદ્યાર્થીમાં રહેલા બ્રહ્માંડને જોવા શિક્ષકે માતા યશોદા બનવું પડે. શિક્ષક એક કર્મચારી નહી પણ એક કર્મ યોગી બનવુ પડે છે. હનુમાનજી જેવા શિક્ષક જ રામનું કાર્ય કરી શકે છે. શિક્ષણ અને આધ્યાત્મિકતા વચ્ચેનું એકીકરણનું ઉદાહરણ આપણે પ્રાચીન શિક્ષણ પ્રણાલીમાં હતું તેને ફરી સજીવન કરી ઉપયોગમાં લેવુ પડશે. ભૌતિક શિક્ષણ ના આવશ્યક ભાગ સાથે માનસિક વિકારને દૂર કરવા અને સદગુણ ના આવીર્ભાવ માટે આધ્યાત્મિક શિક્ષણ મહત્વપૂર્ણ છે. શિક્ષણ એ એક શક્તિશાળી માધ્યમ છે જે આ બધાના વિકાસમાં સક્ષમ છે. કોઈપણ કામ ભગવાનના આશ્રય સાથે શરૂ થાય છે, તે આપણને આધ્યાત્મિકતા શીખવે છે. આધ્યાત્મિકતામાં ધર્મના આધારે અર્થ અને કામની અપેક્ષા છે. શિક્ષણમાં, જ્યારે માત્ર પૈસાનુ મહત્વ અને કામની પૂર્તતાની જ વાત આવે ત્યારે ફક્ત તે વ્યક્તિ જ નહીં પણ સમાજની પણ દુર્ગતિ થાય છે. દુનિયાના તમામ ધર્મો અને સંપ્રદાયોનો ખ્યાલ એ છે કે માનવ ઉત્થાન માટે આધ્યાત્મ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આ બોધ દુનિયાને આપણે જ આપી શકીએ તે ભારતની નિયતિ છે.આપણા

દેશમાં ફક્ત ઈશ્વરના અવતાર જ નહીં, પરંતુ તુલસીદાસ, વલ્લભાચાર્ય,સુરદાસ ,કબીરથી માંડી નાનક , રામાનુજાચાર્ય, માધવાચાર્ય, શંકરચાર્ય બધાએ આજ વાત કરી છે. કોઠારી કમિશન કહે છે કે ભારતના શિક્ષણનુ કેન્દ્ર ભારતમાં હોવું જોઈએ, યુરો સેન્ટ્રીક નહી.

સ્વામી વિવેકાનંદઃ શિક્ષણનો અર્થ છે સંપૂર્ણતા અને આધ્યાત્મિકતા . તે આત્માની અભિવ્યક્તિ છે.

બેકોન આધ્યાત્મિકતા માણસને પૂર્ણ કરે છે,


સેંટ કેથરિનઃ મારો આત્મા ભગવાન છે અને ભગવાન સિવાયના કોઈ પણમાં વિશ્વાસ કરતો નથી.

આધ્યાત્મિક શિક્ષણનો પ્રથમ તબક્કો તેના પરિવારમાં ઘરથી શરૂ થાય છે, દૈનિક રોજિંદા વાંચન અને ઘરની પૂજામાં આધ્યાત્મિક શિક્ષણનો પ્રથમ તબક્કો હોય છે. જ્યારે બીજો તબક્કો શાળામાં શરુ થાય છે જયા ગુરુ અને શિક્ષકો દ્વારા માર્ગદર્શન મળે છે .ત્રીજો તબક્કો સમાજમાં અનેક સંસ્થાઓ દ્વારા કામ કરતી વખતે અનુભવ પરથી મળે છે. આધ્યાત્મિકતા દ્વારા આંતરિક શક્તિને રજૂ કરવી મહત્વપૂર્ણ છે. આધ્યાત્મિકતાની લાગણી બંધ રૂમની ચાર દિવાલોમાં નથી થતી. તેનો ઉપયોગ તેના જીવનના વર્તનમાં થાય છે. આધ્યાત્મિકતાના વિચારો માતૃભાષા દ્વારા આવે છે. સત્યમ ,શિવમ ,સુંદરમની ગુણવત્તા તેમજ જીવનમાં સમજ, નમ્રતા, અહિંસા, લાવણ્ય ,માનવતા, ઉદારતા, ક્ષમા વગેરે આધ્યાત્મિક્તા વિના શક્ય નથી. આધ્યાત્મિકતા અંધશ્રદ્ધાઓનો એક મજબૂત પ્રતિસ્પર્ધી છે. આધ્યાત્મિક શિક્ષણમાં ધીરજ, આત્મ–સંયમ અને ક્ષમાનું મિશ્રણ છે. શિક્ષણનો ઉદ્દેશ વ્યક્તિને સહજ ગુણોથી પરિચિત કરવાનો છે. ભૌતિક સંસાધનો બધું જ નથી. હાલના સામાજિક વાતાવરણમાં, આજે નાણાંની પાછળ ચાલતી યુવાન પેઢી ને કહેવું પડશે કે આપણી ફિલસૂફી, ચિંતન, વિચાર, દ્રષ્ટિકોણ વગર ક્ષણિક આનંદ પાછળ દોડવાથી શાશ્વત સુખ આ બ્રહ્માંડમાં જ મળી શકે નહી.

આધ્યાત્મિકતા અને શિક્ષણ વચ્ચે એક ઊંડુ જોડાણ છે. આધ્યાત્મિકતાનુ શિક્ષણ પણ મહત્વનુ છે. યોગ્ય નાગરિકો તૈયાર કરવા આવા શિક્ષણનો વિચાર થાય તેવી અભ્યર્થના.

તત્વમસી
આત્મવત્ સર્વ ભૂતેષુ
વસુધૈવ કુટુમ્બકમ
સ્વદેશો ભુવનમ ત્રયમ્
સંગચ્છધ્વં સંવધ્વંમ
જીવન મંત્રો બની રહે.

# અંધારૂ (લઘુકથા)



ભરત સુરેલીયા

એક દિવસ અચાનક ધીરુભાઇને હરિદ્વારથી પત્ર આવ્યો. તેમના ગુરૂ પથારીવશ થઇ ગયા હતા. ગુરુજીના સમાચારથી ધીરુભાઇને ખુબ જ આઘાત લાગ્યો. ગુરુની સેવા કરવા આતુર ધીરુભાઇએ બંને દીકરાને બોલાવી સમજાવ્યા.

‘જુઓ બેટા ! ગુરુજીની તબિયત બરાબર નથી. હું અને તમારા માતુશ્રી હરિદ્વાર છ મહિના જવાના છીએ. હવે, કારખાનું સંભાળવાની જવાબદારી તમારા બંનેની છે. અમને શ્રદ્ધા છે કે તમે બંને બરાબર કામ કરશો. ભગવાનની દયાથી હવે કોઇ દુઃખ નથી.’ પછી તમામ જવાબદારીઓ બંને દીકરાઓને સોંપીને ધીરુભાઇ અને તેમના પત્ની ગુરુજીની સેવા અર્થે હરિદ્વાર ચાલ્યાં ગયાં. ગુરુજીન તબિયત સાવ લથડી ગયેલી. તેમને એકલા મૂકી શકાય તેમ ન હતું. એટલે પતિ–પત્ની બંને સેવામાં જોડાઇ ગયાં.

આ બાજુ બંને દીકરાઓને સ્વતંત્રતા મળી એટલે રોજ નવી–નવી પાર્ટીઓ યોજાતી રહી. ધર્મ–સંસ્કારથી હર્યા–ભર્યા ઘરમાં વિલાયતી શરાબની રેલમછેલ શરૂ થઇ ગઇ.

કારખાનાના કારીગરોને અનિયમિત અને ઓછો પગાર આપવો એ બંને દીકરાની ચાલાકી બની ગયેલી. ધીમે ધીમે ઉત્પાદનની ગુણવત્તા ન જાળવવી એ અંગે પણ ફરીયાદો વધતી જતી હતી. બીજી તરફ પોલીસના ચક્કર ચાલુ થઇ ગયાં. આટલું અધુરૂં હોય તેમ, બંને દીકરાઓએ એને મનગમતી છોકરી સાથે કોર્ટ મેરેજ પણ કરી લીધા.

ગુરુદેવ બ્રહ્મલીન થયાં. ધીરુભાઇ અને તેમના પત્નીને ઉંડુ દુઃખ થયું. ગુરુદેવના ભંડારાનું કાર્ય પૂર્ણ કરી ધીરુભાઇ અને તેમના પત્ની ઘેર પરત આવ્યા.

ત્યાં તો બંગલાના દરવાજે પોલીસે ધીરુભાઇને રોકયાં. ધીરુભાઇએ તેનાં ચોકીદાર સામું જોયું.

‘માલિક, આપણે બરબાદ થઇ ગયાં. આપના બંને દીકરા જુગારમાં કારખાનું અને બંગલો બધું જ હારી ગયા. આ બંગલો હવે ?? ય

ચોકીદાર, વધુ એક શબ્દ આગળ બોલે તે પહેલા તો ધીરુભાઇ અને તેમના ધર્મપત્ની બંને દરવાજા પાસે જ ઢગલો થઇને ઢળી પડ્યાં.

વિશ્વકર્મા જયંતી
વિશેષાંક-૨૦૨૩

# સમાજનું આધુનિકીકરણ



બાબુભાઈ આર. મિસ્ત્રી, વલસાડ



**આધુનિકીકરણ અને સામાજિક પરિવર્તનનો પહેલો તબક્કો કે જે ભારતમાં આ પગલાંની શરૂઆત થઈ તે ૧૯૫૦ થી ૧૯૭૦ ના દાયકા સુધી મૂકી શકાય છે. ભારતના આધુનિકીકરણનું કારણ શું છે? ભારતમાં આધુનિકીકરણ મુખ્યત્વે પશ્ચિમી સંપર્કથી શરૂ થયું**

ભારતનો ઈતિહાસ અને સામાજિક સનાતની વારસો બહુ જુનો છે, પરંપરાગત કે પ્રણાલીગત વિચાર ધારાઓ અને માન્યતાઓ, વ્યવહારો, વિધીનીશેધો, આજે પણ સમાજમાં જોવા મળે છે. જેમ જેમ સમાજ આધુનિક બને છે, તેમ વ્યક્તિ વધુને વધુ મહત્વપૂર્ણ બને છે, ધીમે ધીમે કુટુંબ, સમુદાય અથવા વ્યવસાયિક જૂથને સમાજના મૂળભૂત એકમ તરીકે બદલી નાખે છે.

આધુનિકીકરણ એ એક પ્રક્રિયા છે. આધુનિકીકરણ અને સામાજિક પરિવર્તનનો પહેલો તબક્કો કે જે ભારતમાં આ પગલાંની શરૂઆત થઈ તે ૧૯૫૦ થી ૧૯૭૦ ના દાયકા સુધી મૂકી શકાય છે. ભારતના આધુનિકીકરણનું કારણ શું છે? ભારતમાં આધુનિકીકરણ મુખ્યત્વે પશ્ચિમી સંપર્કથી શરૂ થયું, ખાસ કરીને બ્રિટિશ શાસનની સ્થાપના દ્વારા. આ સંપર્ક ભારતીય સમાજની સંસ્કૃતિ અને સામાજિક માળખામાં ઘણા દૂરગામી ફેરફારો લાવ્યા. આધુનિકીકરણના ઓછામાં ઓછા બે મુખ્ય અને સંબંધિત કારણો છે. એક છે વિજ્ઞાનમાં વૃદ્ધિ અને બીજું ઉપલબ્ધ ટેકનોલોજીમાં વૃદ્ધિ છે. આધુનિકીકરણનો અર્થ એટલે, ઔદ્યોગિક સમાજમાં, સમાજશાસ્ત્રમાં,પરંપરાગત, ગ્રામીણ, કૃષિ, સમાજમાંથી બિનસાંપ્રદાયિક, શહેરી, પરિવર્તનની અનુભૂતિ.

આધુનિકીકરણની મુખ્ય લાક્ષણિકતાઓ શું છે?

ટેકનોલોજીનો ઉપયોગ ઘણો વધારે છે.

ઔદ્યોગિકીકરણ તેની ટોચ પર છે.

સામાજિક ગતિશીલતા થવા લાગી.

શહેરીકરણ વધવા લાગ્યું.

રાષ્ટ્રીય અને માથાદીઠ આવકમાં અદભૂત વધારો.

લોકોના સાક્ષરતા દરમાં વધારો.

ગર્વનસ ફ્રેમવર્કમાં લોકોની ભાગીદારીમાં વધારો.

આધુનિકીકરણ સિદ્ધાંતના ફાયદા એ છે કે તે વિવિધ સમાજોના વિકાસ માટે સામાન્ય પ્રક્રિયાનું વર્ણન કરે છે. આ અન્ય ક્ષેત્રોમાં વિકાસની તુલનાત્મક પ્રક્રિયાને અનુસરે છે. સામાજિક વિકાસના આધુનિકીકરણનો સિદ્ધાંત એ સામાજિક વિકાસની સમજૂતી છે કારણ કે તબક્કાઓની શ્રેણી દ્વારા થાય છે, જે સમાજને લે છે. આધુનિકીકરણ એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા સમાજમાં આધુનિક વૈજ્ઞાનિક જ્ઞાનનો પરિચય થાય છે, જેમાં સંબંધિત સમાજ દ્વારા સ્વીકૃત શબ્દના વ્યાપક અર્થમાં વધુ સારું અને વધુ સંતોષકારક જીવન પ્રાપ્ત કરવાના હેતુ સાથે.

આધુનિકીકરણના લક્ષણોઃ-

આધુનિકીકરણ એ સામાજિક પરિવર્તન છે. ગતિશીલ સામાજિક પ્રક્રિયા છે. બહુલક્ષી પ્રક્રિયા છે. જેનાં દ્વારા સમાજમાં પ્રવર્તમાન.

(૧) પરંપરાગત ખ્યાલો અને વ્યવહારોમાં પરિવર્તન આવે છે.

(૨) માન્યતાઓ, વલણો મૂલ્યોમાં પરિવર્તન આવે છે.

(૩) સામાજિક ખ્યાલો, સમૂહો, સંસ્થાઓ, પ્રક્રિયાઓમાં નુતન દષ્ટિકોણ આવે છે.

(૪) સમાજને વૈજ્ઞાનિક ટેક્નોલોજીકલ જ્ઞાનનો વિનિયોગ કરવાનું સૂચવે છે.

(૫) વ્યક્તિ વિકાસ અને તે માટે વિચાર પરિવર્તન, સંસ્થા પરિવર્તન અને સમાજ પરિવર્તન લાવે છે.

આધુનિકીકરણના પરિબળોઃ-

આધુનિકીકરણ માટે ભારતીય પરિપ્રેક્ષ્યમાં નીચે પ્રમાણેના પ્રેરક પરિબળો જવાબદાર બને છે.

(૧)વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ આવિષ્કારોને પ્રેરણ અને તેની વ્યવહારમાં (સમાજમાં અને ઉદ્યોગમાં) સ્વીકૃતિના પરિણામ સ્વરૂપ ઝડપી ઓધોગીકરણ.

(૨) સ્વતંત્ર ભારતની વિવિધ રાજકીય વિચાર શ્રેણીઓની પરંપરાગત કે પ્રણાલીગત બાબતોમાં નવ વિચારને સ્વીકૃતિ અને વૈશ્વિક દષ્ટિકોણનો સ્વીકાર.

(૩) શિક્ષણનો પ્રચાર અને પ્રસાર અંતર્ગત પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજીયાત, માધ્યમિક શિક્ષણની સુલગતા, વ્યવસાયિક શિક્ષણને પ્રાધાન્ય, સૌને ઉચ્ચ શિક્ષણ જેવા માળખાગત વિકાસ લક્ષી પરિવર્તનો.

**સમાજનું આધુનિકીકરણની અસર બાળકનાં વર્તન વ્યવહારમાં, વ્યવસાય પસંદગીના નિર્ણયમાં જીવન મૂલ્યોનાં પ્રસ્થાપનમાં અનેક વિકાસમાં આપણને આ અસર તાદશ્ય જોવા મળે છે. પરિણામ સ્વરૂપ સમાજનું સાહિત્ય, કળા, સ્થાપત્ય, વિજ્ઞાન, તત્વ ચિંતન વગેરે ક્ષેત્રમાં એક વ્યક્તિત્વ ઘડાય છે. અને સમાજનું આધુનિકીકરણ સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખાય છે આ વારસો સાંસ્કૃતિક છે.**

(૪) સમાજના નબળા વર્ગો માટે રાષ્ટ્રીય સ્તરે તથા સ્થાનિક સ્તરે સુવિધાઓ, અનામત નિધિ, સ્કોલર શિપ, શિક્ષણ દાતાઓના ભગીરથ કાર્યો વગેરે...

(૫) વૈશ્વિક નિધિ દ્વારા વિદેશો સાથે વ્યવહાર સરળતાને પરિણામે વ્યાપાર, શિક્ષણ, ઉદ્યોગ અને સમાજ વ્યવહારમાં ઘણી બાબતોમાં આવેલાં પરિવર્તનો.

(૬) રાજ્ય વહીવટ અને રાષ્ટ્રીય કક્ષાએ નવી નીતિ તથા પ્રયોગો અને નવી સિસ્ટમના સ્વીકારને પરિણામે વાહનવ્યવહાર, પ્રત્યાયન વિવિધ યોજનાઓ વગેરે બાબતોમાં આગે કીઉચ.

ઉપર્યુક્ત યાદી અહી ઉદ્યોગ, ટેકનોલોજી,સમાજની જે તે સમયમાં માંગ, શિક્ષણ, રાજ્ય , રાષ્ટ્રની નીતિ, વૈશ્વિક દષ્ટિકોણ જેવી પ્રમુખ બાબતોને જ મહત્વની ગણેલ છે.

અંતમાં મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તે સમાજથી અલગ રહી શકતો નથી. આનાં કારણે પ્રજા રીતરીવાજો, માન્યતાઓ, આદર્શો, જીવનમૂલ્યો વગેરે કાળક્રમે અપનાવે છે, અને વિકસાવે છે. સમાજની પરંપરામાં પરંપરાગત રીતે સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને વ્યવહારિક પરંપરા હોય છે જેની અસર બાળક પર હોય છે. સમાજનું આધુનિકીકરણની અસર બાળકનાં વર્તન વ્યવહારમાં, વ્યવસાય પસંદગીના નિર્ણયમાં જીવન મૂલ્યોનાં પ્રસ્થાપનમાં અનેક વિકાસમાં આપણને આ અસર તાદશ્ય જોવા મળે છે. પરિણામ સ્વરૂપ સમાજનું સાહિત્ય, કળા, સ્થાપત્ય, વિજ્ઞાન, તત્વ ચિંતન વગેરે ક્ષેત્રમાં એક વ્યક્તિત્વ ઘડાય છે. અને સમાજનું આધુનિકીકરણ સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખાય છે આ વારસો સંસ્કૃતિક છે.

# તફાવત (હાસ્યલેખ)





પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી.

પપ્પા : (પુત્રને) : બજારમાંથી મમ્મીએ તારી પાસે ફુદીનો મંગાવ્યો હતો, અને તું કોથમીર ઉપાડી લાવ્યો ? તું આ ઘરમાં રહેવાને લાયક નથી.

પુત્ર : પપ્પા, ચાલો આપણે સાથે જ ઘરની બહાર નીકળી જઈએ ?

પપ્પા : કેમ આવું કહે છે ?

પુત્ર : કેમ કે મમ્મીનું કહેવું છે કે – હું લાવ્યો છું તે મેથી છે.

ભારત દેશમાં રહેતા, શાક માર્કેટમાં જવલ્લે જ ખરીદી કરવા જતા, અને રસોડામાં ભાગ્યે જ પગ મૂકતા પુરુષોને ફુદીનો અને કોથમીર, મેથી અને પાલખ, લેટયૂઝ અને તાંદલજા માં શું 'તફાવત' છે એ ખબર ન હોય તે વાત ઘણી સ્વાભાવિક છે. હવે આવી જ સ્થિતિ આજકાલ બેંકમાં, સરકારી કચેરીઓમાં, એરપોર્ટ પર, થીયેટરોમાં કે અન્ય આવી જ કોઈ બીજી જગ્યાએ ઉંચી પોસ્ટ પર બિરાજમાન મહિલાઓની પણ થઇ રહી છે.

**એક વાચકે લેખને સીરીયસલી લઈને, નારાજ થઈને, મારા લેખનની ટીકા કરતાં કહ્યું, 'તમે એક લેખિકા છો, આ દેશના એક જવાબદાર નાગરિક, અને તમે જ આવું બધું લખો, તો આપણા સંતાનો પર એની કેવી અવળી અસર પડે ?'**

મીનાબહેન : મારે તો શું કરવું તે જ ખબર નથી પડતી. શીલાબહેન : કેમ, શું થયું ? મીનાબહેન : ગઈ કાલે સવારે અમારી સોસાયટીમાં એક બહેનનું મૃત્યુ થયું, એટલે મારે અચાનક ત્યાં જવું પડ્યું. અને બરાબર કાલે જ અમારે ત્યાં રસોઈ કરનાર બહેન આવ્યા નહીં. મારી પુત્રવધુએ રસોઈ બનાવી તો ખરી, પણ એણે કઢી બનાવી ત્યારે છાશમાં ચણાનો લોટ મિક્સ કરવાને બદલે ચોખાનો લોટ મિક્સ કર્યો અને ઘી – જીરું – કઢીપત્તાનો વઘાર કરવાને બદલે તેલ – રાઈ અને મેથીના પાંદડાથી વઘાર કર્યો. હે ભગવાન ! આવી વાત કોને જઈને કહેવી ?

શીલાબહેન : તમે જીવ ન બાળો, મીનાબહેન. તમારી વહુ ભણેલી – ગણેલી છે, બેન્કમાં મેનેજર છે, સારો એવો પગાર લાવે છે, એટલે સુખેથી જીવવું હોય તો આવી નાની નાની વાતો પર ધ્યાન ન આપવું. જો કે આમ જુઓ તો મારે ઘરે પણ તમારા ઘર કરતાં કંઈ ખાસ 'તફાવત' નથી. પી.એચ.ડી. થયેલી અને કોલેજમાં વિદ્યાર્થીઓને વટથી ભણાવતી, કડકડાટ અંગ્રેજી બોલતી, અને ડોકટર કહેવાતી મારી પુત્રવધૂ

પણ બજારમાંથી શાકભાજી અને ફ્રુટ લાવે ત્યારે થેલીમાં નીચે ટામેટાં – ચીકુ – કેળાં મૂકીને, એની ઉપર બટાકા – દુધી – તરબૂચ મૂકીને જ લાવે છે.


થોડા સમય પહેલાં જ કેન્દ્રીય કૃષિ મંત્રીએ, એક રાજકીય પક્ષનાં અગ્રણી ગણાતા નેતાના પોતાના પરના ખોટા આક્ષેપથી અકળાઈને ટોણો મારતા કહ્યું, 'અગ્રણી ગણાતા આ એક્સવાયઝેડ નેતાને ડાંગર અને ઘઉં વચ્ચેના તફાવતની પણ ખબર નથી.' પછી એમણે જરા જલદ શબ્દો વાપરતા કહ્યું કે – 'ડાંગર અને ઘઉં વચ્ચેના તફાવતની ખબર ન હોય, તેવી વ્યક્તિએ કૃષિ અંગે સરકારની ટીકા કરવી જોઈએ નહિ.' વધુમાં મંત્રીજીએ ખુબ જ નારાજગીથી જણાવ્યું કે – 'એ નેતાને ઘેટા અને બકરીના બચ્ચા વચ્ચેના તફાવતનો પણ ખ્યાલ નથી.' કૃષિમંત્રીના આવા જલદ શબ્દોથી નહિ, પણ આ એક્સવાયઝેડ નેતાની આરતી ઉતારવા, ઉત્સાહી કાર્યકરો દ્વારા લવાયેલા આરતીના દીવા ને કારણે મધ્યપ્રદેશના જબલપુરમાં યોજાયેલી રાજકારણમાં સક્રિય એવા એક પક્ષની રેલી દરમ્યાન સ્ટેજ પર આગ લાગી હતી. એમાં ભારત દેશની કમનસીબીએ પક્ષનાં નેતા અને એમના સાથીદારો બચી ગયા હતા. પણ રોજેરોજ છાપામાં છપાતાં, જુદા જુદા પક્ષના નેતાઓના આક્ષેપો અને પ્રતિ આક્ષેપો જોતાં લાગી રહ્યું છે કે –' ભારત દેશ સાથેની દુશ્મનાવટમાં ચીન– પાકિસ્તાન અને આપણા નેતાઓ, એ બેમાં ખાસ તફાવત નથી, અને આવા ઘરઆંગણના દુશ્મનોથી દેશને બચાવવો બહુ અઘરો છે.' (પ્રભુ એ માટે આપણાં દેશના સાચા સુકાનીને શક્તિ આપે.)

આ અગ્રણી એક્સવાયઝેડ નેતાના નામે અનેક જોક્સ પ્રચલિત છે. એમાંનો એક – નેતા : ખેતરમાં આ શેના છોડ ઉગ્યા છે ? ખેડૂત : એ શેરડી છે, સાહેબ. નેતાજી : ગોળ બને એ જ શેરડી ને ? ખેડૂત : હા જી સાહેબ, એ જ. પોતાના જ્ઞાન પર પોરસાઈને નેતાએ પૂછ્યું : આ છોડ પર ગોળ ક્યારે લાગશે ? ખેડૂત અચરજથી નેતાજીને કોઈ નવતર પ્રાણીને જોતો હોય એમ જોઈ રહ્યો. એ સમયે ત્યાં હાજર રહેલા એક ચબરાક પત્રકારે કહ્યું : 'સાહેબ, આપ વડાપ્રધાન બનશો ત્યારે.' 'મેરે દેશકી ધરતી સોના ઉગલે ઉગલે હીરે મોતી, મેરે દેશકી ધરતી' આવું દેશભક્તિનું કોઈ ગીત સાંભળીને જોશમાં આવી ગયેલા આ એક્સવાયઝેડ નેતાએ, 'એવું એક મશીન કે જેમાં બટાકા નાખો તો એમાંથી સોનુ (ગોલ્ડ) બનીને બહાર આવે' એવી વાત કર્યાની પણ ચર્ચા લોકોમાં છે.

સાધુ – સંતો કહે છે એ મુજબ સામાન્ય નિયમ તો એવો જ છે કે – 'જે વિષય અંગે આપણે જાણતા નથી, એ વિષે આપણે ટીકા – ટીપ્પણી કરવી જોઈએ નહિ, કે આપણો મત પ્રદર્શિત કરવો જોઈએ નહિ.' અઢળક જ્ઞાન ધરાવનાર સાધુ સંતોને માટે આ વાત યોગ્ય જ હશે, પણ આપણા જેવા અલ્પ જ્ઞાન ધરાવતા સામાન્ય માણસ એમની વાતને અનુસરવા જઈએ તો તો આપણે તો કોઈ વિષય પર વાત જ ન કરી શકીએ. અને વાત કર્યા વગર આપણે ટાઈમ કેવી રીતે પસાર કરવો ? ધારો કે આપણા જેવા ચાર જણા ભેગા થયા હોય, અને આપણા સિવાય બધા જ આત્મવિશ્વાસથી કોઈ પણ વિષય પર ડીંગ હાંકી રહ્યા હોય, ત્યારે આપણાથી ચુપ રહેવાય ખરૂં કે ? વળી ચુપ રહીને આપણે શું કામ પછાત ગણાવું જોઈએ ? જે વિષય પર જાણતા ન હોઈએ એના વિષે તો કશું પણ બોલી શકાય, અને આપણા જ્ઞાનથી (??) સાંભળનાર (જે આપણા જેવા જ હોય) ને અભિભૂત કરી શકાય.

અમિતાભ બચ્ચન જેના હોસ્ટ હતા, એવા પ્રખ્યાત ટીવી પ્રોગ્રામ, 'કૌન બનેગા કરોડપતિ' નામના શો માં આવા (એક્સવાયઝેડ ટાઈપ) લક્ષણ ધરાવતા લોકો ૨૫ લાખ રૂપિયા જીત્યા બાદ, વધુ પડતા આત્મવિશ્વાસને ને લીધે, 'પોતે જવાબ જાણે જ છે' એવા ભ્રમમાં ખોટો જવાબ આપીને, છેવટે ૩.૨૦ લાખ રૂપિયા લઈને (૨૧ લાખ ૮૦ હજાર રૂપિયા હારીને), અફસોસ સાથે ઘરે જાય છે. 'ખરા છે આ લોકો, કેટલા વર્ષોની તપશ્ચર્યા પછી, હોટસીટ પર બેસવાનું મળ્યું, એમાં પણ ૨૫ લાખ જીતવાનો મોકો મળ્યો, ત્યારે આવા પપ્પુવેડા કરાતા હશે ? હું એની જગ્યાએ હોઉં તો ક્વીટ કરૂં, અને ૨૫ લાખ રૂપિયા જીતી લાવું.' આપણાં ઘરમાં ટીવી.ની સામે બેસીને આપણે કેટલી આસાનીથી આવું કહી દઈએ છીએ, ખરૂં ને ? પણ ઘરમાં ટીવી સામેની ખુરશીમાં બેસીને બોલવું, અને KBC ની હોટસીટ પર બેસીને જવાબ આપવા, એ બે ના 'તફાવત'ની ખબર તો જેને અનુભવ હોય એને જ હોય

થોડા સમય પહેલાં મેં એક હાસ્યલેખ લખ્યો હતો, 'દીકરો તો પારકી થાપણ કહેવાય.' આ લેખમાં 'દીકરીને બદલે દીકરાને સાસરે મોકલવાનો રિવાજ હોય, તો કેવી કરણ પરિસ્થિતિ ઉત્પન્ન થાય' એનું રમૂજી વર્ણન મેં કર્યું હતું. કેટલાક વાચકોને એ લેખ પસંદ આવ્યો હતો, તેમ જ એ લેખ માટે મને એક સંસ્થા તરફથી પ્રોત્સાહન ઈનામ તરીકે 'સર્ટીફીકેટ' પણ મળ્યું હતું. પણ એક વાચકે આ લેખને સીરીયસલી લઈને, નારાજ થઈને, મારા લેખનની ટીકા કરતાં કહ્યું, 'તમે એક લેખિકા છો, આ દેશના એક જવાબદાર નાગરિક, અને તમે જ આવું બધું લખો, તો આપણા સંતાનો પર એની કેવી અવળી અસર પડે ?' મને 'લેખિકા' તરીકે સ્વીકારવા બદલ અને દેશના એક 'જવાબદાર નાગરિક' ગણવા બદલ હું એ વાચકની 'તહે દિલથી' આભારી છું. પણ હાસ્યલેખ અને સીરીયસ લેખનો 'તફાવત' ન સમજનાર, આવા વાચક મિત્રને શું કહેવું ? જવાબમાં આટલું જ કહી શકાય, 'આ **હાસ્યલેખ** છે.'




# Manufacturer of
# Soldering Iron, Element and Bit

**SOLDERING IRON**



25w



35w


50w

**ELEMENT**


25w


35w


50w

**BIT**


25w


35w


50w

**BHARAT BHESANIA**

## SOLCRAFT ENGINEERING

Shed No.3, Opp.Lok Seva Transport, Bombay Talkies, Malad (W), Mumbai- 400 064
solcraftengineering@gmail.com | +91-9820570675

**વિજ્ઞાન પ્રત્યે સાચી સમજ અને શ્રદ્ધાપૂર્વકનો અભિગમ એ તમામ જીવસૃષ્ટિ માટે સદાય આશીર્વાદ સમાન છે.**



**ભરતભાઈ ગાજીપરા**
સર્વોદય સ્કૂલ, શિવનગર મેઈન રોડ,
ગોંડલ રોડ, રાજકોટ. મો.૯૯૨૫૦ ૯૯૧૯૯

## સમાજના પ્રશ્નોને વાચા આપી લોકહૃદયમાં સ્થાન મેળવનાર ‘વિશ્વકર્મા વિશ્વ’ને જન્મદિન નિમિત્તે હાર્દિક શુભેચ્છા

---

## વિશ્વકર્મા જયંતીની સૌને હાર્દિક શુભકામના...



**દિલિપભાઈ સિંહાર**
સિંહાર સ્કૂલ, પંચાયત ચોક, યુનિ. રોડ.
રાજકોટ. મો. ૯૦૯૯૯ ૮૦૭૦૭

---

**With Best Compliments..**

**ANIL R. AHALPARA**
Mo. 98243 62050


# LABHAM KITCHEN 888



- Bakery Machinery
- Hotel and Restaurant Kitchen Equipment
- S.S. Tabel, Rack, Sink Etc.

Address : Labham Kitchen
Trapaj Market, Alang Road, Alang, Gujarat.
E-mail : anilahalpara@gmail.com

# એકલતા





હસમુખ બોરાણિયા

**નિલેશભાઈની વાત પૂરી થઈ ન થઈ ત્યાં પુત્રવધૂ બોલી, ‘રસોઈ બનાવવા આવે છે તે બહેન બે દિવસ રજા પર છે. આમેય આ બે દિવસ હોટેલનું મંગાવવાનું જ હતું. સાથે મહેમાન માટે પણ મંગાવી લેજો.’
‘પણ બેટા...’ નિલેશભાઈ વધારે કંઈ બોલે એ પહેલાં તન્વી પોતાના રૂમમાં ચાલી ગઈ.**

સવાર – સવારમાં નિલેશભાઈ વર્તમાન પત્ર લઈને બેઠા હતા. ત્યાં મોબાઈલમાં રીંગ વાગી. મોબાઈલ ઉપાડતા સામેથી નયનભાઈનો અવાજ સંભળાયો, ‘હેલ્લો, નિલેશભાઈ, અમે અમદાવાદ આવીએ છીએ. મળવા આવીશું. હા...હા... અમે પાંચ વ્યક્તિ છીએ. જમવાનું ત્યાં રાખીશું.’ વાત સાંભળીને નિલેશભાઈ બોલ્યા, ‘સારું, આવો આવો! આનંદ થશે.’

મહેમાન આવવાના છે. એના હરખમાં પુત્રવધૂને બોલાવીને વાત કરી. વાત સાંભળીને પુત્રવધૂ બોલી, ’ પપ્પા, એટલા લોકોની રસોઈ મારાથી નહિ બને, તમને તો ખબર છે હું રસોઈ બનાવતી નથી.’

નિલેશભાઈ બોલ્યા, ‘બેટા, તારે રસોઈ નથી બનાવવાની. રસોઈ બનાવવા બહેન આવે છે તેને કહી દેજે. દાળ ભાત, શાક રોટલી બનાવે. બાકી મીઠાઈ ને ફરસાણ મંગાવી લઈશું.’

નિલેશભાઈની વાત પૂરી થઈ ન થઈ ત્યાં પુત્રવધૂ બોલી, ‘રસોઈ બનાવવા આવે છે તે બહેન બે દિવસ રજા પર છે. આમેય આ બે દિવસ હોટેલનું મંગાવવાનું જ હતું. સાથે મહેમાન માટે પણ મંગાવી લેજો.’

‘પણ બેટા...’ નિલેશભાઈ વધારે કંઈ બોલે એ પહેલાં તન્વી પોતાના રૂમમાં ચાલી ગઈ.

મહેમાન આવવાના છે એ ઉત્સાહ ઓગળી ગયો. નિલેશભાઈ મૂંઝાયા. શું કરવું ? હમણાં મહેમાન આવી જશે. મારી કિંમત જશે. પ્રણવને ફોન કરું ? ના... એ ઓફિસ કામમાં હોય, એને ટેન્શન આપવા જેવું થાય. મૂંઝવણ થતી હતી. ત્યાં ડોર બેલ વાગી. ડોર ખોલ્યું , મહેમાનો આવી ગયાં હતાં. સૌ બેઠાં. નીલેશભાઈ ઊભા થતા બોલ્યા, ‘હું પાણી આપું’ મહેમાન આવેલાં મધુબહેન કહે, ‘અરે, ભાઈ! તમે બેસો, હું પાણી આપું છું. આ ઘર ક્યાં અજાણ્યું છે? તન્વી નથી?’ આટલું બોલીને પાણી ભરવા ગયાં.

નિલેશભાઈ જવાબ આપતા બોલ્યા, ‘છે ને, તેનાં રૂમ હશે. કદાચ તબિયત...’

મધુબહેન કહે, ‘સારું, હું મળતી આવું તન્વીને’ ને દાદર ચડી ગયાં. તન્વી સૂવાનો

ડોળ કરીને પડી હતી. મધુબહેને વાત કરી તો તબિયતનું બહાનું બતાવ્યું.

મધુબહેન બધાં પાસે આવ્યાં. પરિસ્થિતિ સ્વીકારીને કહે, 'નિલેશભાઈ, હું ફટાફટ રસોઈ બનાવી નાખું છું. આવા સમયે કામ કરવું પડે ને?'

સાંજે મહેમાનો ગયાં. પ્રણવ આવ્યો. મહેમાનો આવ્યાં હતાં વાત જાણી. નિલેશભાઈએ બધી વાત કરી તો પ્રણવ કહે, 'એમાં શું? અત્યારના સમયમાં લોકોએ વિચારીને આવવું જોઈએ. ને દાદર ચડતા ચડતા બોલ્યો, 'ધર્મશાળા હોય એમ દોડ્યાં આવે છે...'

રાત્રે પ્રણવે પપ્પાને જમવાનું પૂછ્યું, 'અમે પિત્ઝા મંગાવીએ છીએ. તમને ફાવશે ?' તો નિલેશભાઈએ 'બપોરનું વધેલું જમી લઈશ.' એમ કહીને વાત ટાળી.

રાત્રે સૂતી વખતે નિલેશભાઈ વિચારમાં ડૂબી ગયા. પોતે ઓફિસર હતા. દક્ષા પોતાનો સમય સાચવે. ખૂબ સરસ સમય પસાર થતો હતો. પ્રણવ પણ જોબમાં લાગ્યો. એક દિવસ સાંજે નિલેશભાઈ અને દક્ષાબહેન હીંચકે બેસીને પ્રણવની સગાઈ બાબતમાં વાત કરતાં હતાં. ત્યાં પ્રણવ આવ્યો. મમ્મી પપ્પા પાસે બેસીને બોલ્યો, 'પપ્પા, હું મેરેજ કરવા માંગું છું.' તો રાજી થઈને દક્ષાબહેન કહે, 'અમે એ જ વાત કરતાં હતાં.' વાત કાપતા પ્રણવ કહે, 'એમ નહીં, છોકરી મને પસંદ છે. એની સાથે, તન્વી નામ છે.' નિલેશભાઈ અને દક્ષાબહેન વાત સાંભળીને ડઘાઈ ગયાં. દક્ષાબહેન બોલ્યાં, 'બેટા, આપણાં જાણીતાની છોકરી અમે જોઈ રાખી છે. વળી તું આમ લગ્ન કરીશ તો સમાજમાં...'

પ્રણવ ભડક્યો ને બોલ્યો, 'મારે સમાજની અને તમારી ચિંતા કરવાની? મારી પસંદગી હોય કે નહીં? અને જો એમ નહીં થાય તો ...' ને ધમકી ઉચ્ચારી જતો રહ્યો. નાછૂટકે બંનેએ લગ્નની હા પાડી.

પરણીને આવી ત્યારથી તન્વી કોઈ કામ કરતી નહીં. આખો દિવસ પોતાના રૂમમાં જ હોય. દક્ષાબહેન રસોડું સંભાળે. એક બે વખત કહ્યું ખરૂં. પણ તન્વીએ રોકડું પરખાવ્યું, 'મારે રસોડામાં જિંદગી પસાર કરવી નથી. આજ પછી મને કશું કહેવાનું નહીં. પ્રણવ સાથે વાત થઈ ગઈ છે. એમને સ્વીકાર્ય છે. પછી તમારે શું?'

નિલેશભાઈને યાદ આવ્યું, પ્રણવ સાથે વાત કરી હતી તો પ્રણવે જે જવાબ આપ્યો તે સાંભળીને બંને ડઘાઈ ગયાં હતાં. 'મમ્મી, તમારાંથી રસોઈ થાય ત્યાં સુધી બનાવો, પછી રસોઈ બનાવવા બહેન રાખી લઈશું. તન્વી રસોઈ બનાવે કે ના બનાવે મોટી વાત નથી' આટલું બોલીને પ્રણવ તેના રૂમમાં જતો હતો. ત્યાં તન્વી બાલ્કનીમાંથી બોલેલી, 'પપ્પાનું પેન્શન આવે જ છે ને ? દસ બાર હજાર કામવાળાને આપી દેવાના ?' આ બધું યાદ કરીને નિલેશભાઈની આંખ ભરાઈ આવી. અચાનક આવેલા હાર્ટ એટેકના લીધે દક્ષા અનંત યાત્રાએ ઉપડી ગઈ! વિચારોમાં ને વિચારોમાં નિલેશભાઇને મોડી રાત્રે ઉંઘ આવી..

એકાદ સંતાનની માતા બનશે પછી સુધારો આવશે એમ માનેલું. તન્વીના વર્તનમાં કશો ફેર પડ્યો નહીં. દક્ષાબહેનની વિદાય પછી પોતે એકલા પડી ગયા. પ્રણવ જોબ પર જાય, પૌત્ર સ્કૂલે જાય, તન્વી આખો દિવસ રૂમમાં હોય. ઘરકામ બંધાવી દીધું હતું. રસોઈ બની જાય એટલે જો હાજર હોય તો રસોઈવાળા બહેન ગરમ ગરમ પીરસે નહિ તો ડાઈનિંગ ટેબલ પર થાળી ઢાંકેલી હોય. સાંજે પ્રણવ આવીને ખબર પૂછતો એટલો સુધારો હતો. બાકી એકલવાયું જીવન.

પૌત્ર સંદીપે એન્જિનિયરિંગ પૂરૂં કર્યું. તેનાં મમ્મી પપ્પાને એક દિવસ કહ્યું, 'મારે ઇંગ્લેન્ડ જવું છે. ત્યાં આગળ અભ્યાસ કરી, ત્યાં સેટ થવું છે.' પ્રણવ સમજાવવા ગયો, 'અહીં માસ્ટર ડિગ્રી કરીને જોબ કર' પણ સંદીપ માન્યો નહિ અને 'જો મને નહીં મોકલો તો...' ધમકી આપીને પોતાના રૂમમાં જતો રહ્યો. ત્યાં નિલેશભાઈ આવ્યા. બંનેએ સંદિપની વાત કરી. અને સમજાવવા કહ્યું. ત્રણેય સંદીપ પાસે જઈને સમજાવવા લાગ્યા. તો સંદીપે જવાબ આપ્યો, 'દાદાજી, તમે કહો છો, એ વાત સાચી, પણ મારી જિંદગી છે. મારી પણ પસંદગી હોય કે નહીં?'

તન્વીએ સમજાવતાં કહ્યું, 'બેટા, તું અમારો એકનો એક દીકરો. અમારે અહીં એકલાં...?' તન્વી એટલું બોલી ત્યાં સંદીપ કહે, 'એકલાં રહેવું એમાં શું, અત્યારે પણ બધાં એકલવાયું જીવન જેવું જીવો છો ને?'


સંદીપની વાત બધાંને આંચકો આપી ગઈ, ખાસ તન્વીને!

બસ, સંદિપની હઠ પછી ઇંગ્લેન્ડની તૈયારી થવા લાગી. છ–આઠ મહિનામાં ઇંગ્લેન્ડ જવાનો દિવસ આવી ગયો. એરપોર્ટ પર મૂકવા જવા સૌ ગાડીમાં ગોઠવાયાં. નિલેશભાઈ ઘેર રહેવાના હતા. ત્યાં તન્વી બોલી, 'પપ્પા, ચાલો. અહીં એકલા શું કરશો? ' નિલેશભાઈ નવાઈ પામીને કારમાં બેસી ગયા.

સંદીપ એરપોર્ટ અંદર ગયો ત્યાં સુધી બધાં ઉભાં રહ્યાં. પછી ઘેર જવા નીકળ્યાં. તન્વી આટલી ઢીલી ક્યારેય જોવા મળી નહોતી. નિલેશભાઈને નવાઈ તો ત્યારે લાગી જ્યારે ઘેર પહોંચીને તન્વી પાણીનો ગ્લાસ આપવા આવી! સાથે પૂછ્યું, 'પપ્પા, ચા પીશો ને?' રસોડામાં જઈને રસોઈવાળા બહેન સાથે વાતો કરતાં કરતાં ચા બનાવવામાં રસ લીધો! અને પછી રસોઈ બનાવવામાં મદદ કરવા લાગી. બહેનને સૂચના આપી,' સંદીપ વિદેશ ગયો છે એની ખુશીમાં શીરો બનાવવો છે. મને કહો તેમ હું બનાવુ.'

થોડીવારમાં રસોડામાં બનતા શીરાની સુગંધ આખા ઘરમાં પ્રસરી ગઈ!

# પરમવીર ચક્ર
## (ટૂંકી વાર્તા)






**ભરતભાઈ કે. ઘોરીચા, રાજકોટ**

**તેને તો મા-ભૌમના કાજે શોર્યગાથા રચી પરમવીરચક્ર પ્રાપ્ત કરી જનનીના ચરણોમાં અર્પણ કરવું એજ તેનો જીવન લક્ષ્ય છે. આ જાણી ભરતને દેશ-ભક્તિની પરમકક્ષાનું દર્શન થયું. હવે મેદાન ચોખ્ખું થઈ ગયું, પણ ઘણા અધિકારીઓ હજું આ કાર્યક્રમના આયોજનમાં જ રોકાયા છે.**

બિન અનુભવી લેખક ભરતે ધરતીકંપનું વિકરાળ સ્વરૂપ જોયું ત્યાં જ પેન થરથરવા લાગી તો લેખ શું લખે?

સેવા–ભાવી સંસ્થાઓની સહાય ચાલું થઈ ગઈ છે. સહાયમાં સામાન તો ખૂબ આવે છે. પણ અવ્યવસ્થા ખૂબજ છે. અને અવ્યવસ્થા માટે વ્યવસ્થાતંત્ર કરતાં વધારે જવાબદાર આપણી માનસિક સ્થિતિ છે.

સહાય લોકોને તત્કાળ પહોચતી થાઈ તે એટલું જ જરૂરી છે. પણ અસરગ્રસ્તની ઓળખ માંગવી, જ્યાં ઘર પડી ગયું ત્યાં રાશન કાર્ડ કેમ શોધવું? બધું જ દયા–જનક છે. ઠેર ઠેર રાહત– કેમ્પ અને રાહત–રસોડા ચાલું છે. રસોડે લોકોની લાંબી લાઇન લાગે છે. મિલ્ટ્રી તથા બીજી સંસ્થાઓ આવેલ છે.

પાણીની બોટલ અને પાઉંચ તો એટલા આવેલ છે. જે ખાલીબોટલ અને ખાલીપાઉંચના તો ઢગ થયા છે. છતાં પીવાના પાણીની અછત છે.

આમ થી તેમ આટાફેરા કરવા, સાંજ પાડવી અને સૂવું છે તો દૂર ઓપન ગ્રાઉન્ડમાં સારું, રાહત કેમ્પ જોવા મળશે, તેમ વિચારી ભરત દૂર નીકળી ગયો, અને એક ગ્રાઉન્ડમાં રાત્રી રોકાયો. અંધારું શરું થઈ ગયું હતું.

રાત શરૂ થયાને કલાક થયો નહીં હોય ત્યાં મિલ્ટ્રીમેન જેવા દેખાતા બે જવાન ઉતાવળે પગલે ગામ તરફ જતાં જોયા. સામાન્ય રીતે મિલ્ટ્રીવાળા હિન્દી ભાષા બોલતા હોય પણ અહીં તો શુધ્ધ ગુજરાતીમાં વાત છે.

ભરતને ઊંઘ આવી નહતી. કાંઈક નવું લાગતાં, આતુરતાવશ તેની પાછળ પાછળ તે ચાલતો થયો. કોઈ સાથે ચાલે છે. તેવું જાણી મિલ્ટ્રીમેન ધીમા, થયા.

તેના ધીમા થવાથી સાથે થયેલ ભરતે ધીમાં અવાજે પૂછ્યું,

ગુજરાતી સારું આવડે છે. ગુજરાતનાં છો? તો જાણવા મળ્યું કે બંને મિલ્ટ્રીમેન ગુજરાતના અને કચ્છના જ છે, ભૂકંપમાં ફરજના ભાગ રૂપે અહીં આવેલ છે. અને એક તો ભચાઉનો જ છે.

તો ભરતથી રહેવાયું નહીં તો એક્કી સાથે પ્રશ્ન પૂછી નાખ્યાં,

આ રાહત કેમ્પથી તું તારા ઘરનાને મદદ કરી શક્યો?

ધરતી કંપમાં તારા ઘરને નુકશાન ગયું છે?

તારા ઘરના કોઈ મર્યા છે?

આટલા બધા પ્રશ્ન પૂછી નાખ્યાં પણ બંને ખૂબ કામમાં હોય, તેણે ચાલવાનું ચાલુ રાખ્યું, અને ખાસ જવાબ ન માળતાં ભરત રોકાયો.

બીજે દિવસે એજ સમયે પાછા બંને મિલ્ટ્રીમેનને જતાં જોયા, તો જીજ્ઞાસાને કાબુમાં રાખી ન શક્યો અને ભરત સાથે ચાલતો થયો. ફરી એજ પ્રશ્નો, તો બીજા મિલ્ટ્રીમેને સાથી તરફ ઈશારો કરી જવાબ આપ્યો.

હવે આના ઘરમાં કોઈ રહ્યું નથી. અને બીજાએ હસતાં ચહેરે પણ ભીની આંખે તેની સામે જોયું, તે રાકેશ હતો. વધારે વાત થઈ શકે તેવી સ્થિતિ જોતાં તેણે ચાલવાનું શરું રાખ્યું. રાકેશના પિતા અને દાદા પણ મિલ્ટરીમાં જ હતા, રાકેશ ખૂબ નાનો હતો ત્યારે તેના પિતાનું મૃત્યું યુધ્ધમાં થયું હતું અને દાદા રિટાયરમેન્ટ ભોગવી રહ્યાં હતા તેની મા દાદા સાથે રહેતી હતી.

માએ પોતાના પતિની આખરી ઈચ્છા મુજબ રાકેશને મિલ્ટરીમાં મોકલ્યો હતો. અને રાકેશના લગ્ન પણ થવાના બાકી છે. વાત કરૂણ બની ગઈ ટોપિક ફેરવવા ભરતે પ્રશ્ન ફેરવ્યો.

તમને બોર્ડર પર નોકરીની મજા આવે કે અહીં?

તો રાકેશે ચાલું રાખ્યું,

વીર–ચક્ર મેળવવાની ઈચ્છા મારા પપ્પાની હતી, તે મેળવે તે પહેલા યુધ્ધમાં મરાયા. મારી અને મમ્મીની ઈચ્છા હું પરમવીર–ચક્ર મેળવું તે છે. અને તે માત્ર બોર્ડર ઉપર મળી શકે, તે માટે મેં લગ્ન પણ કર્યા નથી. આટલું બોલતા તો રાકેશનો ચહેરો દુઃખદ સ્થિતિમાં પણ ખીલી ઉઠ્યો.

ભગવાનની મદદ થાય, સારા નસીબ હોય, તો જ સારો મોકો બોર્ડર પર મળે, પણ ડ્યુટી પૂર્ણ થવાને હવે માત્ર ત્રણ વર્ષ બાકી છે. જો મોકો જ મળ્યો નહીં તો લગ્ન કરી

**માએ પોતાના પતિની આખરી ઈચ્છા મુજબ રાકેશને મિલ્ટરીમાં મોકલ્યો હતો. અને રાકેશના લગ્ન પણ થવાના બાકી છે. વાત કરૂણ બની ગઈ ટોપિક ફેરવવા ભરતે પ્રશ્ન ફેરવ્યો.**
**તમને બોર્ડર પર નોકરીની મજા આવે કે અહીં?**

આ ભવ પૂરો કરી લઈશ.

આટલી વારમાં તો બે માળનું ધરાશાઈ થયેલું મોટું મકાન હોય તેવું સ્થળ આવ્યું અને બંને મિલ્ટ્રીમેન ઊભા રહ્યા, રાકેશ તે કાટમાળના ઢગ ઉપર ચડ્યો, તેના કોથળા જેવા થઈ ગયેલ સ્લેબ સુધી પહોચ્યો. આ એજ સ્થળ હતું જ્યાં તેણે પોતાનું બાળપણ પસાર કર્યું હતું. ઢગ પરથી નીચે ઉતર્યો, ત્યાની ધૂળ માથે ચડાવી પાછો ચાલતો થયો. બંને પાછા મિલ્ટ્રી કેમ્પ તરફ.

તે મકાનનો કાટમાળ કહેતો હતો કે આ કોઈ રહીશનું મકાન છે.

બીજા દિવસે ભરત તે જગ્યાએ પહોચ્યો, તો મોટા બુલડોઝરથી આ જગ્યા સાફ થતી હતી, વચ્ચેનો કાટમાળ ઉઠાવી લેવામાં આવેતો હેલીકોપ્ટર ત્યાં ઉતરી શકે, અને હેલીકોપ્ટર, અહીં ઉતારવામાં આવે તો મંત્રીશ્રીને મુલાકાત લેવામાં વધારે ચાલવું પડે નહીં, આ સ્થળ સાફ કર્યું ત્યારે ત્યાં રાકેશ પણ દેખાયો તો પૂછ્યા વગર રહી શક્યો નહી કેઃ

તારા ઘરનો ભંગાર પણ આ લોકો ઉઠાવી લે છે તો તને દુખ થતું નથી ?

દેશના કામમાં આવતી કોઈ ચીજને હું મારી માનતો નથી તેણે જવાબ આપ્યો.

તેને તો મા–ભૌમના કાજે શોર્યગાથા રચી પરમવીરચક્ર પ્રાપ્ત કરી જનનીના ચરણોમાં અર્પણ કરવું એજ તેનો જીવન લક્ષ્ય છે. આ જાણી ભરતને દેશ–ભક્તિની પરમકક્ષાનું દર્શન થયું. હવે મેદાન ચોખ્ખું થઈ ગયું, પણ ઘણા અધિકારીઓ હજું આ કાર્યક્રમના આયોજનમાં જ રોકાયા છે. દરેક ચહલ–પહલમાં અને લોકોમાં માત્ર મંત્રી આવવાના છે, તેની જ ચર્ચા છે.

બધા અધિકારીઓનું લક્ષ્ય હવે મંત્રીશ્રીની આગતા–

સ્વાગતામાં જ પરોવાયું છે. કાર્યક્રમ મુજબ મંત્રીશ્રી વિહંગાવલોકન કરશે. સ્થળ પર થયેલ કામગીરીની સમીક્ષા કરશે. અને રાહત રસોડે ભોજન લેશે, કોઈ સહાય પામેલ વ્યક્તિની અંગત મુલાકાત પણ લેશે. જેથી બધા પોતાની કામગીરીમાં વ્યસ્ત છે.

કાર્યક્રમ મુજબ દરેક રાહત રસોડે આદેશ કરી દેવામાં આવેલો છે, કે જ્યાં સુધી મંત્રીશ્રી મુલાકાત લે નહીં ત્યાં સુધી અન્ય કોઈ વ્યક્તિને દાખલ થવા દેવા નહીં !!!

મંત્રીશ્રી અન્ય કામમાં વ્યસ્ત હોવાથી કાર્યક્રમ મોડો શરૂ થયો, અને દરેક રસોડાં મંત્રીશ્રીની રાહમાં છે. રસોડે મોટી ભીડ છે.

પણ આ ભીડમાં રાકેશની નજર પ્રેમાળ, બે આંખો પર પડી. તને ઓળખતા વાર ન લાગી, ઉમદા જીવનલક્ષ્ય આપનાર એ પ્રેમાળ માનો ચહેરો કેમ ભૂલાય? અરે માં તું જીવે છે? ?

પણ, ડ્યુટીમાં તેનાત રાકેશ ભીડમાં સામે સુધી પહોચે તે પહેલા જીપના એસ્કોરટિંગ સાથે ભીડમાંએ રસ્તો કરતાં મંત્રીશ્રી, ધરતી–કંપ અસર–ગ્રત લોકો માટેના રસોડાની મુલાકાતે આવ્યા !!

કાર્યક્રમ પૂરો થયો. રાકેશે માને શોધવા ઘણી કોશિષ કરી પણ જાણે અંધારામા ઓગળી ગઈ. રાકેશના મગજના એક એક તંતુ ખેચાઈ રહ્યા હતાં. સારા ખરાબ વિચારોની ધૂણી ચાલું થઈ ગઈ. અત્યાર સુધી મા–ભૌમની સેવા માટે જીવન–બલી આપવાની પ્રેરણા આપનાર જનેતા મળી છતાં શા માટે નજરથી દૂર છે?

તેનો સમય થતા તેને કેમ્પમાં પાછું ફરવું પડ્યું. વિચારોના હથોડા મગજમાં જીંકાતા હતા. શા કારણે આજ મા મળી નથી? મંત્રીશ્રીની જીપનું વ્હીલ નજરથી દૂર થતું જ નથી. વિચારોના સુદર્શનચક્રમાં જાણે મગજ છેદાય છે. મગજની નસે–નસમાં હેલિકોપ્ટર ઊડે છે. છાવણીમાં બિસ્તર નાખી તે માંડ માંડ લાંબો થયો.

બીજે દિવસે અખબારમાં લોકોએ મંત્રીની મુલાકાતનો અહેવાલ વાંચ્યો, પણ બે ત્રણ દિવસથી રાકેશ દેખાયો જ નથી. તો તપાસ કર્યા વગર ભરતથી રહેવાયું નહી તો, તેણે મિલ્ટ્રીકેમ્પમાં તપાસ કરી તો જાણવા મળ્યું,

અરે ભાઈ ઉસકો ઈન્ટરનલ બ્રેઈન હેમરેજ હો ગયા હૈ, કલભી કોઈ પાગલ ઔરત ઉસકે બારેમે પૂછ રહી થી, આજભી વહી ઔરત આઈ હૈ. કહતી હે રાકેશ દિખાઓ પરમવીરચક્ર દેના હૈ, હમારા હોનહાર જવાં ચલ બસા,

**બીજે દિવસે અખબારમાં લોકોએ મંત્રીની મુલાકાતનો અહેવાલ વાંચ્યો, પણ બે ત્રણ દિવસથી રાકેશ દેખાયો જ નથી. તો તપાસ કર્યા વગર ભરતથી રહેવાયું નહી તો, તેણે મિલ્ટ્રીકેમ્પમાં તપાસ કરી તો જાણવા મળ્યું કે...**

પૂરી બટાલિયન ગમ મે હૈ. કમાન્ડર બોલ્યાં.

ઘણા વર્ષ બાદ તે સ્થળે ફરીને જતાં ત્યાં,

એક સ્ત્રી પાગલ છે, લોકો તેને પરમવીર પદક કહી બોલાવે છે.

સેફ્ટી પીનમાં બંગડી ભરાવી, હાથ ઊંચો કરી દરેક જવાન, પ્રોઢ, બુજર્ગ, પાછળ એકજ રટણ રટતી દોડે છે.

દીકરા તને પરમવીર પદક.

હું તેને સાંભળવા ઊભો રહ્યો, ત્યાં કોઈએ રાડ પડી,

સાહેબ, તે પાગલ છે. તેની પાસે જશો નહીં એ મારશે,

હું ભૂતકાળને યાદ કરતો, મનને મક્કમ કરી, મિલ્ટ્રીવત ટટ્ટાર થઈ સામે ઊભો રહ્યો. તો તે પાગલ સ્ત્રીએ મારા શર્ટમાં બંગડીવાળી પીન ભરાવી.

મેં મિલ્ટ્રીવત ટટ્ટાર ઊભા રહેવાનું ચાલું જ રાખ્યું તો, તે પાગલ સ્ત્રી બોલી,

હાશ મારા દીકરાને પરમવીરચક્ર

અને તે ઢળી પડી.

છોટુભાઈ દામજીભાઈ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઈ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઈના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા–બાપને ભુલશો નહી

# સાચી શ્રદ્ધાંજલી





**બાબુલાલ ડી. મેવાડા, અમદાવાદ**

યુનિવર્સિટીના મેદાનમાં ઔદ્યોગિક મશીનોનું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં જાતજાતના મશીનો જોવા મળતા હતા. હજારો કારખાનેદારો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને સામાન્ય જનતા તેની મુલાકાત લેતા હતા. આ વખતે પ્રદર્શનમાં એક નવી જ જાતનું મશીન મુકાયું હતું. જે સૌનુ ધ્યાન ખેંચતું હતું. આ મશીન મલ્ટીપરપઝ વાળુ હતું. જેથી અનેક જાતના કામ કરતું હતું અને બીજા મશીનો કરતા અડધા ખર્ચમાં તૈયાર થતું હતુ. આ ઉપરાંત બીજા મશીનો કરતા ડબલ ઝડપે કામ કરતું તેવી તેની ડીઝાઇન અને રચના કરેલી હતી. આવી ડીઝાઇન અને આવુ મશીન આજ સુધી કોઇએ બનાવ્યું ન હતું. તેથી સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. સૌ કોઇ ફરતા ફરતા આ મશીન પાસે આવીને અટકી જતા અને આ મશીન વિશે અનેક જાતના પ્રશ્નો પુછતા, માહિતી મેળવતા. પત્રકારો પણ મશીન બનાવનારનો ઇન્ટરવ્યુ લેતા, મશીનના ફોટા પાડતા અને સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા હતા.

આ મશીન એક નવ યુવાને બનાવ્યું હતું. એ યુવાન ગામડાના એક સામાન્ય કારીગરનો દીકરો હતો, એન્જિનિયરીંગમાં ડીપ્લોમા સુધી અભ્યાસ કર્યા પછી નોકરી માટે ખુબ પ્રયત્નો કર્યો, ઓળખાણો અને લાગવગો લગાડી પણ ખાસ જોઇએ તેવી નોકરી ન મળી. તેથી કંટાળીને ઔદ્યોગિક વિસ્તારમાં એક નાનકડો શેડ ભાડે રાખીને પોતાનો ધંધો શરૂ કર્યો. મોટી કંપનીઓ અને સંબંધીઓ પાસેથી નાનુ મોટુ કામ મેળવતો અને જાતે જ કામ કરતો. થોડા વખત પછી કારીગરો રાખીને પોતે જ મશીનો બનાવવા લાગ્યો. કારીગરનો દીકરો હતો, મહેનત કરવાની તૈયાર હતી, ભણેલો પણ હતો પછી શું જોઇએ ? કહેવાય છે કે, મોરના ઇંડા ચીતરવાના ન હોય, જો કે ખુબ મહેનત કરવા છતાં ધંધામાંથી માંડ રોટલા નીકળતા. આ ધંધામાં ખુબ જ હરીફાઇ હતી. રાક્ષસીકદની મોટી મોટી કંપનીઓ પણ આવા મશીન બનાવતી હતી તેની સામે હરીફાઇમાં ટકવું નાના કારખાનાવાળા માટે મુશ્કેલ હતું તેમ છતાં પોતાનો ધંધો ચલાવે રાખતો હતો.

**‘ભાઇ તને ખબર તો છે કે આજના જમાનામાં કોઇ કારીગર મળતા નથી, મળે છે તો વધુ સમય ટકતા નથી. કોઇને મહેનત કરવી નથી. મારી તો ઉંમર થઇતેથી મારાથી ખાસ કામ થતું નથી. મેં તો આખી જિંદગી ખુબ જ કામ કર્યું છે.’**

પ્રદર્શનમાં રસ ધરાવનાર અને જાણકાર મુલાકાતીઓ સૌ કોઇ આ મશીન વિશે અનેક પ્રશ્નો પુછતા જેવા કે આની ડીઝાઇન કેવી રીતે બનાવી ? કોણે બનાવી ? કયાંથી શીખી લાવ્યા ? આવો વિચાર કેવી રીતે આવ્યો ? વગેરે આ પ્રશ્નોના પ્રત્યુતરમાં યુવાને જણાવ્યું તે પ્રમાણે આ મશીન બનાવવાનું તેને ત્રિભોવનકાકાએ શીખવ્યું હતું. એક દિવસ સાંજના સમયે વટવાના ઔદ્યોગિક વિસ્તારની એક ગલીમાંથી પસાર થતો હતો અને તેનું બાઇક એકાએક બંધ પડ્યું. ખુબ પ્રયત્નો કર્યા પણ બાઇક ચાલુ ના જ થયું. આજુબાજુ કોઇ નજરે ના પડ્યું. માણસોની અવરજવર વગરની નિર્જન જગ્યા હતી. અંધારુ થવા આવ્યું હતું. આ યુવાન ખુબ મુંઝાયો, ગભરાયો બીક પણ લાગવા લાગી પણ શું કરવું ? ત્યાં તો બાજુમાં નજર કરી તો એક કાકા કારખાનું ખોલીને બેઠા હતા. આ યુવાન બાઇક દોરીને તેમની પાસે ગયો અને બાઇક બંધ પડ્યું છે તે વાત કરી. કાકાએ થોડી જ મિનિટોમાં બાઇક ચાલુ કરી આપ્યું અને તે યુવાનને પાસે બેસાડ્યો.

યુવાને કાકાનો આભાર માન્યો અને કાકાનું નામ પુછ્યું.

'ત્રિભોવન પંચાલ' કાકાએ જવાબ આપ્યો.

આ કાકાને યુવાનમાં રસ પડ્યો અને પુછ્યું, 'બેટા તું શું કરે છે ?'

'મારે પણ વટવામાં નાનુ કારખાનું છે, પેકિંગના તેમજ અન્ય નાના નાના મશીનો બનાવું છું. પરંતુ કાકા મોટી કંપની સામે હરીફાઇમાં ટકવું  મુશ્કેલ છે તેથી મહેનત પ્રમાણે નફો મળતો નથી.'

'બેટા મહેનત ચાલુ જ રાખ, મહેનત કદી નકામી જતી નથી.'

'કાકા કારખાનું તો ખુબ જ અવાવરૂ છે, જુઓને જયાં ત્યાં કચરો પડ્યો છે જાળા બાઝ્યા છે, કોઇ કારીગર પણ નથી. તમે એકલા જાતે કામ કરો છો.'

'ભાઇ તને ખબર તો છે કે આજના જમાનામાં કોઇ કારીગર મળતા નથી, મળે છે તો વધુ સમય ટકતા નથી. કોઇને મહેનત કરવી નથી. મારી તો ઉંમર થઇતેથી મારાથી ખાસ કામ થતું નથી. મેં તો આખી જિંદગી ખુબ જ કામ કર્યુ છે. જીવનમાં નવા નવા ઘણા અખતરા કર્યા છે. હું ભણેલો તો ન હતો. પરંતુ એક અંગ્રેજ કંપનીમાં નોકરી કરી હતી. એન્જિનિયરો પાસેથી ખુબ શીખ્યો છું. તેમાં મારી મહેનત ભળી. પછી તો મેં મારુ પોતાનું કારખાનું કર્યુ. એન્જિનિયરો પાસે તો પુસ્તકીયું જ્ઞાન હતું, જયારે મારી પાસે તો બધી જ જાતના અનુભવ હતા. કેટલીક વાર તો એન્જિનિયરો ગુંચવાય ત્યારે મારી પાસે આવતા અને હું તેમને રસ્તો બનાવતો. કોઇને કામ શીખવાનો, યુવાનોને તૈયાર કરવાનો મને ખુબ જ શોખ હતો. આપણી જુની આવડત, હોશીયારી નષ્ટ ન થાય. છોકરાઓ પેઢી દર પેઢી શીખતા જ જાય તેવી મારી ઇચ્છા હતી. પણ અત્યારે તો કોઇ શીખતું જ નથી વડીલોની વાત કોઇને ગમતી નથી, જુનવાણી લાગે છે.

'તમારા દીકરા આ કામમાં મદદ કરતા નથી ?' યુવાને પુછ્યું.

'મારે બે દીકરા છે, પરંતુ તેમને તો આ મહેનતનું કામ કરવું જ નથી ને કામ કરતાં શરમ આવે છે, તેમને તો ખુરશીમાં બેસીને સાહેબ થવું છે. વ્હાઇટ કોલર જોબ જ કરવી છે. હાથ કે કપડા કાળા થાય તે તેમને મંજુર નથી. એક છોકરો તો લગ્ન કરીને અમેરિકા જતો રહયો. બીજો છોકરો ભણવામાં સાધારણ હતો. તેને આ ધંધામાં ગોઠવવા મેં ખુબ પ્રયત્નો કર્યા. તેને પરાણે સમજાવીને હું કારખાને લાવું પણ તેનું દિલ ધંધામાં લાગ્યુ જ નહીં. તે માંડ માંડ ગ્રેજયુએટ થયો અને અત્યારે સરકારી ઓફિસમાં કારકુનની નોકરી કરે છે. અહીં ફરકતો પણ નથી. મારી પાસે તો નવા નવા અનેક આઇડીયા છે પણ હું તો હવે કામ કરી શકતો નથી. મારે કોઇકને શીખવવું છે પણ આજે તો કોઇ શીખવા તૈયાર જ નથી.

'તો મને શીખવોને' યુવાને કહ્યુ.

'તને શીખવું તો ખરું, મને ગમશે પણ ખરું પણ એ માટે મારી કેટલીક શરતો છે તે તારે પાળવી પડશે.

'પાળીશ, બતાવો કાકા આપની શરતો, શરતો પણ પાળીશ અને જીવનભર આપનો ઉપકાર પણ ભુલીશ નહીં

'ફક્ત દસ દિવસમાં હું તને એવી ડીઝાઇનના નવા જ પ્રકારના મશીનો બનાવતા શીખવીશ કે જે આજ સુધી કોઇએ બનાવ્યા ન હોય. તે માટે તારે દસ દિવસ અહીં મારી પાસે શીખવા આવવું પડશે. તે માટે હું કોઇ ફી કે ચાર્જ લઇશે નહીં. દરરોજ સાંજે છ વાગ્યા પછી આજુબાજુના કારખાના બંધ થાય તે પછી આવવાનું અને દરરોજ બે કલાક કામ કરીશું. આ ઉપરાંત આ કામ શીખવા તું અહીં આવે છે તેવી વાત કોઇને પણ કરવી નહીં. આ વાત ખાનગી રાખવી પડશે. આટલી મારી શરતો છે.

યુવાને ત્રિભોવનકાકાની શરતો કબુલ રાખી અને દરરોજ સાંજે નિયમિત ત્રિભોવનકાકા પાસે કામ શીખવા જવા લાગ્યો. કામમાં પાવરધો થયો, સખત મહેનત તો હતો તેના આધારે આ એક નવું મશીન બનાવ્યું જે સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું. સૌ કોઇ આ યુવાનને તેનું અને ત્રિભોવનકાકાનું સરનામુ પુછવા લાગ્યા અને તેમને રૂબરૂ મળવાની ઇચ્છા વ્યકત કરી.

યુવાને કહ્યું, આ મશીન પ્રદર્શનમાં મુકવાની એટલી બધી ઉતાવળ હતી કે મશીન બનાવ્યા પછી હું પણ ત્રિભોવનકાકાને મળવા જઇ શકયો નથી. મારે પણ તેમને મળવા જવાનું જ છે. મારે તેમનો આભાર માનવાનો છે. કારણ કે આ જશના ખરેખરે તો તેઓ અધિકારી છે. કોઇપણ જાતના સ્વાર્થ વગર પોતાનો સમય બગાડીને મને આ કામ એમણે શીખવ્યું છે. આવતીકાલે સવારે જ તમો મારે ત્યાં આવો આપણે સૌ સાથે જ ત્રિભોવનકાકાને મળવા જઇશું.

બીજે દિવસે સવારે રસ ધરાવનાર બે ચાર ઉદ્યોગકારો આ યુવાનને ત્યાં ગયા. ત્યાંથી ત્રિભોવનકાકાનું કારખાનું હતું. એમને લાગ્યુ કે કોઈ કારણસર આજે કદાચ રજા રાખી હશે તેથી કારખાનું ખોલ્યું નહીં હોય તેથી બાજુમાં આવેલ કારખાના વાળાને ત્યાં ગયા અને પુછયું, 'આ કારખાનું આજે બંધ છે ?' બાજુના કારખાનાવાળાએ કહ્યું, એ તો વર્ષોથી બંધ છે, એની હાલત જોઈને ખ્યાલ નથી આવતો કે આ કારખાનુ ખુલતું હોય તેમ નથી.'

'તો ત્રિભોવનકાકા ક્યારે અને ક્યાં મળશે ?'

'કોણ ત્રિભોવનકાકા'

'આ કારખાનાના માલિક ત્રિભોવન પંચાલ.'

'અરે ભાઈઓ તમને કોણે મોકલ્યા ? ત્રિભોવનકાકાને તો ગુજરી ગયે દસ વર્ષ થયા, દસ વર્ષ પહેલા તેમનું અવસાન થયેલ છે તે અહીં ક્યાંથી હોય ! કાકા તો ખુબ જ મહેનતુ હતા, બહુ જ ઉત્સાહથી અને ધગશથી તેમનું કામ કરતા હતા. પરંતુ તેમના અવસાન પછી તેમના દીકરા આ બાજુ કારખાનું જોવાય આવતા નથી. કારખાનું કદી ખુલ્યુ જ નથી. ત્રિભોવનકાકાને આ કારખાના સાથે ખુબ જ માયા અને લાગણી હતી, લોકોને નવું નવું શીખવવાનું હોશ હતી.

આ વાત સાંભળીને આ લોકો તો આશ્ચર્યથી જોઈ જ રહયા અને યુવાન તો વિચારમાં જ પડી ગયો કે તો પછી 'મને કામ શીખવનાર કોણ ? કાકાએ મુકેલ શરતો તેને યાદ આવી અને પરિસ્થિતિ સમજતાં તેને વાર ના લાગી. યુવાને કારખાનાના પગથીએ જઈ માથુ નમાવી નતમસ્તકે પ્રણામ કર્યા. આ મહામાનવને હૃદયથી સાચી શ્રદ્ધાંજલી આપી, તેમના અધુરા સપના પુરા કરવા બનતો પ્રયત્ન કરીશ તેવું મનોમન નક્કી કર્યું. ત્રિભોવનકાકાના આત્માને પરમકૃપાળુ પરમાત્મા મુક્તિ અને શાંતિ આપે તેવી પ્રાર્થના કરી.


# વિશ્વકર્મા વિશ્વ

## ઘર બેઠા લવાજમ ભરો,
## ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.




Paytm | G Pay

**મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર**
**Paytm અથવા G Pay કરો**


**અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...**

**www.vishwakarmavishwa.com પર તેમજ વિશ્વકર્મા વિશ્વની મોબાઈલ એપ ડાઉનલોડ કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...**


|| શ્રી વિશ્વકર્માય નમઃ ||
CHAKRA BRAND®
WIRE NAILS
Manufacturers of :
» Wire Nails
» Panel Pins
» Annular Ring Shank Nails
» Stainless Steel Nails
R. P. PRODUCTS
Plot No. 2 & 7,
Shiv Industrial Estate,
Opp. Gujarat Casting,
Veraval - Padavala Road,
Padavala, Tal. Kotda Sangani,
Dist. Rajkot - 360 024. (Gujarat)
Bharat Sakdecha
94267 87939
Darshit Sakdecha
84602 09071
wirenails@gmail.com
www.chakranails.com


Hardik B. Jolapara - +91 95101 58321
ACCURATE CUT
SERVICE
CNC PLASMA & LASER CUTTING
Cutting According to Drawing on CNC Machine
1mm to 30mm SS
1mm to 30mm MS
આપના ડ્રોઈંગ મુજબ દરેક પ્રકારના ઈન્ટીરીયલ
ડિઝાઈન તથા ઈન્ડસ્ટ્રીયલ પાર્ટસ કટીંગ કરી આપીશું.
Email :
acscut@gmail.com
Atika Industrial Area, Atika Street No.-2, Opp. Kishan Weighbridge, Dhebar Road, Rajkot(Guj.)

**Mukesh D. Surelia**
Cell : +91 98252 32476
+91 94287 29781




# Dinesh INDUSTRIES

Mfg. **Wood Working Machinery**

Char Rasta, Jamkhambhalia - 361 305
Dist. Dev Bhoomi Dwarka (Gujarat) INDIA
Ph. : +91-02833-232476
E-mail : dineshind87@yahoo.in

## With Best Compliments...

Dinesh D. Surelia
*Proprietor*

# *Laxmi Industries*

Manufacturing of Wood Working Machinery

Porbandar Road, JAM KHAMBHALIA-361305 (Dist : Dev Bhoomi Dwarka)
Email : laxmiind98@live.com, Phone : (O) : (02833)232204 (R) : (02833)235018 (M) : 94264-58904

SARASWATI®

SEW

# SARASWATI ENGINEERING WORKS

**(since 1969)**

**(Jam-khambhaliya)**

**"SARASWATI" Brand wood working machinery manufacturer**

## NOW SHIFTED TO AHMEDABAD.

**Ahmedabad**

**SARASWATI ENGINEERING WORKS**

mfgr. of Saraswati Brand woodworking machinery, Shed No. 187, Tulsi Estate, Opp. Bhagyoday Hotel, Canal Road, Bagodara Highway, Changodar,
Ahmedabad - 382213 (Gujarat) India
Contact :- **Ravi Sureliya** +91 99250 30767
Email: saraswati@live.in







**Jamnagar**

**SARASWATI CORPORATION**

(mfgr. of wood working machinery)
Plot No. 3964, "U" Road, Phase-III, GIDC,
Dared, Jamnagar-361004 (Gujarat)
**Contact :- Shantilal Sureliya**
+91 98252 10767



# અકસ્માત સમયેની ૨૪ કલાક સારવાર

## અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો
## હવે યશ હોસ્પિટલમાં મળી શકશે

### ડૉ. અમીત ઝાલા
M.S. DNB (ORTHO)
કમરના મણકાના દર્દો, કમરના મણકાંની ગાદીના દુરબીન તેમજ લેસરથી ઓપરેશન કમરની જન્મજાત ખોડખાંપણ, ડોકના મણકાંની તકલીફના સ્પેશ્યાલીસ્ટ

દર મહિનાના ચોથા શનિવારે
સવારે ૯-૦૦ થી ૧-૦૦ કલાકે

### ડૉ. સંજય ત્રિવેદી
M.S. (ORTHO)

### ડૉ. અર્ચિત ગાંધી
M.S. (ORTHO)
આર્થોસ્કોપી, સ્પોર્ટસ મેડીસીન, સ્પોર્ટસ ઈન્જરી, સ્પોર્ટસ રીહેબીલીટેશન તથા રીકન્સ્ટ્રકટીવ જોઈન્ટ સર્જરી ગોઠણના સાંધાની ગાદી તથા લીગામેન્ટ (નાંદીયો)ઓપરેશનના સ્પેશ્યાલીસ્ટ

દર મહિનાના પહેલા શનિવારે
સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ કલાકે

### ડૉ. વિનય પરાસર
M.S. (ORTHO)

### ડૉ. ડીમ્પલ પારેખ
M.S. (ORTHO)
થાપાનાં અને ગોઠણનાં સાંધા બદલાવવાના સ્પેશ્યાલીસ્ટ

દર મહિનાના ત્રીજા શનિવારે
સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે

### ડૉ. મનીષ રાવલ
M.S. M.Ch.
પેરીફરલ એન્જીયોગ્રાફી, પેરીફરલ એન્જીયોપ્લાસ્ટી લેઝર વેરીકોઝ વેઈન, ગેંગરીન, A-V FISTUALA, મગજ, કીડની, હાથ અને પગની લોહીની નળીના નિષ્ણાંત

દર મહિનાના ચોથા શનિવારે
સાંજે ૭-૦૦ થી ૯-૦૦ કલાકે

### ડૉ. ધીરેન ગંઝવાલા
M.S. (ORTHO)
બાળકોને લગતા હાડકાના સાંધા અને સેરેબ્રલ પાલ્સીના નિષ્ણાંત

દર મહિનાના પહેલા શનિવારે
સવારે ૯-૦૦ થી ૧૦-૦૦ કલાકે

### ડૉ. પરાગ શાહ
M.S. (ORTHO)
ખંભા, કાંડા તથા કોણીના સ્પેશ્યાલીસ્ટ

દર મહિનાના પહેલા મંગળવારે
સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ કલાકે

### ડૉ. દિનેશ એમ. ચૌહાણ
M.S. (Ortho.) M.Ch. (U.S.A.)
A.O. Fellow, (Switzerland)
ગોઠણ અને થાપાના સાંધા
બદલાવવાના નિષ્ણાંત
ફ્રેકચર, એકસીડન્ટ, પોલીયો,
જન્મજાત ખોડખાંપણ,
સાંધાનો દુ:ખાવો તથા
કમરના દર્દોના નિષ્ણાંત

### ડૉ. જાગૃતિ ડી. ચૌહાણ
M.D. (Ayu.)
ડાયેટ પ્લાનીંગથી
વધારે વજન ઘટાડવો,
ડીપ્રેશન, અનિંદ્રા, હરસ,
મસા, ભગંદર, વંધ્યત્વ
જેવા રોગોમાં આયુર્વેદીક
પધ્ધતિથી સારવાર



## યશ હોસ્પિટલ
વિદ્યાનગર મેઈન રોડ, રાજકોટ-૨. ☎ 2481416 | 2463744
📱 9824043843 | ✉ yashhospital22@gmail.com

# ‘સગપણ’ (વાર્તા)



**શીતલ ભાડેશિયા,**
**રાજકોટ**

**૧૦૮માં દાજી ગયેલી દિશીને તાત્કાલીક બાજુના શહેરની હોસ્પિટલે લઈ ગયા. સૂરજ અને તેના માતા-પિતા પણ તરત જ આવી પહોંચ્યા. સૂરજ માટે આ અસહય વેદના હતી કે તેની ભાવિ પત્ની પર આ કેવી આપત્તિ આવી પડી. આ કુદરતનો કેર સમજવો કે બેદરકારી.**

કહેવાય છે ને કે, દવા માણસને સાજો કરે છે. ને સ્નેહ માણસને સજીવન કરે છે. અંધ-અપંગ બાળકોની સરસ્વતી શાળાના ઈનામ વિતરણ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે આવેલી દિશી ગજ્જરના શબ્દો શાળામાં બાળકોને પ્રોત્સાહિત કરવા જયારે દિશીએ એકાવન હજારનું અનુદાન આપ્યુ ત્યારે સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠયો. શાળાના ઈનામવિતરણ કાર્યક્રમમાં બાળકોને પ્રેરણારૂપ જોમ અને જુસ્સાથી ભરપુર એવી યુવતી દિશી ગજ્જર અતિથિ વિશેષ છે દિશીએ જન્મથી અપંગ ન હતી પરંતું તેના જીવનમાં એવી કરૂણ ઘટના બની હતી કે તે એક હાથ અને બે પગથી અપંગ બની ગઈ છતા પણ જીવનમાં હિંમત ન હારેલી. દિશી એ જીઈબીમાં નોકરી કરે છે અને હાલ પોતાનું સુખી દામ્પત્યજીવન જીવી રહી છે. પરંતુ તે એ દિવસને ક્યારેય ભૂલી નહીં શકે જયારે તેની સાથે કુદરતે ક્રુર મજાક ર્ક્યો.. હજી સગાઈના બે જ મહિના થયા હતા તેની સગાઈના એ સોનેરી દિવસો આજે પણ તેને યાદ છે.

સગાઈના દિવસનો અરૂણોદય પ્રભાતના કિરણોને આમંત્રણ આપીને સોનેરી કિરણો બનીને પાથરી રહયો હતો. પવન તો જાણે ખુશીઓની લહેરો લઈને બારણે ટકોરા મારી રહયા હતા અને ઘરમાં તો બધાના હૈયે જાણે ઉત્સાહનું પૂર હિલોળે ચડયુ હતુ. પિતાના હૃદયપટની તો વાત જ ન પુછો પોતાની લાડક્વાયી દીકરી આજે સગાઈ હતી ‘દીકરી બધાના નસીબમાં ક્યાં હોય છે. ઈશ્વરને જે ઘર પસંદ પડે ત્યાં જ હોય છે.’ મનમાં મલક્તી શણગાર સજી-ધજીને આવેલી દીકરીને જોઈને પિતાથી બોલાઈ ગયુ કે, ‘મારી દીકરીને કોઈની નજર ન લાગે.’ કહેવાય છે કે મીઠી નજર ‘માં’ની હોય. દિશીના હૈયે તો જાણે

‘મેં...તો સૂરજને રોપ્યો છે આંગણે...
મારા ફળિયાની કાંકરીઓ ઝળહળે રે...લોલ
મેં...તો ચંદાને મુક્યો છે પાંપણે..
મારા સપનાના દરિયાઓ ખળખળે...રે..લોલ’

એક દિવસ નવીનભાઈનો ફોન આવ્યો કે ‘રમેશભાઈ તમારી દીકરી દિશી માટે એક મુરતિયો છે. આપના બાજુના ગામનો સૂરજ. સૂરજ સંસ્કારી, શિક્ષિત અને દેખાવડો છે. જો આપની હા હોય તો સગાઈ માટે વાત આગળ ચલાવી.’

દીકરી માટે સગાઈની વાત આવી ત્યારે રમેશભાઈને મનમાં થયુ કે, ‘અરે...! મારી દીકરી હમણા મારી સામે ચાલતા શીખી, ઢીંગલી સાથે રમતી, ગૌરી પૂજન કરતી, શાળાએ જતી, ઢીંગલી જેવી મારી દીકરી ક્યારે મોટી થઈ ગઈ ખબર જ ન પડી.’ માતા-પિતાના હૃદયે તો એજ ભાવ હોય કે મારી દીકરીને સાત સારું સાસરિયુ મળે. રમેશભાઈએ પત્નીને વાત કરી, તેને કહ્યુ દિશીને પહેલા પૂછી લઈએ, તેનો શુ વિચાર છે? દિશી પણ સંસ્કારી પરિવાર અને

ભણેલી હતી. તેને કયુ કે 'મમ્મી–પપ્પા આપનો નિર્ણય હશે તે જ મારો હશે.' બસ બંને પરિવારને અનુકૂળ આવ્યુ અને આજે સગાઈનો દિવસ આવી ગયો.

દિશી એટલે જાણે ફુલોના કરંડીયામાં સંતાળીને રાખેલ મઘમઘતી મોગરાની વેણી. સગાઈમાં આવેલા મહેમાનો કહેવા લાગ્યા કે 'દિશી અને સૂરજની જોડી જાણે રામ–સીતાની જોડી લાગે છે. સાસરિયે દિશીને કંકુ પગલા થયા કોડ ભરેલી કન્યાએ ભાવિના ભરથાર સાથે ચાર આંખોએ સંગાથે જીવવાના સપના સેવ્યા. સગાઈ અને લગ્ન વચ્ચેનો સમય યુવાન હૈયાનો સોનેરી સમય હોય છે. બસ આવુ જ હતુ. દિશી અને સૂરજ. પરંતુ કુદરતનો કાંઈક ઓર મંજુર હતુ. એક દિવસ દિશી પિતાના ઘરે કચરા પોતા કરતી હતી. ત્યારે ૬૬ કે.વી.નો વીજ વાયર તેના ઘરના છાપરા પર પડયો હતો. આ જીવતા તારનો કરંટ ઘર નજીક બારીમાં ઉતર્યો હતો. દિશી બારીના લોખંડના સળિયા પર ભીનું પોતુ સૂકવવા ગઈ કે તરત જ વાયરનો ભારે કરંટ લાગ્યો કરંટનો ઝાટકો એટલો જોરદાર હતો કે, દિશી બચાવો... બચાવોની ચીસ પાડી ત્યાં બેભાન થઈ ગઈ દિશીના મમ્મી બાજુના રૂમમાંથી બહાર આવ્યા ને જોયું તો જાણે તેની માથે તો આભ તુટી પડયો. તરત દિશીના પિતા અને ભાઈને બોલાવ્યા. ૧૦૮માં દાજી ગયેલી દિશીને તાત્કાલીક બાજુના શહેરની હોસ્પિટલે લઈ ગયા. સૂરજ અને તેના માતા–પિતા પણ તરત જ આવી પહોંચ્યા. સૂરજ માટે આ અસહય વેદના હતી કે તેની ભાવિ પત્ની પર આ કેવી આપત્તિ આવી પડી. આ કુદરતનો કેર સમજવો કે બેદરકારી.

તાત્કાલિક તેની સારવાર કરવામાં આવી. થોડી રાહત થઈ પણ કેસ એટલો ગંભીર હતો કે ડોકટરે કહયુ કે, 'આધુનિક સારવાર માટે તેને અમદાવાદ લઈ જવી પડશે.' અમદાવાદ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તબીબોને માલુમ પડયુ. તેને તરત રમેશભાઈ અને સૂરજને બોલાવીને કહયુ કે, 'દિશીના બંને પગ ઘુંટણથી ઉપર સુધી કરંટ ગયો છે. આથી ઈન્ફેકશન વધી જવાથી જીવ બચાવવા બંને પગ ઘૂંટણ સુધી કાપવા પડશે. અધૂરામાં પુરૂ જે જમણો હાથમાં કરંટ લાગવાથી છૂટો પડી ગયો હતો તેમાં પણ સડો વધતા ખંભા સુધીનો ભાગ કાપવો પડશે.'

આ સાંભળતા જ રમેશભાઈનુ હૈયુ કાંપી ઉઠયુ આંખો સામે અંધારા આવવા લાગ્યા આંખોની ક્ષિતિજો ભીની થવા લાગી શુ કરવું કઈ સમજાતુ ન હતું પિતાના હૃદયની વ્યથા એક તરફ દીકરીની હાલત, તેના ભવિષ્યની ચિંતા. ઓપરેશનનો ખર્ચ. ત્યાં જ તેમના જમાઈએ તેમના ખંભા પર હાથ મૂક્યો અને કહયુ કે, 'પપ્પાજી, તમે ચિંતા ન કરો. હું છું ને ઈશ્વરને ત્યાં દેર છે અંધેર નહી અને દિશીની પણ ચિંતા ન કરો જો આવુ લગ્ન પછી બન્યુ હોત તો...? દિશી સાથે હું જીવનભર સાથ નિભાવી. તે મારી જીવન સંગીની છે.' આ સાંભળતા જ પિતાના હૃદયનો જાણે ભાર હળવો થઈ ગયો હોય તેવો ભાસ થયો અને ઈશ્વરનો આભાર માતા કહયુ કે, 'ઈશ્વર તારો ખૂબ ખૂબ આભાર તે મને જમાઈ નહીં બીજો દીકરો આપ્યો છે. મારા જમાઈ અને તેના માતા–પિતાએ તેની ખાનદાની બતાવી છે.'

દિશી માટે આ પરિસ્થિતિને સ્વીકારવી અઘરી હતી. પરંતુ પરિવારના સ્નેહે તેને જીવન જીવવાની ઉર્જા આપી. એક મહિના સુધી સતત તેનો ભાવિ ભરથાર તેની સેવામા ખડેપગે રહયો. સમાજના લોકોનો પણ આર્થિક સહયોગ મળ્યો અને જીઈબીની બેદરકારીને લીધે જે આ થયુ તે બીજા સાથે ન થાય તે માટે લોકોએ લડત ચલાવી. જીઈબીવાળા કોડ ભરેલી દિશીને એક હાથ અને બે પગ તો ન આપી શક્યા પરંતુ નોકરી આપીને પગભર કરી અત્યારે દિશી અપંગ હોવા છતા પણ કૃત્રિમ હાથ–પગ સાથે. સૂરજ સાથે એક પ્રેરણાદાયી સુખી દાંપત્યજીવન જીવી રહી છે. જે સમાજે તેને આપ્યુ તે સમાજને અનુદાનરૂપે બાળકોને આપી રહી છે.

એવુ કહેવાય છે... ન... કે, 'અગર ઈરાદો બુલંદ હોય તો કોઈપણ પ્રકારનું અશક્ય લાગતુ હોય તેવુ ધ્યેય પણ સિદ્ધ કરવુ આસાન થઈ જાય છે. મારાથી આ નહી થાય અને પેલુ નહીં થાયે એવી કેટલીય પોતાની જાતે ઉભી કરી દીધેલી લાચારીના પિંજરામાં કેદ થઈ ગયેલા અનેક લોકો માટે આવી સ્વ લાચારીમાંથી બહાર આવીને પોતાની દ્રઢ ઈચ્છાશક્તિ દરેકમાં હોય જ છે. ઘણી વાર એ સુષુપ્ત અવસ્થામાં પડી હોય છે. ક્યારેય ઉપયોગ ર્ક્યો ન હોવાથી એની કરિશ્માઈ તાકાતનો આપણને ખ્યાલ નથી હોતો. જરૂર છે એના પર ચડી ગયેલી ધૂળને ખંખેરવાની ને ઉંચી ઉડાન ભરવા માટે આગળ આવવાની કારણ કે 'મંજિલ ઉન્હીં કો મિલતી હે, જિનકે સપનો મેં જાન હોતી હે, પંખો સે કુછ નહી હોતા હોસલો સે ઉડાન હોતી હે.'


જીઈબી ઓફિસર દિશી ગજ્જરના પ્રેરણાદાયી વક્તવ્ય સાથે વાતાવરણ તાળીઓથી ગુંજી ઉઠયુ

–

# દશરથ પુત્રી શાંતા

## - રામાયણનું વિસરાયેલ પાત્ર-





**ભાવિન કથ્રેચા,
રાજકોટ**

**રામાયણ ગ્રંથનુ એવુ જ એક ખુબ ઓછુ જાણીતુ અથવા બહુ મહત્વ ન અપાયેલ, વિસરાયેલ પાત્ર છે. દશરથરાજા અને કૌશલ્યા રાણીની પુત્રી શાંતા, દક્ષિણ ભારતમાં પ્રસિધ્ધ થયેલ રામાયણ શાંતાના પાત્ર પર વિશેષ ધ્યાન ખેંચ્યુ છે.**

ભારતીય સંસ્કૃતિ અતિ પ્રાચિન સંસ્કૃતિઓ માની એક છે. ભારતિય સંસ્કૃતિમાં શાસ્ત્રો, વેદો, ઉપનિષદો, પુરાણો, રામાયણ, મહાભારત અને શ્રીકૃષ્ણ ભાગવત ગ્રંથને અતિ મહત્તા આપવામાં આવી છે. વાલમિકીએ રામાયણ ગ્રંથની રચના કરી છે, ત્યારબાદ તુલસીદાસજી એ રામાયણની ચોપાઈઓ લખી છે. જે ખુબ જ લોકપ્રિય બની છે. રામાયણ, મહાભારતમાં ઘણા એવા પાત્રો છે જે ખુબ પ્રચલિત થયા છે. તેના પાત્રો પરથી એક આખુ પુસ્તક લખી શકાય તેવા ઉતમપાત્રો તેમા સમાયેલા છે. પરંતુ ઘણા એવા પાત્રો છે જેને વિશેષ મહત્વ અપાયેલ નથી. રામાયણ ગ્રંથનુ એવુ જ એક ખુબ ઓછુ જાણીતુ અથવા બહુ મહત્વ ન અપાયેલ, વિસરાયેલ પાત્ર છે. દશરથરાજા અને કૌશલ્યા રાણીની પુત્રી શાંતા, દક્ષિણ ભારતમાં પ્રસિધ્ધ થયેલ રામાયણ શાંતા ના પાત્ર પર વિશેષ ધ્યાન ખેચ્યુ છે.

દશરથ જયારે અયોધ્યાના રાજકુમાર હતા ત્યારે તેમણી સાથે અંગદેશના રાજકુમાર રોમયાદ બને એક જ ઋષિના આશ્રમમાં સાથે રહી અભ્યાસ કરતા હતા. બને જણાની બાળપણમાં જ ઘનિષ્ઠ મિત્રતા થઈ ગઈ હતી. દશરથ ધર્નુવિદ્યામાં નિપૂણ થયા હતા, જયારે  રોમયાદ જયોતિષવિદ્યામાં પારંગત થયા હતા. અભ્યાસ પૂર્ણ થતા રોમયાદે ભૂલથી જયોતિષ વિદ્યાના અભ્યાસમાં પોતાનુ જ ભવિષ્ય નિહાળી લીધુ, તેમા તેમણે જાણ્યુ કે તેમણે કોઈ સંતાનયોગ નથી. આ કારણવશથી રોમયાદ ખૂબ વ્યથિત રહેવા લાગ્યા, અભ્યાસ પૂર્ણ થતા બંનેને વિખુટા થવાની વેળા આવી ત્યારે પોતાની દેદના રોમયાદે દશરથ આગળ વર્ણવી. પોતાના પરમમિત્રની અપાર વેદના જાણી દશરથ બોલ્યા કે મિત્ર હું તમને વચન આપુ છુ કે મારૂ પ્રથમ જે કોઈ સંતાન થશે (પુત્ર કે પુત્રી) તે હું તમને સાંપી દઈશ.

રાજકુમાર દશરથ અયોધ્યા પરત આવ્યા બાદ તેમણા વિવાહ કૌશલ્યા સાથે થયા. કૌશલ્યાની કુખે એક પુત્રીનો જન્મ થયો કુલગુરૂ વસિષ્ઠે તે સ્વરૂપવાન રાજકુમારીનું નામ શાંતા રાખ્યું. શાંતા અતિ ચતુર, હોશિયાર, વિજ્ઞાન, સાહિત્ય અને યુદ્ધકળામાં પણ બહુજ નિપૂણ હતા.

રોમચાદના વિવાહ કૌશલ્યાની બહેન વર્ષીણી સાથે થયા હતા. રોમચાદ અને વર્ષીણી એક્વાર અયોધ્યાના મહેમાન બન્યા, તેમણે કોઈ સંતાન ન હતું રોમચાદ જાણતા હતા કે તેની કુંડલીમાં સંતાન સુખના યોગ છે જ નહી. બધા કુંટુંબીજનો સાથે બેસી વાતો કરી રહ્યા હતા ત્યારે વર્ષીણીનુ ધ્યાન શાંતા પર પડ્યુ અને તે કરૂણ સ્વરે બોલ્યા કે અમે પણ શાંતા જેવુ જ તેજસ્વી સંતાન ઈચ્છીએ છીએ, વર્ષીણીની વ્યથા સાંભળી યુવાનીમાં પોતાના મિત્ર રોમચાદને આપેલ પોતાનુ વચનનું દશરથને સ્મરણ થઈ આવ્યું રઘુકુળની રીત મુજબ ''પ્રાણ જાય પર વચન ન જાય'' એ પ્રતિજ્ઞાએ પોતાનુ વચનને સાર્થક કરવા વર્ષીણી અને રોમચાદને પોતાની દિકરી સોંપી દીધી. કૌશલ્યાને પોતાની પુત્રી શાંતા અતિ પ્રિય હતી. તો શાંતા દશરથની પણ દુલારી હતી. બંને જણા શાંતાને ખુબ લાડ લડાવતા પરંતુ પતિના વચનની લાજ રાખવા પ્રિય શાંતાને કૌશલ્યાએ વર્ષીણી અને રોમચાદને સોંપી દીધી.

રોમચાદ અને વર્ષીણી શાંતાને લઈ અંગદેશ આવ્યા. શાંતાને અંગદેશની રાજકુમારી જાહેર કરવામાં આવી. બંને જણા શાંતાને અપાર પ્રેમ આપે છે. ખુબ લાડ લડાવે છે. શાંતા અંગદેશમાં વિદ્યા પ્રાપ્ત કરી યુવાની અવસ્થાએ પહોંચી ગયા હતા. રોમચાદ પોતાની દતકપુત્રી શાંતા સાથે વાતોમાં બહુ વ્યસ્ત હતા ત્યારે એક બ્રાહ્મણ રોમચાદ પાસે મદદની આશાએ આવ્યો હતો પરંતુ રોમચાદનુ સમગ્ર ધ્યાન લાડલી પુત્રી સાથે વાતોમાં જ મગ્ન હતુ, તેથી રોમચાદ આવેલ બ્રાહ્મણ ત્યાંથી ચાલ્યા ગયા. તે બ્રાહ્મણ ઈન્દ્રદેવના મોટા ભક્ત હતા. પોતાના ભક્તના થયેલ અપમાનથી ઈન્દ્ર અતિ ક્રોધિત થયા, તેણે અંગદેશમાં વરસાદ રોકી દીધા. ઘણા વર્ષો સુધી અતિ દુકાળને કારણે અંગદેશમાં હાહાકાર થઈ પડ્યો.

જયોતિષીઓ અને પંડીતોએ રોમચાદને કહ્યુ કે કોઈ પવિત્ર એવા આજીવન બ્રહ્મચર્યના પાલનકર્તા ઋષિની અંગદેશમાં પધરામણી થાય તો જ વરૂણદેવ રીઝશે. રોમચાદે એવા ઋષિની શોધખોળ કરવા આદેશ આપ્યો.

ઋષિ શૃંગ આજીવન બ્રહ્મચારી હતા. તે પોતાની કુટીરમાં આહાર કરીને રહેતા અને તપ કરતા. તેઓ બહારની દુનિયાથી અજાણ રહી પોતાની સધાના, તપમાં મગ્ન રહેતા. શૃંગના માથે શીંગડુ હતુ તેથી તે ઋષિ શૃંગ તરીકે ઓળખાતા. જયોતિષીઓએ કહેવા પ્રમાણે ઋષિશૃંગ બધી બાબતે ખરા ઉતરે તેવા હોવાથી અંગદેશમાં તેમણે પધરામણી કરવામાં આવી, અંગદેશની ધરતી પર તેમણે પગ મુક્તા જ વર્ષોથી પડેલા દુષ્કાળને કારણે તરસી ધરા પર અનરાધાર વરસાદ તુટી પડ્યો પુરા અંગદેશમાં આનંદ વ્યાપી ગયો લોકો આનંદ ઉલ્લસથી નાચગાન કરવા લાગ્યા. ઉત્સવ જેવો માહોલ થઈ પડ્યો. રોમચાદ ઋષિશૃંગથી અતિ પ્રભાવિત થયા. અગાઉના સમયમાં ઋષિઓ વિવાહ કરતા, તેથી રોમચાદે પોતાની પાલક દિકરી શાંતાના વિવાહ ઋષિશૃંગ સાથે કરાવ્યા, શાંતા અતિ સ્વરૂપવાન જ્યારે પોતાના પતિને માથે શીંગડા હોવા છતા એ વાતને તેણે બિલકુલ નજર અંદાઝ કરી. શાંતા પતિની આજ્ઞાનુ સદાય પાલક કરતા પોતાના પતિને જ પરમેશ્વર સમજી તેની સેવા કરતા

રાજા દશરથને કૌશલ્યા ઉપરાંત કૈકેયી અને સુમિત્રા એમ કુલ ત્રણ રાણીઓ હતી. શાંતાના ગયા બાદ દશરથને કોઈ સંતાન ન થતા તે ખુબ દુઃખી રહેતા હતા. ઋષિઓના કહેવાથી રાજા દશરથ જો પુત્ર કામેષ્ઠી યજ્ઞ કરે તો તેમણે પુત્ર પ્રાપ્ત થાય. દશરથ હવે જીવનની ત્રીજી અવસ્થાએ પહોંચવા આવ્યા હતા. દશરથે પુત્ર કામેષ્ઠી યજ્ઞ કરાવે તો તેણે પોતાનુ તપોબળ યજ્ઞમાં સર્મપિત કરવુ પડે, માટે કોઈ ઋષિ અઢળક સંપતિના બદલામાં પણ રાજા દશરથને પુત્ર કામેષ્ઠી યજ્ઞ કરાવવા માટે તૈયાર થતા નથી. તે યુગમાં ઋષિઓ હજારો વર્ષોના તપ કરતા. ઋષિશૃંગી ને પણ યજ્ઞ કરાવવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. જો તે યજ્ઞ કરાવે તો તેણે પ્રાપ્ત કરેલ તપોબળ યજ્ઞકુંડમાં સર્મપિત કરવુ પડે માટે તેમને પણ યજ્ઞ કરાવવા માટે સંમત થતા નથી.

શાંતા સ્વભાવે બહુ લાગણીશીલ હતા. એ વાતની ખબર શાંતાને થઈ કે પોતાના જન્મદાતા માતા–પિતાને સંતાનપ્રાપ્તી ન થતા તેઓ અંત્યત દુઃખી છે. તે દુઃખ તેનાથી સહન ન થયુ અને પોતાના પતિને યજ્ઞ કરાવવા માટે સમજાવ્યા. શાંતાની સમજાવટથી ઋષિશૃંગી દશરથને પુત્ર કામેષ્ઠી યજ્ઞ કરાવ્યો. યજ્ઞકુંડની જવાળાઓમાંથી દેદીપ્યમાન પુરૂષ પ્રકટ થયો. તેણે સુવર્ણપાત્રમાં ભરેલી ખીર ધરી. રાજા દશરથને આપી. તે ખીરનો અડધો ભાગ રાણી કૌશલ્યાને આપ્યો. બાકીના અડધાભાગ સુમિત્રા અને કૈકેયીને સરખે ભાગે આપયો. જેના પરિણામ સ્વરૂપે કૌશલ્યા એ રામ ને જન્મ આપ્યો. રાજા દશરથ પ્રભિાસંપન્ન એવા ચાર પુત્રોના પિતા બન્યા.

દશરથને પુત્ર કામેષ્ઠી યજ્ઞ કરાવ્યા બાદ ઋષિશૃંગી તપ કરવા હિમાલય તરફ ચાલ્યા ગયા. વર્ષો વ્યથિત હોવાછતા પણ કૌશલ્યા પોતાની પુત્રી શાંતાની પ્રમાળ યાદોને હૃદયમાંથી ભુલાવી શક્યા ન હતા. રામ મર્યાદા પુરૂસોતમ છે. યુવા અવસ્થામો તેમણે ખબર પડી કે પેમણે પોતાની એક બહેન પણ છે. રામે પોતે જ માતા કૌશલ્યા અને બહેન શાંતાનો મિલાપ કરાવ્યો. શાંતા એ ચારેયભાઈઓને આર્શીવાદ આપ્યા કે જીવનમો ગમે તેવા દુઃખ–સુખ આવે છતાપણ તમે ચારેઈ ભાઈઓ જીવનભર એક થઈને જ રહેજો. હિમાલય પ્રદેશના કુલુ જીલ્લામાં ઋષિશૃંગીનુ મંદિર આવેલુ છે.

શાંતાના જન્મબાદ જન્મદેનાર પિતા દ્વારા બીજાને સોંપવામાં આવે છે. પોતે અતિ સ્વરૂપવાન હોવા છતા પાલક પિતાની આટાનુ માન રાખવા શીંગડાવાળા ઋષિ સાથે પરથવું પડે છે. પોતાની સમજાવટથી જ પતિ ।રા દશરથને પુત્ર કામેષ્ઠી યજ્ઞ કરાવવામાં આવે છે. ત્યાગ અને બલીદાનની મૂર્તિ સ્વરૂપા શાંતાની કથા કશેવામાં કથાકારો કેમ આટલી ઉદાસીનતા દર્શાવે છે? શ્રોતાઓને આ મહાન કથાથી કેમ અજાણ રાખે છે. તે બાબત વિચારવા યોગ્ય છે. આવા મહાન ત્યાગ અને બલીદાનની મૂર્તિ શાંતાની જીવનગાથા કથાકારોએ કરવી જ ઘટે.

# પ્રેમની અભિવ્યક્તિ



જલ્પેશ વાઘેલા - મોરબી



સવારના સાત વાગતા જ પ્રહરના મોબાઈલમાં રિંગ વાગવા લાગી. કંટાળા સાથે તેણે નાઈટ ટેબલ પર પડેલા મોબાઈલ ફોન તરફ જોયુ. તેની આંખો ઉંઘરેટી લાગતી હતી. પ્રહર મનમાં જ બબડયો મમ્મીને હજાર વાર કહ્યુ છે કે મને આ સમયે ફોન ન કરવો. ઈન્ડિયામાં દિવસ હોય ત્યારે અહીં રાત હોય છે. પરંતુ આ લોકો પણ સમજતા જ નથી. ફોનની રિંગ એમ જ વાગવા દઈ પ્રહર બ્લેન્કેટ ખેંચી પાછો ઉંઘવાનો પ્રયત્ન કરવા લાગ્યો પરંતુ તેનું મન ઈન્ડિયામાં પહોંચી ગયુ હતુ. મમ્મી પાસે. તેણે માથેથી બ્લેન્કેટ ઉતાર્યુ. સામેની દીવાલ ઘડિયાળ સવારના સાત ને દસ મિનિટનો સમય બતાવી હતી. ઓહ, માય ગોડ ! મમ્મી સાચા હતા. યુ.એસ.માં સવારના સાત વાગી ચૂક્યા હતા. ખોટો ગુસ્સો કર્યો મમ્મી પર.

પ્રહર ફટાફટ ઊઠી મોબાઈલ હાથમા લઈ, તેના મમ્મીનો નંબર ડાયલ કર્યો. સામે છેડે રિંગ સંભળાઈ અને રતન શેઠાણીનો મીઠો ટહુકો સંભળાયો, ‘જયશ્રી કૃષ્ણ. મારા લાલને’

‘જયશ્રી કૃષ્ણ મમ્મી ! સોરી તમારો ફોન હું રિસિવ ન કરી શક્યો.’

‘ચાલ્યા કરે દીકરા..... ક્યારે આવે છે ઈન્ડિયા ?’

‘હમણા તો પોસિબલ નથી, મમ્મી ખૂબ જ કામ રહે છે.’

‘જો પ્રહર આવતી દસ તારીખે તું બત્રીસ પુરા કરી તેત્રીસમાં વર્ષમાં પ્રવેશ કરીશ હવે કંઈ તું નાનો નથી. અત્યાર સુધી મેં તારી દરેક મનમાની ચલાવી હવે નહિ. તારા પપ્પા તારા લગ્ન જોવાની ઈચ્છા સાથે જ પરલોક ચાલ્યા ગયા. પરંતુ મારા સામે તો જો

‘ના મમ્મી હું ત્યાં નહી રહું મને ન ફાવે ત્યાંનુ કલ્ચર ઓર્થોડોક્સ થિન્કિંગ

પ્રહર મનમાં જ બબડયો મમ્મીને હજાર વાર કહ્યુ છે કે મને આ સમયે ફોન ન કરવો. ઈન્ડિયામાં દિવસ હોય ત્યારે અહીં રાત હોય છે. પરંતુ આ લોકો પણ સમજતા જ નથી. ફોનની રિંગ એમ જ વાગવા દઈ પ્રહર બ્લેન્કેટ ખેંચી પાછો ઉંઘવાનો પ્રયત્ન કરવા લાગ્યો પરંતુ તેનું મન ઈન્ડિયામાં પહોંચી ગયુ હતુ.

અને બંધનમાં બંધાવુ તો ક્યારેય ન ફાવે. પરણવાનો તો વિચાર નથી.'

'એ બધી તારી વિદેશી વિચારધારા છે. મેં જ મોટી ભુલ કરી કે એક ના એક દીકરાની હામા હા ભણી વિદેશ જવા દીધો. દીકરા ત્યાં જેવી લાઈફ અહીં પણ જીવી શકાય છે.'

'ના મમ્મી તે શક્ય નથી.' પ્રહર તેની મમ્મીને ચોખ્ખું ન કહી શક્યો કે અહીં તો લિવ ઈન રિલેશનશીપમાં પણ રહી શકાય છે. અને ત્યાં જીવનભરનું બંધન

રતન શેઠાણીએ થોડા કડક અવાજમાં કહ્યુ, 'જો પ્રહર તને છેલ્લી તક આપુ છુ. તારે એક મહિનામાં બધું સમેટીને આવવું હોય તો આવી જા, નહીં તો હું બધી જ મિલક્ત વેચી એક સરસ વૃધ્ધાશ્રમ બનાવી મારા જેવા ઘરડાઓ સાથે રહીશ. તારૂ વિદેશી કલ્ચર તને મુબારક હવે પાછો ન આવતો. આ ધમકી નથી. તને તો ખબર છે ને કે રતન શેઠાણી ધારે તે કરી શકે છે.' આટલુ કહી રતન શેઠાણીએ ફોન મૂકી દીધો. અને સોફા પર પછડાયો.

ફોન મૂકી રતન શેઠાણી વિચારવા લાગ્યા, વીસ વર્ષની ઉંમરે પરણીને સૌરાષ્ટ્રના નાના એવા ગામમાં આવ્યા હતા. પતિ કાપડની નાની દુકાન ચલાવતા અને શેઠાણીએ તેને સહકાર આપી ધંધો વિકસાવ્યો શહેર આવ્યા એકમાંથી બે. બેમાંથી ત્રણ અને એક શહેરથી અન્ય શહેર. ગુજરાત સહિત ભારતના મોટા ભાગના શહેરમાં તેની મિત્રમ્ બ્રાન્ડસના એક્સકલુઝીવ શો-રૂમ્સ હતા. ટેક્સટાઈલ્સ મિલ્સ સાડીના કારખાના હતા.

**રતન શેઠાણીએ થોડા કડક અવાજમાં કહ્યુ, 'જો પ્રહર તને છેલ્લી તક આપુ છુ. તારે એક મહિનામાં બધું સમેટીને આવવું હોય તો આવી જા, નહીં તો હું બધી જ મિલક્ત વેચી એક સરસ વૃધ્ધાશ્રમ બનાવી મારા જેવા ઘરડાઓ સાથે રહીશ.**

સામા પક્ષે પ્રહર વિચારતો હતો કે આ ડોશીની ડગળી હવે ચસકી લાગે છે. હવે જો તેની વાત નહિ માનું તો બધી મિલક્તમાંથી હંમેશાને માટે હાથ ધોવા પડશે. આમ વિચારી પ્રહર મહિના એકમાં બધું સમેટી ઈન્ડિયા આવી ગયો.

રતન શેઠાણીએ પ્રહરને આવકારવા ભવ્ય પાર્ટીનુ આયોજન કર્યુ હતું. અને તે દિવસથી જ પ્રહર માટે કન્યા શોધવાનુ શરૂ થયુ. પાર્ટીમાં બધા જ લોકો રતન શેઠાણીના આ હોનહાર દીકરાને જોઈ રહયા. વાતે વાતે અંગ્રેજી બોલતો લેટેસ્ટ ફેશનના કપડા પહેરતો આ યુવાન સૌને ગમી ગયો. પરંતુ છોકરી પરણાવાની વાત આવતી ત્યારે સૌ વિચારતા આટલા વર્ષથી યુ.એસ.માં રહે છે, તો ત્યાં શું શું નહી કરતો હોય? ત્યાં કોઈ છોકરી જોડે પરણી ગયો હશે તો ? તો કોઈને મુરતિયાની ઉંમર મોટી લાગતી બાવીસથી પચ્ચીસ વર્ષની દીકરી આ મુરતીયાને પરણવા તૈયાર ન હતી.

આમ ધીમે ધીમે કરતા પ્રહર ઈન્ડિયા આવ્યો એ વાતને ત્રણ મહિના જેવો સમય પસાર થઈ ગયો. પરંતુ ક્યાંય કન્યાનું ઠેકાણું મળ્યુ નહી. રતન શેઠાણીને પણ હવે ચિંતા થવા લાગી પોતાના મોભાને અનુરૂપ અને સંસ્કારી ભણેલી-ગણેલી પુત્રવધૂ શોધવામાં નેવાના પાણી મોભે ચડાવવા જેવો ઘાટ થઈ ગયો

પ્રહરને પણ પોતાની વેલ્યુની ખબર પડી. પોતાનો દેખાવ ફલુઅનસી ઈન ઈંગ્લિશ સ્પિકિંગ હોશિયારી બધું જ પાણીમાં વહેતુ દેખાયું. પરંતુ ભાઈ હજુ અકકડ મૂક્તા ન હતા. આમ તો પ્રહરમાં રતન શેઠાણીના સંસ્કાર હતા જ પ્રહર બાપીકા ધંધામાં સેટ થતો ગયો.

એક દિવસ રતન શેઠાણીની તબિયત લથડી. હોસ્પિટલ જવાનુ થયુ. સંપુર્ણ ટેસ્ટના અંતે નિદાન થયુ કે શેઠાણીને મલ્ટી ઓર્ગન કેન્સર છે. ડોકટરે પ્રહર સાથે વાત કરી. જો ટ્રીટમેન્ટ આપવામાં આવશે તો પણ શેઠાણી લાંબો સમય નહી જીવી શકે અને ટ્રીટમેન્ટથી પથારીવશ થઈ જશે. નિર્ણય તમારા હાથમા છે.

પ્રહર બરાડી ઉઠયો, 'અરે ડોકટર મારી તમામ સંપત્તિ ખર્ચાય જાય તો પણ મને અફસોસ નથી. તમે કહેશો ત્યાં મમ્મીને લઈ જઈશ.'

'પરંતુ તેના માટે સમય જતો રહયો છે પ્રહર શેઠ તમે જયાં પણ જવુ હોય ત્યા જઈ શકો છો પરંતુ ખૂબ મોડું થઈ ગયુ છે.'

ડોકટરની વાત સાંભળી પ્રહર ધ્રુસકે ધ્રુસકે રડી પડયો સ્વજનની કિંમત હવે તેને સજાતી હતી અત્યારે તેને સધિયારો આપવાવાળુ કોઈ ન હતુ. સંબંધો પાસે તેને સઘળી સંપતિ નકામી લાગી. એક નિર્ધાર સાથે પ્રહર ઘરે આવ્યો તેણે ડોકટરને કહી રાખ્યુ હતુ. કે રતન શેઠાણીને તેની તબિયત બાબતે સાચી હકીક્ત ન જણાવવી પ્રહરે ઘરમાં પગ મૂક્યો કે તરત જ રતજ શેઠાણી બોલ્યા, 'શું કહયુ ડોકટરે, પ્રહર ?'

'કંઈ ખાસ નથી મમ્મી તમારે રેગ્યુલર દવા પીવી પડશે.

ઉંમરના કારણે આવું બધું થાય છે. થોડા વિટામિન્સ શરીરમાં ટક્તા નથી પરંતુ દવાથી સારૂ થઈ જશે. હવે તમારે માત્ર આરામ જ કરવાનો છે. બાકી બધું હું સંભાળી લઇશ.'

અને એમ જ થયુ પ્રહરે ખરેખર બધું સંભાળી લીધું. રતન શેઠાણીને દીકરાની ફરજ –નિષ્ઠાથી સંતોષ થયો. તેને લાગતુ હતુ કે, હવે મારા ગયા પછી કુટુંબની પરંપરાને આંચ નહી આવે આ બંગલાને કાયમને માટે તાળું નહી લાગે. બસ મારા પ્રહરનું ઘર વસી જાય. આ વાત પર રતન શેઠાણીના મનમા એકાએક ઝબકારો થયો. હું તો સાવ ભૂલી જ ગઈ, આપણી અરૂણાની પ્રાણોતી શું ખોટી છે. પ્રહર માટે?

એક દિવસ રતન શેઠાણીએ પ્રહર પાસે વાત મુકી. 'પ્રહર મારી સખી અરૂણાને તો તુ ઓળખે છે ને ?'

'હા, હા, પેલા સ્લમ ક્વાર્ટરમાં રહેતા એ માસીને ?' પ્રહરે તુચ્છકારપૂર્વક જવાબ આપ્યો.

'હા એ જ, પરંતુ હવે તેનો દિવસ ફરી ગયો છે. તે હવે શહેરના સમૃધ્ધ વિસ્તારમાં થ્રી બી.એચ.કે. ફ્લેટમાં રહે છે.'

'એને વળી શું લોટરી લાગી?'

'અરે પ્રહર તેની દીકરી પ્રાણોતી ખરી ને, તેણે ગુજરાતી સાહિત્ય સાથે એમ્.એ. પી.એચડી કર્યુ છે. તે કોલેજમાં પ્રોફેસર છે. પાછી મહાન લેખિકા બની ગઈ છે. એક સાથે ત્રણ ત્રણ ધારાવાહિક લખે છે. કટાર લેખિકા પણ છે. તેના સેમીનાર ખૂબ યોજાય છે. એક એક લેકચરના લાખો મેળવે છે. લાખો કમાય છે લાખો.'

'તો શું છે ?'

'મને લાગે છે કે પ્રાણોતી ઉમરમાં દેખાવમાં અને સંસ્કારમાં બધી જ રીતે તારે યોગ્ય છે. જો તે આ ઘરમાં પરણીને આવી જાય તો મારી તમામ ચિંતાનો અંત આવી જાય.'

'અરે મમ્મી જરાક તો વિચાર કરો, ક્યાં હું અને ક્યાં તે, હું ફોરેન રિટર્ન છું. વિદેશની યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ થયેલો છું. થ્રુ આઉટ ઈંગ્લિશ મીડિયમમાં ભણેલો છું.'

'હું...હું... અને હું... તને આટલો યોગ્ય તો મે જ બનાવ્યો ને દીકરા ? તો પછી આ હું...હું... શા માટે કરે છે ? ભગવાને થોડો રૂપકડો બનાવ્યો છે, અને થોડો હોશિયાર છો. તેમા તો આટલુ અભિમાન ? અરે દીકરા, સંસ્કાર, ઘર પરિવાર જેવુ પણ કઈંક હોય છે. તુ જે રીતની છોકરીને પરણવા ઈચ્છે છે તેને માત્ર આપણી સંપતીમાં જ રસ હશે મારા ગયા બાદ બધુ બરબાદ થાય તેવુ હું ઈચ્છતી નથી.'

રતન શેઠાણી જમાનાનાં ખાધેલ હતા. તેને ભલે પ્રહર કે ડોકટરે ય કહ્યુ ન હતું. પરંતુ તેને મનથી લાગતુ હતુ કે પોતે હવે આ દુનિયામાં વધારે સમય રહેશે નહી. તેઓ ડ્રાઈવરને લઈને પ્રાણોતી અને અરૂણાબેનને મળવા ગયાં. અને પ્રહર બાબતે અને પોતાની તબિયત બાબતે બધી જ માહિતી આપી.

**રતન શેઠાણી જમાનાનાં ખાધેલ હતા. તેને ભલે પ્રહર કે ડોકટરે ય કહ્યુ ન હતું. પરંતુ તેને મનથી લાગતુ હતુ કે પોતે હવે આ દુનિયામાં વધારે સમય રહેશે નહી. તેઓ ડ્રાઈવરને લઈને પ્રાણોતી અને અરૂણાબેનને મળવા ગયાં.**

વાતના અંતે પ્રાણોતી બોલી, 'માસી પાર્ટીમાં હું પ્રહરને ઔપચારિક મળી હતી. આમ તો તમારો દીકરો બધી રીતે પરફેક્ટ છે બસ જરા હેન્ડલ કરવો પડે તેમ છે. તે હું કરી લઈશ. મને ગમે છે તમારો પ્રહર. હું તેની આંખો વાંચી ચૂકી છું. તમે સમજી લ્યો કે હું તમારી પુત્રવધુ બની જ ગઈ. બોલો ક્યારે મળવા આવુ પ્રહરને ?'

રતન શેઠાણી બોલ્યા, 'એક કામ કરો અરૂણા આજે સાંજે માં–દીકરી મારા બંગલે આવી જાવ. સાથે જમશું પ્રહર અને પ્રાણોતી મળી પણ લેશે. આપણા વચ્ચે હવે ફોર્માલીટી જેવુ ક્યાં છે. અને અરૂણા તુ કહેતી હોય તો હું પ્રહરને લઈને આવું.'

'અરે, ના ના રતન હું આવી જઈશ.'

નિર્ધારિત સમયે અરૂણાબેન અને પ્રાણોતી આવી ગયા પ્રહર પોતાના રૂમમા તૈયાર થતો હતો. તેણે આજ ખાસ ડાર્કગ્રીન કલરનું ડિનર જેકેટ વ્હાઈટ શર્ટ પર પહેર્યુ હતું. લાંબા કદના અરીસા સામે ઉભો રહી તે કોલર ઉંચા કરી બો સેટ કરતો હતો. ત્યાં જ અરીસામાં પ્રાણોતીનું પ્રતિબિંબ દેખાયું પ્રહરે પાછળ ફરી કહ્યુ, 'વેલ કમ પ્રાણોતી, હાઉ આર યુ.'

'મજામાં છું, તને કેમ છે ?'

'ફાઈન અને હા, જો પરણવાના વિચાર સાથે આવી હોય તો મારી વાત સાંભળી લે. તુ મારી મમ્મની પસંદ છો, મારી નહીં. તું સેલિબ્રિટી હશે તો ગુજરાતમાં વધુમા વધુ ઈન્ડિયામા મને તેમા કોઈ રસ નથી. આખરે તું કરે છે તો માસ્તરગીરી ને ?'

'બોલવા પર કાબુ રાખ પ્રહર, મને મારા અભ્યાસ અને વ્યવસાયનું ગૌરવ છે. અને હુ યુ.એસ.માં પણ બે વખત લેકચર આપી ગઈ છુ. ત્યાંના લોકો પણ સાહિત્યની કદર કરે છે. હું મારા ગૌરવ પ્રત્યે કોઈ કોમેન્ટ નહી ચલાવી લઉં.'

પ્રહર તુચ્છ હસ્યો અને બોલ્યો, 'જો મમ્મીના કારણે લગ્ન કરવા પડે તો જયારે મમ્મી ન હોય ત્યારે તારે આ ઘરમાથી ચાલ્યા જવાનું રતન શેઠાણીની ડોટર ઈન લો બનવાના સ્વપ્ન ભલે જોતી પણ મારી વાઈફ બનવાના તો ક્યારેય નહી. અને હા લગ્ન પછી જો આડા અવળી થઈ છો તો એક ઉંધા હાથની લઈ લઈશ.' આટલુ બોલી પ્રહરે પોતાનો હાથ હવામાં ઉછાળ્યો. પ્રણોતીએ પ્રહરનો હાથ મરડી તેની પીઠ પાછળ ટેકવ્યો. અને કહ્યુ, 'ઈન્ટર કોલેજ કોમ્પિટિશનમાં ત્રણ વખત કરાટે ચેમ્પિયન રહી ચૂકી છું જો લગ્ન પછી તું આડાઅવળો થયો તો તારો આ હાથ તોડી બીજા હાથમા આપી દઈશ પ્રેમથી રહીશ તો ફુલની જેમ તારૂ જતન કરીશ અને હા બીજી વાત લગ્નની તૈયારી કરવા લાગજે ટુંક સમયમાં લગ્ન નિશ્ચિત છે.'

**સગા-સંબંધી ઓફિસ સ્ટાફ દ્વારા થતી વાતો પ્રહરના કાને અથડાઈ. કેવી ડાહી છોકરી છે. શેઠાણીનો ભવ સુધરી ગયો. જીવ્યા ત્યાં સુધી સેવા કરી અને મૃત્યુ પછી પણ બધા ટાણા કેવા સાચવ્યાં ભગવાન બધાને પ્રણોતી જેવી પુત્રવધૂ આપે.**

'હે યુ, સમજે છે શું તારા મનમાં ? મે ક્યા લગ્ન માટે હજુ હા કહી છે.'

'તું હા કહે કે ના પ્રહર, હવે આ બંગલામાં પરણીને હું જ આવવાની. અને તને સંપુર્ણ મારો બનાવીશ. ચાલ નીચે જમવાનું તૈયાર છે.'

એક મહિનાના ટુંકા ગાળામાં પ્રહર અને પ્રાણોતી પરણી ગયા શેઠાણીએ પ્રહરના લગ્નમાં ખૂબ સંપતી વાપરી, ઠાઠથી લગ્ન ઉજવ્યા. પ્રહર પોતાના સ્વભાવ પ્રમાણે ક્યારેક ખુશ તો ક્યારેક ના ખુશ દેખાતો.

જીવન ચંત્રવત ચાલવા લાગ્યુ પ્રણોતીએ ઘર અને પ્રહરને સાચવી લીધા. પ્રહર પણ ખાસ માથાકુટ કરતો નહી. તેને પણ જીવન જીવવા જેવુ લાગવા માંડયુ. સમય જતા શેઠાણીની તબિયત લથડી. તે હવે પથારીવશ થઈ ગયા. પ્રણોતી સાચા હદયથી તેમની સેવા કરવા લાગી એક વખત શેઠાણી રાત્રે સુતા તો સવારે ઉઠ્યા જ નહી.

પ્રહરને ઘણો આઘાત લાગ્યો. શેઠાણીની મરણોત્તર વિધિ પણ પ્રાણોતીએ શાસ્ત્ર પ્રમાણે કરી. તેણે બધો વ્યવહાર સાચવી લીધો. સગા-સંબંધી ઓફિસ સ્ટાફ દ્વારા થતી વાતો પ્રહરના કાને અથડાઈ. કેવી ડાહી છોકરી છે. શેઠાણીનો ભવ સુધરી ગયો. જીવ્યા ત્યાં સુધી સેવા કરી અને મૃત્યુ પછી પણ બધા ટાણા કેવા સાચવ્યાં ભગવાન બધાને પ્રણોતી જેવી પુત્રવધૂ આપે. પ્રહરને થયુ સાચે જ જો પ્રણોતો ન હોત તો મમ્મીના ગયા પછી પોતાની હાલત કેવી થાત હવે તેના મગજમાંથી વિદેશી ભૂત ઉતરવા લાગ્યુ પછી તે નોર્મલ બનતો જતો હતો. તે પોતાના રૂમમાં ઉદાસ ચહેરે બેઠો હતો. પ્રણોતી રૂમમાં પ્રવેશી પ્રહરને ઉદાસ જોતા બોલીઃ 'અરે પ્રહર કેમ જાગે છે હજુ ? ઉંઘી જા.'

'ઉંઘ નથી આવી પ્રણોતી આવ બેસ મારી પાસે.'

પ્રણોતીએ બેઠક લેતા કહ્યું, 'બોલ'

'પ્રણોતી આઈ એમ સોરી ટુ ઓલ. તું જીતી હું હાર્યો. મેં કહ્યુ હતું કે મમ્મીના ગયા પછી તારે જતુ રહેવાનું. પરંતુ તું ક્યાં ન જતી પ્લીઝ...' આટલું કહેતા પ્રહર નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડયો. પ્રણોતીએ તેને રડવા દીધો. તેની ભીની થયેલી પાંપણો વધારે આકર્ષક લાગતી હતી. થોડો સ્વસ્થ થતા પ્રણોતી તેની પાસે પાણીનો ગ્લાસ લઈ ઉભી રહી. સ્વસ્થ થઈ પ્રહરે પાણી પીધુ, અને પ્રણોતીની કમર ફરતો હાથ વીંટાળી પોતાનુ મોં છુપાવી દીધું.

સવારે ફ્રેશ થઈ ડ્રેસિંગ રૂમની બહાર નીકળ્યો ત્યારે તેની ગરદન પર ટાઈ ખુલ્લી લટકતી હતી. અને કોટ હાથમાં હતો. પ્રણોતીએ ટાઈના બંને છેડા ખેંચી પ્રહરને પોતાની નજીક ખેંચ્યો, તેની ટાઈની નોટ સરખી કરી આપી. પ્રહરને પણ પ્રેમનો ઉભરો આવ્યો. તે પ્રણોતીના વાળમાં હાથ ફેરવતા બોલ્યો 'પ્રણોતી, યુ આર...અ..., યુ...આઈ..ઓહ, ખબર નહી તું મારા વિશે કેટલુ સારૂ સારૂ બોલી શકે છે. મને તો કશુ આવડતુ જ નથી. કહી પ્રહરે ચહેરો ફેરી લીધો.

પ્રણોતીએ પ્રહરનો ચહેરો પોતાના બંને કોમળ હાથમાં જકડી, પોતાની નજીક લાવી અને કહ્યુ, 'અરે મારા પ્રહર પ્રેમની સાચી અભિવ્યક્તિ તો માતૃભાષામાં જ થઈ શકે નહી કે અન્ય ભાષામાં અને બંને કિલકિલાટ હસવા લાગ્યા.'

**મો. ૯૪૨૭૨ ૩૬૦૩૩**

With Best Compliments...

Shailesh Khambhayata
Mo. 98242 16122

Sagar Khambhayata
87587 51523

RAVI
GLASS & METAL



All Type of
Aluminium Section
and Glass Traders

Shop No. 5/6, Krishna
Complex-3, Rajnagar
Chowk, Nana Mava Main
Road, Rajkot.
E : rglassmetal@gmail.com



R.K.Hook

તમે તમારા અંતરમાં
દિપક પ્રગટાવો એટલે
આખું જગત તમે
પ્રકાશિત જોશો.

- પ. પૂ. ડોંગરેજી મહારાજ -

શુભેચ્છક

યુનાઈટેડ મીકેનીકલ વર્કસ
આજી - જી.આઈ.ડી.સી, રાજકોટ.



વિશ્વકર્મા વિશ્વને ૨૦માં વર્ષમાં
મંગલ પ્રવેશ નિમિત્તે
હાર્દિક શુભેચ્છા...

ડો. લલિત જી. બદ્રકિયા
(એમ.ડી.)

શ્રદ્ધા નિદાન કેન્દ્ર

માર્કેટીંગ યાર્ડ સામે,પાળીયાદ રોડ,
બોટાદ - ૩૬૪ ૭૧૦
મો. ૯૮૨૪૨ ૩૨૫૦૫



Amar

• ROUND PAD LOCK •



High Quality Lock Available in
70mm • 80mm • 90mm

Since 1970

AMAR INDUSTRIES
A-13, Hapa Industrial Estate,
Hapa-361120, Jamnagar (Guj.) INDIA.
Customer Care : +91-288 2570258
www.amarlock.com

**ડો. દેવેન સંચાણીયા**
M.B.B.S. (Reg. No. G-46090)
Fellowship In Diabetes
(Royal Liverpool Academy, UK)
D. MSc DM (RCGP, UK)
Consultant Diabetologist

**ડો. ઉર્વી સંચાણીયા**
B.H.M.S.
Ex. MO Doshi Hospital
Ex. MO VCC Hospital
Diabetes Educator & Counselor

## ડાયાબિટીસના નિષ્ણાંત

અપોઈન્ટમેન્ટ / વધુ વિગત માટે

Gluco Care
Diabetes Centre
We Make You Healthier

**88497 35501** OR
Book Online @
glucocarediabetescentre.com

સવારે ૯.૦૦ થી ૧.૦૦, સાંજે ૪.૩૦ થી ૯.૦૦
(અપોઈન્ટમેન્ટ લઈને જ બતાવવા આવવું)

**ક્રિએટીવ ઈલેક્ટ્રોનિક્સ, જીત્રિયા હનુમાન મંદિર પાસે, મવડી મેઈન રોડ, રાજકોટ-૪.**





## વિશ્વકર્મા જયંતીની હાર્દિક શુભકામના...

Nitin V. Panchasara
Mo. : 99135 40304

Keval N. Panchasara
Mo. : 98259 40307

गीता
Geeta
Mould Tech

Foundry's Dies, Pattern & CNC/VMC Job

1, Patel Nagar, 80 Feet Road,
Nr. Sorathiyawadi Circle, Rajkot - 360002.
(Gujarat - India),
E-mail : geetamouldtech@gmail.com



## With Best Compliments....

Jayesh N. Kharecha
94262 35358

Sanjay N. Kharecha
98248 83840





**KHARECHA**
INDUSTRIES

Plastic Injection Mould, Blow Mould & Pressure Die Casting Die.

4, Navrangpara, Behind Bhaktinagar Station,
Rajkot 360 004 Tel. +91 281 2371865
Email : kharechaind@gmail.com



## વિશ્વકર્મા જયંતીની હાર્દિક શુભકામના...

RI

Pramod Sanklecha
+91 99246 35541
+91 94295 62241


Mfg :
- All Types of Shaft
- All Types CNC & VMC Work

**Ratan**
INDUSTRIES

Opp. Krishna Park, Maldhari Railway Cross, Somnath Industry Area-5,
Street No.3, Plot No.-54, Kothariya, Rajkot
ratanindustriess@yahoo.com www.ratanindustries.in


## બાયોડેટા ગ્રુપના સંચાલકો કહે છે

# દર મહિને ૨૫ નવા સંબંધો બંધાય છે



જયંતીભાઇ નગેવાડિયા

**પહેલા કોઇપણ પરિવારના વડીલની શાખ પર દિકરા કે દીકરીનાં સગપણ થઇ જતાં આજે દિકરા કે દિકરીનો પરિવાર ગમે તેવો પ્રતિષ્ઠિ હોય તો પણ તેમને સગપણ બાબતે પગે પાણી ઉતરે છે. પહેલાના જમાનામાં વડીલો છોકરા-છોકરીના નામવાળી ડાયરી રાખતા તે ડાયરી હવે રહી નથી.**



આજે દિકરા–દીકરીના મા–બાપ માટે તેમના સગપણ માટે કન્યા કે મુરતીયો ગોતવો એટલે કપરા ચઢાણ છે. પહેલા કોઈપણ પરિવારના વડીલની શાખ પર દિકરા કે દીકરીનાં સગપણ થઇ જતાં આજે દિકરા કે દિકરીનો પરિવાર ગમે તેવો પ્રતિષ્ઠિ હોય તો પણ તેમને સગપણ બાબતે પગે પાણી ઉતરે છે. પહેલાના જમાનામાં વડીલો છોકરા–છોકરીના નામવાળી ડાયરી રાખતા તે ડાયરી હવે રહી નથી. પરંતુ હવે આ નવા જમાનામાં અમુક સેવાભાવી લોકો સોશ્યલ મીડિયામાં બાયોડેટા ગ્રુપ ચલાવે છે. જેમાં દિકરા–દીકરીના બાયોડેટા અને ફોટો મુકવામાં આવે છે. જેમાં જોડાયેલા લોકોએ જોઇ શકે છે અને અનુકુળ પાત્ર અંગે તે પરિવારના ગ્રુપના એડમીન દ્વારા અથવા ડાયરેક્ટ કોન્ટેક કરી વાત ચલાવી શકે છે. આજે આવા વોટસએપમાં બાયોડેટા ગ્રુપ ચલાવતાં એડમીન અને લીસ્ટ બહાર પાડતા સેવાભાવીનો અભિપ્રાય જાણવાનો પ્રયત્ન કર્યો છે.

અમદાવાદના હરેશભાઇ સુરેલીયા અને હરીભાઇ સુરેલીયા બંને સાથે મળીને અમદાવાદથી લગભગ ૧૦–૧૨ વર્ષથી દર ત્રણ–ચાર મહિને છોકરા–છોકરીનું પુરૂ નામ, જન્મતારીખ, અભ્યાસ તથા રહેઠાણના શહેરની વિગત સાથેનું અટક વાઇઝ લીસ્ટ બોયઝ અને ગર્લ્સના નામથી અલગ અલગ બહાર પાડે છે. જેમાં અનુક્રમ નંબર આપેલ હોય છે તે છોકરા કે છોકરીવાળાને અનુકુળ થતું હોય તે પાત્રનો અનુક્રમ નંબર હરેશભાઇને અથવા હરીભાઇને નિયત કરેલ સમયે ફોન દ્વારા આપવાનો જેથી એક સાથે વધુમાં વધુ પાંચ પાત્રની વિગત તથા ફોન નંબર આપે છેજેથી વાલીએ પોતે કોન્ટેક કરી લેવાનો રહે છે.

આ બાબતે હરેશભાઇ સુરેલીયા કહે છે, અમો છેલ્લા ૧૦–૧૨ વર્ષથી આ લીસ્ટ તૈયાર કરી બહાર પાડીએ છીએ. હાલમાં પીડીએફના રૂપમાં આપીએ છીએ. અમારી પાસે હાલમાં છોકરા તથા છોકરીના ૩૫૦–૩૫૦ જેટલા બાયોડેટા છે. છોકરાના

લીસ્ટમાં ૧૨ ધોરણ ઉપરના એટલે કે ગ્રેજયુએટ અને માસ્ટર ડીગ્રીવાળા છોકરાનું નામ લઇએ છીએ. કારણ કે છોકરીઓના લીસ્ટમાં મોટાભાગની છોકરીઓ એજયુકેટેડ છે. ત્રણ છોકરીઓ જ ૧૦-૧૧ ધો. ની છે. ભણેલી છોકરીઓ ૧૦-૧૨ વાળા છોકરાને પસંદ કરતી નથી. દર ત્રણ-ચાર મહિને લીસ્ટ બહાર પાડીએ છીએ. અમારા લીસ્ટમાંથી દર મહિને એક કે બે છોકરા-છોકરીનું ગોઠવાઇ જાય છે. દરેક લીસ્ટમાં ૨૦-૨૫ નામ કમી થાય છે. જે આ ૨૦-૨૫ નામ કમી થાય છે તે અમારા તથા અન્ય ગ્રુપ કે ડાયરેકટ પોતાની રીતે ગોઠવાઇ જતાં તેમનો ફોન આવે છે તેથી કમી કરીએ છીએ. અને દર મહિને નવા ૨૦-૨૫ નવા નામ આવે છે જેથી એવરેજ સરખી રહે છે.

ઘણીવાર છોકરા-છોકરીને અનુકુળ હોય તો તે સામેના પરિવાર વિષે અભિપ્રાય પુછે તો અમો ઓળખતા હોય તો કહીએ છીએ અથવા સમાજમાંથી તે પરિવાર વિષેનો અભિપ્રાય મેળવી જણાવીએ છીએ. ભણેલા છોકરાનો પરિવાર ભણેલો હોય અને ૧૦-૧૨ ધોરણની છોકરી પસંદ હોય તો હા પાડે છે અને કહે છે, અમારે ત્યાં આવશે તો અમે ભણાવશું. આમ ઓછું ભણેલી છોકરીની પસંદગી થઇ જાય છે. પરંતુ ઓછુ ભણેલા છોકરા અંગે કોઇ ઇન્કવાયરી પણ કરતું નથી.

હરેશભાઇ અને હરીભાઇ ફકત સેવાના ભાવથી આ કાર્ય કરે છે. આ લીસ્ટમાં બાયોડેટા લખાવવાનો કોઇ ચાર્જ લેતા નથી.

ઇન્દોરનાં ભરતભાઇ સુરેલીયા પણ બાયોડેટા આપ લે નું કામ કરે છે. પરંતુ તેવો કોઇ વોટસએપ ગ્રુપ ચલાવતા નથી કે કોઇ લીસ્ટ રાખતા નથી. પરંતુ તે વ્યકિતગત રીતે કામ કરે છે તેમની પાસે પણ છોકરા-છોકરીઓની બાયોડેટા ફોટા સહિતનીઘણી બાયોડેટા છે. છોકરા-છોકરીના મા-બાપ પોતાના સંતાનની બાયોડેટા ભરતભાઇને મોકલાવે છે. અને પોતાના સંતાનને અનુરૂપ સામેના પાત્રની બાયોડેટા ફોટા માંગે છે જે ભરતભાઇ વ્યકિતગત રીતે વોટસએપમાં આપે છે અને આ બાબતે તે પરિવાર સાથે ટેલીફોનીક વાતચીત કરે છે.

ભરતભાઇ કહે છે, આજે છોકરીઓ ભણેલી હોય છે અને સામે છોકરો ભણેલો જ માંગે છે. ખાસ કરીને સારી નોકરી કરતો અને પુના, મુંબઇ, બેંગ્લોર જેવા મોટા શહેરોની ડીમાન્ડ કરે છે છોકરો ભણેલો હોય પરિવારનો ધંધો સારો હોય. સુખી હોય છતાં ઘણા કિસ્સામાં છોકરી ના પડી દયે છે. અને કહે છે સારી નોકરીવાળો જોઇએ છે. વધુમાં કહે છે, ૯૦ની સાલ પછીના યંગસ્ટર સમાજ સાથે જોડાતા નથી. તેથી સમાજ પણ તેનાથી પરિચિત નથી હોતો. તેથી ગોઠવવું મુશ્કેલ પડે છે. જો કે દરેક મા-બાપ પોતાના દિકરા-દિકરીના નામ લગભગ બધા ગ્રુપમાં કે લીસ્ટમાં કે સીટીમાં લખાવતા હોય છે. તેથી કોઇને કોઇ લીસ્ટ ગ્રુપમાંથી ગોઠવાઇ જાય છે તેથી મહિને ૨૦-૨૫ બાયોડેટા ઓછી થાય છે તો સામે નવી આવતી રહે છે. ઘણા પરિવારો સામેના પરિવારને લાંબો સમય સુધી હા કે ના નો જવાબ આપતા નથી તેવી ફરિયાદો રહે છે.

ભરતભાઇ લગભગ દરેક મા-બાપ સાથે ટેલીફોનક રીતે કોન્ટેકમાં રહે છે. તેમની પાસે અમદાવાદ, રાજકોટ ગુજરાતનાં ઘણા સેન્ટરમાં તેમજ મહારાષ્ટ્રના નાસિક, પુના, મુંબઇ સહિતના શહેરોનાં બાયોડેટા હોય છે. ભરતભાઇ પણ ફકત સેવાની ભાવનાથી આ કાર્ય કરે છે તેઓ આ સેવા વિના મુલ્યે આપે છે. કોઇ ચાર્જ લેતાં નથી.

ભાવનગર પાસેના વરતેજનાં હિતેષભાઇ અઘેડા સહિતના પાંચ લોકો પાંચ વર્ષથી વોટસએપમાં બાયોડેટા ગ્રુપ નામથી ગ્રુપ ચલાવે છે. આ અંગે હર્ષદભાઇ અઘેડા જણાવે છે કે અમોએ છોકરા-છોકરીનું ગ્રુપ અલગ અલગ રાખેલ છે. જેમાં બાયોડેટા ગ્રુપ-૧ છોકરાઓનું અને બાયોડેટા ગ્રુપ-૨ છોકરીઓનું રાખેલ છે. તેમની પાસે છોકરા-છોકરીઓની ૨૫૦-૨૫૦ જેટલી બાયોડેટા છે. તેઓ કોઇની પાસે બાયોડેટા મંગાવતા નથી પરંતુ વાલી તેમને બાયોડેટા અને ફોટા મોકલાવે છે. તે ગ્રુપમાં મુકે છે. છોકરાના ગ્રુપમાં બાયોડેટામાં કોન્ટેક માટે મોબાઇલ નંબર રાખે છે. જયારે છોકરીઓના ગ્રુપમાં બાયોડેટા મુકે છે તેમાં કોન્ટેક નંબર રાખતા નથી.જો કોઇ છોકરાવાળાને કોઇ છોકરીની બાયોડેટામાં રસ હોય તો તે પહેલા છોકરીવાળાને પુછે છે કે આ છોકરાવાળા તમારો નંબર માંગે છે. જો છોકરી વાળા હા પાડે તો જ નંબર આપીએ છીએ. છોકરા-છોકરીનું અમારા ગ્રુપમાંથી કે અન્ય ગ્રુપમાં કે અન્ય રીતે ગોઠવાઇ જાય ત્યારે તેમના મા-બાપનો ફોન આવે એટલે તે બાયોડેટા અમે ડીલીટ કરીએ છીએ. બે-ત્રણ વર્ષ થઇ જાય પછી જુની બાયોડેટા પણ અમે ડીલીટ કરી નાખીએ છીએ. અમો એ કોઇ ફી રાખેલ નથી ફકત સામાજીક સેવાના ભાવથી આ ગ્રુપ ચલાવીએ છીએ.

આમ આજે આવા ઘણા નાના-મોટા બાયોડેટાના વોટસએપ ગ્રુપ ચાલે છે. જેમાં ઘણા પ્રોફેશ્નલ રીતે મેરેજબ્યુરોની રીતે કામ કરે છે. જેમાં નિયત ફી ભર્યા પછી જ બાયોડેટા સ્વીકારે છે. અને આપે છે મોબાઇલ એપ્લીકેશન કોમ્યુ ટ્રી સીટીમાં પ્રિમીયમ મેટ્રોમનીમાં ખાસ ચાર્જ લઇને ફોટા સાથેની બાયોડેટા હાઇલાઇટ કરે છે. જયારે સીટીમાં જ એક વિભાગમાં છોકરા-છોકરીની ઉંમર સેટ કરવાથી તે ઉંમરના જ પાત્રો અને તેમની વિગત ફોટા સાથે જોવા મળે છે તે વિનામુલ્યે છે. આ માધ્યમ ઘણુ ઉપયોગી છે અને સમાજમાં પ્રચલિત છે. કોઇ ગ્રુપ એડમીન કોઇ પરિવાર અંગે જવાબદારીથી બંધાયેલા હોતા નથી. સામેના પરિવાર અંગે જાણકારી મેળવવી કે તપાસ કરવાની જવાબદારી વાલી ન જ હોય છે

# તૃપ્તિબેન વાડેસા : ઘેર બેઠા દેશભરમાં ઓનલાઇન માર્કેટીંગમાં માહેર





- સમતા ભાડેશીયા

આજની મહિલા ફકત રસોડુ સંભાળવાની બદલે મનગમતુ કામ કરીને સાઇડ ઇન્કમ મેળવી થઇ ગઇ છે. રાજકોટના કોઠારીયા રોડ પર આવેલ હુડકો કવાર્ટસ બી–૨૦૩માં રહેતા તૃપ્તીબેન વાડેસાની જ વાત કરીએ તો તૃપ્તીબેન છેલ્લા એક વર્ષથી 'કૃષ્ણમ હાઉસહોલ્ડ' નામથી ઓનલાઇન બીઝનેસ ચાલુ કર્યો છે. તૃપ્તીબેન કોર્પોરેટ ગીફ્ટ, બ્યુટી પાર્લરની આઇટમ, ઇમીટેશન જવેલરી, કીચનવેર, સેફ્ટી પ્રોડકટસ, ટુલ્સ, ડેકોરેશન માટે વસ્તુઓ મળી ૧૨૦૦ થી ૧૫૦૦ જેટલી ચીજવસ્તુઓનું ઓનલાઇન માર્કેટીંગ કરે છે. આ બધી આઇટમ એમેઝોન કે અન્ય સાઇટ ઉપર જે ભાવે વેચાય છે તેના કરતાય સાવ ઓછા ભાવે તૃપ્તીબેન વેચે છે. એક જ દાખલો લઇએ તો સિલાઇ માટે હેન્ડ મશીન આવે છે તે ઓનલાઇન ૮૦માં વેચાય છે. જે મશીન તૃપ્તીબેન પાસેથી ફકત રૂા. ૧૦માં મળી રહે છે. તૃપ્તીબેન તદ્દન વ્યાજબી નહીં પણ તદ્દન ઓછા ભાવે વિવિધ પ્રોડકટસનું વેચાણ કરતા હોય રાજકોટ જ નહીં વિવિધ શહેરો રાજયોમાં પણ તેમના ગ્રાહક પથરાયેલા છે. મહારાષ્ટ્ર, ઇંદોર, પંજાબ, જમ્મુકાશ્મીર તેમજ ગુજરાતના મોટાભાગના ગ્રાહક 'કૃષ્ણનમ હાઉસ હોલ્ડ' પાસેથી ઓનલાઇન વિવિધ પ્રોડકટસ મંગાવે છે.

તૃપ્તીબેન વાડેસા પાસે ૨૪ જેટલા રી સેલર્સ છે. જે તૃપ્તીબેન પાસેથી વિવિધ પ્રોડકટસ ઓનલાઇન સેલીંગ કરે છે. આ બધી રીસેલર્સ બહેનો જ છે અને તેમાં પણ મોટા ભાગની બહેનો વિશ્વકર્મા પરિવારની છે.

આવી રીતે ઓનલાઇન બીઝનેસ કરવાનો વિચાર કેમ આવ્યો ? તેવા પ્રશ્નના જવાબમાં તૃપ્તીબેન કહે છે. મારા પિતા સ્વ. હેમેન્દ્રભાઇ અખીચાણીયાની પ્રેરણાથી હું આગળ વધી છું. તેમની પ્રેરણાથી જ બી.એ. એક્સર્ટનલ સુધીનો અભ્યાસ કર્યો.

તૃપ્તીબેનનો પુત્ર કેવીન જે બીસીએના છેલ્લા વર્ષમાં છે તે તૃપ્તીબેનને ઓનલાઇન માર્કેટીંગમાં મદદ કરે છે. ગામેગમાથી ઓનલાઇન મળતા ઓર્ડરનું પેકેજીંગ કરી તેના પાર્સલ કરવાની કામગીરી કેવીન કરે છે.

તૃપ્તીબેનના પતિ કલ્પેશભાઇ કે જેઓ કલ્પેશ ઇન્ડસ્ટ્રીઝના નામથી ૭–પટેલનગરમાં ફેકટરી ધરાવે છે અને સ્લાઇડીંગ રોલરનું પ્રોડશન કરે છે. તૃપ્તીબેનના સાસુ ભાવનાબેન અને નિર્મળભાઇ વાડેસાના સતત આશીર્વાદ તૃપ્તીબેનને મળતા રહયા છે.

કોઇપણ બહેનોને ઓનલાઇન માર્કેટીંગમાં રસ હોય કે વિવિ પ્રોડકટસ તદ્દન ઓછા ભાવે ઘર બેઠા જોઇતી હોય તો તૃપ્તીબેન વાડેસાનો ૯૪૦૯૨ ૫૬૪૪૮ પર સંપર્ક સાધી શકે છે અને તેમના ઇન્સ્ટાગ્રામ અને કમ્યુનિટી ગ્રુપમાં જોડાઇ શકે છે.

**સરનામું : શ્રી કૃષ્ણનમ હાઉસ હોલ્ડ, ૪-શ્રીનગર, સહકાર મેઇન રોડ, ભકિતનગર પાસે, રાજકોટ.**

# એવુ પણ બને

## – અછાંદસ કવિતા

કોઇને ચાહતા રહીએ જીવનભર, કહી ન શકીએ
તેની આગળ જ પ્રેમનો એકરાર, એવુ પણ બને.

પસંદ હોય એ આપણને આપણા જીવથી પણ વધુ,
તેણે આપણે જરાય પસંદ ન હોય એવુ પણ બને.

રહેતા હોય કોઇના હ્રદયમાં, શ્વાસ બની. એ જ
ખરે ટાણે કરે વિશ્વાસઘાત, એવુ પણ બને.

પુજતા રહી પગ જેના સાધુ માની જીવનભર,
અંતે એ નીકળે સાવ શૈતાન એવુ પણ બને.

દેત રહી દોસ્તનો સાથ સદા ઢાલ બની જીવનભર,
એ જ પીઠમાં ભોંકે ખંજર એવુ પણ બને.

ગાતા રહીએ જેના ગુણગાન જીવનભર, એ જ
કરતો હોય આપણી નીંદા એવુ પણ બને.

દીધો હોય આપણે જેને મત સજ્જન માની,
લોભની લાલચે કરે એ જ પક્ષપલટો એવું પણ બને.



ભાવિન કથેચા, રાજકોટ.

# તું – કાવ્ય

છે હાજર સતત મારા વિચારોમાં તું,
મને સ્પર્શીને વહેતી આ હવામાંય તું,
સવારે ઉઠતાંજ જે લવ છું હાથમાં!
ભળે મીઠાશ બની એ મોળી ચા માંય તું...

પ્રયત્ન પુર્વક તો, તને યાદ કરૂં છું જ ક્યાં?
જીવવા માટે જરુરી એ દરેક શ્વાસમાંય તું,
ટાણે જ યાદ આવતા દુન્યવી સંબંધો વચ્ચે!
મારાં ધડકતાં હ્રદયનાં દરેક ધબકારમાંય તું...

વગર કારણે હસી પડાય એ હાસ્યમાંય તું,
ને અચાનક જ વહી પડતાં આંસુઓમાંય તું,
વહે છે જે નિરંતર મારા દેહનાં દરેક અંગમાં,
ધમનીઓમાં વહેતાં પ્રત્યેક રક્તબિંદુમાંય તું...

માંગું છું ખુશીઓના આશીર્વાદ તારી માટે,
ભગવાનને જે કરું છું એ પ્રાર્થનાય તારી માટે,
ન રિસાય મારાથી, કહી દે જે ભગવાનને, કે!
એમના પહેલાં જે લવ છું, એ નામમાંય તું....



જ્યોતિ ગજ્જર, વડોદરા

# "સાંજ ટાણે" – ગઝલ

નથી આવતું સૌની ઈચ્છા પ્રમાણે,
મરણ, યાર! આવે છે ટાણે કટાણે.

ખિજાતી ખરી પણ ખિજાવા ન દેતી,
વિના મા હવે કોણ ઉપરાણું તાણે?

જરૂર ક્યાં છે સાબિતી દેવાની મારે,
ખરૂં ખોટું ઈશ્વર બધું મારું જાણે.

મજા જીવવાની ખરી તો જ આવે,
તું સ્થિતપ્રજ્ઞ થઈ જિંદગીને જો માણે.


પ્રણય હોય સાચો, કૂંપળ ફૂટે રણમાં,
નથી થાતું મિલન બે દિલનું પરાણે.

હું આવીશ મળવા, પ્રિયે! એક દિવસ,
મળે જેમ ધરતી–ગગન સાંજ ટાણે.

ન ફરિયાદ "શીતલ "કરે કોઈ દિવસ,
જગત છે, વખોડે અને કાં વખાણે.



**શીતલ બી. ભાડેશીયા, રાજકોટ.**



**મનીષા ગજ્જર, જામનગર**

# "દાદાની તેરસ"

હૈયે હરખની હેલી મારે,
આવી દાદાની તેરસ આજે.

બારણે હું તોરણ બંધાવું,
પથરાવુ હું પુષ્પ કેરા આસન,
આવી દાદાની તેરસ આજે.

ગોખે ગોખે હું દીવા પ્રગટાવો,
ભોજન ધરૂં હું ભાવથી,
આવી દાદાની તેરસ આજે.

દાદા ના દર્શન થી મારી આંખો ઠરતી,
અંતર આત્મામાં થયા રાજીપા,
આજે આવી દાદાની તેરસ.

મારા હૈયે હરખ માતો નથી ,
આવી દાદાની તેરસ.

જય વિશ્વકર્મા.

# શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા શતાબ્દી વર્ષના ભાગરૂપે વિશ્વકર્મા જયંતીની વિવિધ કાર્યક્રમો દ્વારા ભવ્ય ઉજવણી થશે

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ–રાજકોટ દ્વારા આગામી તા. ૩–૨–૨૩ શુક્રવારના રોજ શ્રી વિશ્વકર્મા જયંતી મહોત્સવ હાલમાં શતાબ્દી વર્ષ ઉજવણીના ભાગરૂપે ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક, સેવાકીય તથા જ્ઞાતિ સમુહ ભોજન જેવા વિવિધ કાર્યક્રમોની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે.

આગામી મહાસુદ–૧૩ તા. ૩–૨–૨૦૨૩ શુક્રવારના રોજ વિશ્વકર્મા જયંતીના દિવસે જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા પ્રભુજીના મંદિરમાં વિશ્વકર્મા દાદાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોય ચાલુ વર્ષ શતાબ્દી વર્ષ ઉજવીના ભાગરૂપે વિશ્વકર્મા દાદના સિંહાસનને સોનાથી મઢવાના મહાસંકલ્પ પૂર્ણ થતા સુવર્ણદાનના મુખ્ય દાતાઓ પ્રવીણભાઇ જેરામભાઇ અધારા તથા રમેશભાઇ અંબારામભાઇ તલસાણિયા(અમદાવાદ) તેમજ જ્ઞાતિના વિવિધ દાતાઓના સુર્વણદાનથી સિંહાસન તૈયાર થયેલ હોય તેને દર્શનાર્થીઓ માટે તા. ૧–૨–૨૦૨૩ બુધવારને સવારે ૮ કલાકે ખુલ્લુ મુકવામાં આવશે. આ પ્રસંગે મહામંડલેશ્વર શ્રીશ્રી ૧૦૦૮ પુ. માં શ્રી કનકેશ્વરી દેવીજી (શ્રી ખોખરા હનુમાનજી ધામ –મોરબી) તથા પ.પુ. સ્વામીશ્રી પરમાનંદ સરસ્વતીજી(અધ્યક્ષ આર્ષ વિદ્યા મંદિર–રાજકોટ)ના શુભ વરદ હસ્તે ખુલ્લુ મુકવામાં આવશે.



પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ત્રણ દિવસનો રહેશે. જેમાં દાદાના મંદિર ખાતે વિશ્વકર્મા મંદિર, શ્રી રામચંદ્ર પરિવાર તેમજ રાધા–ક્રિષ્ના તેમજ શ્રી ગણપતિ ભગવાન તેમજ શ્રી હનુમાનજી મહારાજના દિવ્ય સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ત્રણ દિવસનો રહેશે. જેમાં તા. ૧–બુધવાર તથા તા. ૨–૨–૨૩ ગુરુવાર ના સવારે ૭.૩૦ થી ૧ તથા બપોરે ૩ થી ૬.૩૦ તેમજ ત્રીજા દિવસે વિશ્વકર્મા જયંતીના દિવસે તા. ૩–૨–૨૩ શુક્રવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ સુધી પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા વિધિ તથા પ્રતિષ્ઠા યજ્ઞની પૂર્ણાહુતિ થશે. આ યજ્ઞના આચાર્ય પદે રાજકોટવાળા શાસ્ત્રીજી કૌશિકભાઇ અનંતરાય ત્રિવેદી રહેશે.

આ પ્રસંગે ૧૦૧ કુંડી મહાયજ્ઞનું આયોજન વિશ્વકર્મા જયંતીના દિવસે સવારે ૮ થી ૧૨.૩૦ સુધી યજ્ઞ રહેશે. જેમાં એક કુંડીમાં ૪ દંપત્તિ બેસશે. એટલે કુલ ૪૦૪ નવદંપતી–પરિવાર આ યજ્ઞનો લાભ લેશે. આ યજ્ઞ રેસકોર્સ ખાતે ઉભા કરાયેલ વિશ્વકર્મા ધામ ખાતે રહેશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વકર્મા જયંતીના દિવસે જ્ઞાતિ દ્વારા સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧૭ નવદંપતિઓ પ્રભુતામાં પગલા માંડશે. આ સમુહલગ્નમાં બપોરે ૨ વાગ્યે જાનનું સામૈયુ, ૩ વાગ્યે હસ્તમેળાપ તથા સાંજે ૭.૧૫ વાગ્ય કન્યાવિદાય કરવામં આવશે. આ પ્રસંગે જ્ઞાતિ દ્વારા તથા દાતાશ્રીઓ દ્વારા કરીયાવરમાં સોના–ચાંદીની વસ્તુ તેમજ ગૃહઉપયોગી વસ્તુઓ કરીયાવરમાં આપવામાં આવશે. આ પ્રસંગે નવદંપતીઓને આશીર્વાદ પાઠવવા સંત શ્રી જેન્તીરામબાપા–ધુનડા તથા શ્રી બ્રહદેવજી મહારાજ–કુવાડવાવાળા પધારશે. તેમજ મુખ્ય મહેમાનપદે મનોહરભાઇ પ્રભુદાસભાઇ તલસાણિયા પરિવારના જયકુમાર તથા હિતેષકુમાર, શ્રી જગુભાઇ ભારદીયા તેમજ અતિથિ વિશેષશ્રીઓમાં મુકેશભાઇ પંચાસરા, મહેન્દ્રભાઇ પંચાસરા, વિજયભાઇ તલસાણિયા, પ્રધુમનભાઇ તલસાણિયા, કેતનભાઇ ગજજર, કુમારભાઇ પંચાસરા, દિનેશભાઇ ગોરેચા, દામજીભાઇ ખારેચા, ભરતભાઇ વિરમગામા, કમલેશભાઇ સીનરોજા તથા શ્રીમતી પુજાબેન વિશરોલીયા પધારશે. ઉપરાંત સંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રી સહિતના રાજકીય અગ્રણીઓ પધારશે.

આ પ્રસંગે વિશ્વકર્મા પ્રભુજીની શોભાયાત્રા ભકિતનગર સર્કલ પાસેના ધારેશ્વર મહાદેવ મંદિરથી પ્રસ્થાન કરીને શહેરના મુખ્યમાર્ગોમાં પસાર થઇને વિશ્વકર્મા ધામ રેસકોર્સ ખાતે પૂર્ણ થશે. આ શોભાયાત્રામાં વિશ્વકર્મા દાદાના રથ સહિત વિવિધ સંસ્થાઓ–પરિવારો દ્વારા વાહનોમાં ફલોટ ઉભા કરવામાં આવશે અને તેમાં જ્ઞાતિજનો જોડાશે.

સેવાકીય કાર્યના ભાગરૂપે મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. રકતદાન શિબિર બે સ્થળે રહેશે. વિશ્વકર્મા મંદિર–ખડપીઠ તથા વિશ્વકર્મા ધામ–રેસકોર્સ ખાતે સવારે ૮ થી રાત્રે ૮ વાગ્યા સુધી શિબિર ચાલુ રહેશે.

વિશ્વકર્મા જયંતીની પૂર્વ સંધ્યાએ તા. ૨–૨–૨૩ ગુરૂવારે સાંજે ૭.૩૦ થી ૧૧ વાગ્યા સુધી વિશ્વકર્મા ધામ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં 'શ્રી વિશ્વકર્મા પ્રભુજીના દશાવતાર ઝાંખી દર્શન' રજુ કરવામાં આવશે. આના લેખન–દિગ્દર્શન સુરેન્દ્રનગરના દિનેશભાઇ ગજજર તથા ગીત–સંગીત જયંતભાઇ ગજજર દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. વિશ્વમાં સૌપ્રથમવાર શ્રી વિશ્વકર્મા

દશાઅવતાનો કાર્યક્રમ રજુ થશે. કાર્યક્રમનું દિપ પ્રાગટય મુખ્ય મહેમાનોના હસ્તે થશે.

વિશ્વકર્મા જયંતીની સાંજે રેસકોર્સ ખાતે જ્ઞાતિ સમુહ ભોજન (પ્રસાદ) રાખવામાં આવેલ છે. જેમાં રાજકોટમાં રહેતા જ્ઞાતિના દરેક પરિવારોને આમંત્રણ પાઠવવામાં આવેલું છે. જેનો સમુહભોજન–પ્રસાદનો લાભ જ્ઞાતિજનો લેશે.

વિશ્વકર્મા જયંતીની આ ઉજવણી શતાબ્દી વર્ષ ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોના આયોજન હોય તૈયારી માટે જ્ઞાતિ દ્વારા ગોંડલ રોડ ઉપર જસાણી સ્કુલની સામે કાર્યાલય કરવામાં આવેલ છે. જેમાં તૈયારીના ભાગરૂપે વિવિધ કમિટીની રચના–આયોજનને આખરી ઓપ આપવાની તૈયારી કરવામાં આવે છે. વિશ્વકર્મા જયંતીના આયોજનને સફળ બનાવવા જ્ઞાતિના પ્રમુખ રસીકભાઈ બદ્રકિાય, ઉપપ્રમુખ કાંતિભાઈ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઈ કરગથરા, ખજાનચી અરવિંદભાઈ ત્રેટીયા, તેમજ કારોબારી સભ્યોમાં હર્ષદભાઈ બકરાણિયા, કિશોરભાઈ અંબાસણા, હરીભાઈ સીનરોજા, દિલીપભાઈ પંચાસરા, શાંતિભાઈ સાંકડેચા, મિતેષભાઈ ધ્રાંગધરિયા, જનકભાઈ વડગામા, કિશોરભાઈ બોરાણીયા, કેતનભાઈ મહીધરીયા તથા ઘનશ્યામભાઈ દુદકીયા તેમજ જ્ઞાતિના અધ્યક્ષ મુકેશભાઈ વડગામા, ઉપાધ્યક્ષ જગદીશભાઈ સોંડાગર તથા ટ્રસ્ટીશ્રીઓમાં દિનેશભાઈ ખંભાયતા, વિનયભાઈ તલસાણિયા તથા મુકેશભાઈ ભાડેશીયા તેમજ જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ પરિવારો તેમજ જ્ઞાતિના કાર્યકર તરીકે જોડાયેલા જ્ઞાત્જિનો જહેમત ઉઠાવી રહયા છે. વિશ્વકર્મા જયંતીના આયોજનને સફળ બનાવવા જ્ઞાતિના પ્રમુખ રસીકભાઈ બદ્રકિયા સહિતની કાર્યવાહક સમિતિ તથા અધ્યક્ષ મુકેશભાઈ વડગામા તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ તેમજ જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ પરિવારો તેમજ જ્ઞાતિજનો જહેમત ઉઠાવી રહયા છે.

## શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા હવન તથા મહાપ્રસાદના આયોજન દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી થશે

શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા આગામી વિશ્વકર્મા જયંતીની ઉજવણી મહાસુદ–૧૩ તા. ૨–૩–૨૩ને શુક્રવારના રોજ વિશ્વકર્મા મંદિર–પંચેશ્વર ટાવર ખાતે ઉજવવામાં આવશે. આ પ્રસંગે સવારે પ વાગ્યે મંગળા આરતી તથા ૭ વાગ્યે હવન રાખવામાં આવેલ છે. તેમજ સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી જ્ઞાતિજનોને જ્ઞાતિના વિકાસ કાર્યની માહિતી રજુ કરવામાં આવશે. હવનમાં બેસવા માટે રૂા. ૧૦૦ની ભેટ લખાવનારનો ડ્રો થશે. ડ્રોમાં ભાગ્યશાળી બનનારને હવનમાં યજમાનપદે બેસવાનો લાભ મળશે. હવન વિશ્વકર્મા મંદિરની બાજુમાં આવેલ લક્ષ્મીનારાયણ મંદિર ખાતે રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે જામનગર ઉપરાંત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પધારતા જ્ઞાતિજનો માટે બપોરે ૧૧.૩૦ થી ૨.૩૦ સુધી વિશ્વકર્મા મંદિર ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉત્સવના અધ્યક્ષપદે મહેશભાઈ પ્રભુલાલ અંબાસણા રહેશે. આ વિશ્વકર્મા જયંતીની ઉજવણી માટે નિયામક સમિતિના પ્રમુખ રમણીકભાઈ ગોરેચા, અધ્યક્ષ દયાળજીભાઈ ભારદીયા તથા ટ્રસ્ટી અશોકભાઈ આમરણીય તેમજ કાર્યવાહક સમિતિ, યુવક મંડળ, સર્વિસ ગ્રુપ, મહિલા મંડળ તેમજ જ્ઞાતિ સહયોગીઓ જહેમત ઉઠાવી રહયા છે.

### : અમદાવાદ :

શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર વિશ્વકર્મા પરિવાર–વેજલપુર દ્વારા તા. ૩–૨–૨૩ શુક્રવારના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી ચાણકય કોમ્યુનિટી હોલ, ટી.વી. નાઇનવાળો ખાંચામાં ડી–માર્ટની બાજુમાં જીવરાજ પાર્ક ખાતે આ વિસ્તારનાં સૌ જ્ઞાતિજનોના સાથ અને સહકારથી વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવશે.

### : સુરત :

શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ–સુરત દ્વારા તા. ૩–૨–૨૩ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી તથા સાથે સમુહલગ્ન સમારોહનું આયોજન 'ઉન્નતી ફાર્મ' સીમાડા ગામ, સુરત ખાતે રાખેલ છે.

**- સંકલન : જયંતીભાઈ નગેવાડીયા**

## ગોંડલ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણીનું આયોજન



ગોંડલ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા જ્ઞાતીની વાડી–ભોજરાજપરા ખાતે વિશ્વકર્મા જયંતીની ઉજવણી તા. ૩–૨–૨૩ શુક્રવારે કરવામાં આવશે. છેલ્લા બે વર્ષથી કોરોનાના કારણે વિશ્વકર્મા જયંતીની ઉજવણી કરવામાં આવેલ ન હતી. આ વર્ષે સવારે દાદાની પુજા આરતી તથા ૯ વાગ્યે જ્ઞાતિ મિટીંગ તથા બપોરે જ્ઞાતિ સમુહભોજન જેમાં ગોંડલ ઉપરાંત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમ્ર જ્ઞાતિજનો પધારશે. જ્ઞાતિના પ્રમુખ જયસુખભાઈ નગેવાડીયા તથા તેમની ટીમ આ માટે આયોજન કરી રહી છે.

# મુંબઇ વિશ્વકર્મા બાગમાં વિશ્વકર્મા જયંતીની ભવ્ય ઉજવણી થશે

મુંબઇ વિલેપાર્લેમાં આવેલ શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ ખાતે તા. ૩-૨-૨૩ના રોજ પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ વિશ્વકર્મા જયંતી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવની ઉજવણી માટે ઉત્સવ કમિટી બનાવાઇ છે. ઉત્સવ કમિટીના પ્રમુખ સતીષભાઇ આર. સંચાણીયા રહેશે. જયારે ઉપપ્રમુખ તરીકે દિલીપભાઇ દામજીભાઇ ધ્રાંગધરીયા અને ખજાનચી તરીકે સુર્યકાંતભાઇ નારાયણભાઇ ભાડેશીયા રહેશે.

વિશ્વકર્મા જયંતીના દિવસે સવારે અભિષેક પુજા થશે. ત્યારબાદ પરંપરાગત પાલખીયાત્રા નીકળશે. સન્યાસ આશ્રમથી વિશ્વકર્મા બાગ સુધીની પાલખી યાત્રા પુરી થયા બાદ સવારે ૧૦.૩૦ કલાકે અન્નકુટ દર્શન થશે. અન્નકુટ દર્શન બાદ બપોરે ૧૧.૩૦ થી ૩ વાગ્યા સુધી મહાપ્રસાદ થશે.

SGSV
Estd. 1949

બપોરબાદ ચાર વાગ્યા રંગારંગ લોકગીત કાર્યક્રમ થશે. જેમાં મુંબઇના જ કલાકારો વિવિધ કલાના કામણ પાથરશે.

શ્રી વિશ્વકર્મા જયંતી ઉત્સવ નિમિત્તે ભાયંદર, બોરીવલી, મીરા રોડ, દહીંસર ઘાટકોપર, મુલુંડ થાણા, ભીંવડી વિસ્તારના લોકો માટે બસની વ્યવસ્થા કરેલ છે.

ટ્રસ્ટ કમિટી (૨૦૨૨-૨૫)ના પ્રમુખ આશીતભાઇ ડી. ઘોરેચા, ઉપપ્રમુખ વિઠ્ઠલભાઇ બી. અઘેડા, સચીવ તુષારભાઇ એન. કથ્રેચા, ખજાનચી તુષારભાઇ ધ્રાંગધરીયા, ટ્રસ્ટી રસીકભાઇ એસ. વઘાડીયા, રમેશભાઇ અંબાસણા, સુરેશભાઇ એસ. અનુવાડીયા તેમજ ઇન્ટરનલ ઓડીટર મનિષભાઇ કે. છનીયારાના માર્ગદર્શન હેઠળ સૌ આયોજન સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

## મોરબી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા રમત-ગમત સ્પર્ધા, તેજસ્વી વિદ્યાર્થી સન્માન તથા મહાપ્રસાદના આયોજન સાથે વિશ્વકર્મા જયંતીની ઉજવણીનું આયોજન

મોરબી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા આગામી વિશ્વકર્મા જયંતીની ઉજવણી તા. ૩-૨-૨૩ને શુક્રવારના રોજ શનાળા રોડ પાસેના સમયના ગેઇટ પાસેના પાર્ટી પ્લોટ ખાતે વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે બપોરે ૩ વાગ્ય નવા બસ સ્ટેશનથી દાદાની શોભાયાત્રાનો પ્રારંભ થશે. અને વાજતેગાજતે ઉજવણી સ્થળે પહોંચશે. વિશ્વકર્મા મંદિર, ભવાની ચોક ખાતે દાદાની પુજા-આરતી કરવામાં આવશે. પાર્ટી પ્લોટ ખાતે સાંજે ૬ વાગ્યાથી બાળકો માટે યોજાય ગયેલ રમત-ગમત સ્પર્ધાના વિજેતાઓને ઇનામ વિતરણ તેમજ તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ તથા સાંજે જ્ઞાતિ સમુહ ભોજનનું આયોજન રાખવામાં આવેલ છે. જેમાં મોરબીના જ્ઞાતિજનો મહાપ્રસાદનો લાભ લેશે. આ વિશ્વકર્મા જયંતીની ઉજવણી માટે જ્ઞાતિના પ્રમુખ જશ્મીનભાઇ ભાલારા તથા તેમની ટીમ જહેમત ઉઠાવી રહી છે.


## સિહોર ખાતે વિશ્વકર્મા જયંતીની ઉજવણી થશે




સિહોર તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ દ્વારા તા. ૩-૨-૨૩ના રોજ વિશ્વકર્મા જયંતીની ઉજવણી હનુમાનધારા મંદિર ખાતે કરવામાં આવશે જેમાં સવારે દાદાની પુજા-આરતી તથા ૫૬ ભોગ અન્નકુટ ધરાવવામાં આવશે તથા બપોરે પ્રભુ પ્રસાદ (સમુહ ભોજન) રાખવામાં આવેલ છે. જેના દાતાશ્રીઓમાં સ્વ. નિર્મળાબેન પોપટભાઇ કનેજીયા, હ. મનસુખભાઇ કનેજીયા, બાબુભાઇ લઠ્ઠુવાડીયા તથા ધનસુખભાઇ વડગામા છે. જ્ઞાતિના પ્રમુખ હર્ષદભાઇ ધ્રાંગધરીયા તથા મહામંત્રી મનસુખભાઇ કનેજીયા સહિતની ટીમ ઉજવણીનું આયોજન કરી રહી છે.

## With Best Compliments....

***Pratik Kharecha***
B.E. (Mechanical)
Mob.: +91-99746 40037






# A. B. Automation
Automotion Solution & Power Transmission

Vaidvadi-4, Near Milan Auto, Mavdi Main Road, Rajkot-4
E-mail : abmation@gmail.com | www.abautomation.biz



## With Best Compliments...

Alpesh Jadvani
+9194273 53407
+9194290 53407
Jagdishbhai Jadvani
+9194280 60905

# ROMAN GOODS LIFT

Mfg.
Goods Lifts, Cranes & Fabrication





15-Atika Ind. Area, Opp, Alpesh Roadways, Dhebar Road(south), RAJKOT
romangoodslift@gmail.com

VERONA
TILES

Beyond Nature

# Stunning Surfaces

Verona Gres Porcelain is a step forward to extend Excellent Production of European Quality Gres Porcelain.



**VERONA GRANITO PVT LTD**
8-A, National Highway,
At. Makansar, Morbi-363642
Dist. Morbi, Gujarat, INDIA
email : info@veronatiles.com





## વિશ્વકર્મા વિશ્વના દ્વિદશાબ્દી વર્ષ તથા વિશ્વકર્મા જયંતી નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

## શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ - વાડજ

**પ્રમુખ** - શ્રી શાંતિભાઇ આર. ખોડદિયા • **ઉપપ્રમુખ** - શ્રી રાજેશભાઇ બી. પાનસિણીયા
**મંત્રી** - શ્રી મહેશભાઇ જે. જાદવાણી • **સહમંત્રી** - શ્રી પ્રકાશભાઇ આર. જાદવાણી • **સહમંત્રી** - શ્રી વાડીભાઇ એમ. વડગામા
**ખજાનચી** - શ્રી જીતેન્દ્રભાઇ પી. વડગામા • **ઉત્સવમંત્રી** - શ્રી નરેન્દ્રભાઇ આર. ખોડદિયા
**સ્પોર્ટસમંત્રી** - શ્રી નેરન્દ્રભાઇ એમ. અડિયેચા • **શિક્ષણમંત્રી** - શ્રી અનિલભાઇ ડી. કંસોડા
**સહશિક્ષણમંત્રી** - શ્રી દિનેશભાઇ જે. ધોરેચા • **પ્રચાર મંત્રી** - શ્રી પ્રવીણભાઇ એ. સંચાણિયા

**: કો.ઓ. સન્માનનીય સદસ્યો :**

શ્રી પ્રકાશભાઇ જે. બોરસાણીયા • શ્રી અરવિંદભાઇ એસ. છનિયારા • શ્રી પંકજભાઇ એસ. છનિયારા
શ્રી ભાવેશભાઇ જે. પંચાસરા • શ્રી ગીરીશભાઇ એલ. પિલોજપરા • શ્રી જયંતીભાઇ કે. વિસરોલીયા
શ્રી ભીખાભાઇ આર. માથાસુરીયા • શ્રી ભરતભાઇ બી. વડગામા • શ્રી તેજસભાઇ જે. અનોવાડીયા
શ્રી મોન્ટુભાઇ જે. છનિયારા • શ્રી વિમલભાઇ એચ. ધોળકીયા

**ઈન્ટરનલ ઓડિટર :** શ્રી પ્રવીણભાઇ ડી. છનિયારા • શ્રી શંકરભાઇ એસ. સોલગામા

:::: Best Wishes ::::

# AUSTIN ENGINEERING CO. LTD.

ISO/TS 16949-2009 Company

**Manufacturers of all types of Ball & Roller Bearings**
**( Widest range in India, above 5000 Varieties )**

= IMPORT SUBSTITUTES IS OUR SPECIALITY =

**Registered Office & Works:**
**Village: Patla, Taluka: Bhesan, District. Junagadh 362 030 (Gujarat)**
**e-mail: info@aec.com – Visit at www.aec.com**








**વિશ્વકર્મા વિશ્વના દ્વિદશાબ્દી વર્ષ**
**તથા વિશ્વકર્મા જયંતી નિમિત્તે**
**હાર્દિક અભિનંદન**

: શુભેચ્છક :

સુથાર સમાજ પ્રગતિ મંડળ સંચાલિત

## શ્રી વિશ્વકર્મા મંદિર-ડીસા



Since 1988
www.accumenspindle.com
ACCUMEN
SPINDLE
100% Best Quality
MANUFACTURE OF
Internal Grinding Spindles,
CNC Turning Spindles,
VMC Spindles, SPM Spindles, Components for
Cincinnati Machine (USA) & Bocca (Italy).
Manufactured by :
ACCUMEN ENTERPRISE
Atlas Industrial Area, Plot No. 11/16,
Opp. Krishna Park Hotel, NH-8B,
Rajkot-Gondal Highway, Nr. Railway Crossing,
Khothariya (Rajkot-4.) | 0281-2782090 / 091 / 089
accumenentp@gmail.com / info@accumenspindle.com
+91 98255 06140 | +91 98242 98522 | +91 99245 55542
We Support




"ઉચ્ચ શિક્ષણ એ જ જીવન ધ્યેય"
SHREE AMRUT VIDHYAMANDIR
SAVM
શ્રી ગોવિંદીયા ચેરી. એન્ડ એજ્યુ. ટ્રસ્ટ સંચાલીત
શ્રી અમૃત વિદ્યામંદિર
નવલનગર-૩, કૃષ્ણનગર-૧, મવડી મેઈન રોડ, રાજકોટ.
કાર્યક્ષેત્ર: બાલમંદિરથી ધોરણ ૧૨, H.S.C./S.S.C. નું શ્રેષ્ઠ પરિણામ
સમગ્ર ગુજરાત બોર્ડમાં 7th
પાયાથી જ આ શાળામાં પ્રવેશ મેળવી બોર્ડમાં સાતમાં ક્રમે
વાળા અર્જુન દીનેશભાઈ
99.93 PR.
હોસ્ટેલ સુવિધા
માત્ર ગુર્જર સુતાર ભાઈઓ માટે
કોલેજ કક્ષાના/ટ્રેનિંગ લેનાર
નોકરી કરનાર ભાઈઓ માટે
રહેવા જમવાની ઉત્તમ સગવડ
શ્રી અમૃત બોયઝ હોસ્ટેલ
કૃષ્ણનગર-૧, નવલનગર-૩, રાજકોટ.
સંપર્ક : ૯૮૨૫૮ ૪૧૮૯૨
૯૮૨૫૫ ૨૩૫૨૬
હિંમતભાઈ ગોવિંદીયા
મેનેજીંગ ટ્રસ્ટી
માલતીબેન મેસવાણીયા
આચાર્ય
એકવાર આ સંસ્થાની અવશ્ય મુલાકાત લો...

# બોટાદમાં દોઢેક કરોડના ખર્ચે વિશ્વકર્મા બાગનું નિર્માણ

## પ્રથમ તબક્કાની કામગીરી શરૂ : રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન દ્વારા ૨૫ લાખનું અનુદાન જાહેર : સ્વ. દેવેન્દ્રભાઇ અંબાસણાની સ્મૃતિમાં સમાજને ૫૮૦૦ વાર જમીનનું અનુદાન

**- પ્રવીણ ગજ્જર**





શ્રી સમસ્ત ગુર્જર સુતાર સમાજ બોટાદ દ્વારા બોટાદના બોટાદ–પાળીયાદ રોડ ઉપર ૫૮૦૦ વાર જેટલી વિશાળ જમીન પર આશરે દોઢ કરોડના ખર્ચે ગુજરાતમાં કયાંય નથી તેવા વિશાળ વિશ્વકર્મા બાગનું નિર્માણ થઇ રહ્યું છે.

આજથી ૧૮ વર્ષ પહેલા અંબાસણા પરિવારે સ્વ. દેવેન્દ્રભાઇ ગાંડાલાલ અંબાસણાની સ્મૃતિમાં આટલી વિશાળ જમીન સમાજને દાનમાં આપી હતી જેની અત્યારે બજાર વેલ્યુ અંદાજે બે થી અઢી કરોડ રૂા. ગણાય છે. હાલના ટ્રસ્ટીઓએ આ જગ્યા પર વિશ્વકર્મા બાગનું નિર્માણ કરવાનું આયોજન કર્યુ. જેમાં પાર્ટી પ્લોટ, વિશ્વકર્મા પ્રભુજીનું મંદિર, ચામુંડા માતાજીનું મંદિર, રાંદલ માતાજીનું મંદિર બનાવવાનું આયોજન છે. આ ઉપરાંત વિશ્વકર્મા બેંકવેટ હોલ(મેઇન બિલ્ડીંગ), ગ્રાઉન્ડ ફલોર પર ડાયનીંગ હોલ, ફર્સ્ટ ફલોર પર મેરેજ હોલ, કીચન તેમજ રૂમો બનાવવાનું આયોજન છે. આ સંપૂર્ણ આયોજન દોઢેક વર્ષમાં પુરૂ થાય તેવી ગણતરી છે. આયોજનના પ્રથમ તબક્કાનું મંદિર અને હોલનું બાંધકામ હાલમાં ચાલી રહ્યું છે. વિશ્વકર્મા બાગના આ ભવ્ય આયોજનમાં હોલના બાંધકામ માટે શ્રી કાંતાબેન ખીમજીભાઇ ભારદીયા પરિવાર શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન તરફથી શ્રી અમૃતલાલ ભારદીયાના હસ્તે રૂા. ૨૫ લાખના અનુદાનની જાહેરાત કરી છે. તાજેતરમાં શ્રી અમૃતલાલ ભારદીયા, શાંતિભાઇ ભારદીયાએ આ સ્થળની રૂબરૂ મુલાકાત લીધી હતી અને પાંચ લાખનો ચેક સમાજને અર્પણ કર્યો હતો. બોટાદના પ્રમુખ ભરતભાઇ ગોત્રેજીયા, દિનેશભાઇ દુદકીયા તેમજ અન્ય હોદ્દેદારો તેમજ જામનગર અને રાજકોટના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

આ આયોજન સાકાર કરવા વિશ્વકર્મા બાગ બાંધકામ સમિતિ બનાવાઇ છે. જેમાં ડો. લલિતભાઇ બદ્રકિયા, શ્રી દિનેશભાઇ દુદકીયા, હિતેષભાઇ ગોરેચા, ચેતનભાઇ ગોરેચા, વિનોદભાઇ વડગામા અને હિરેનભાઇ દુદકીયાનો સમાવેશ થાય છે.

શ્રી સમસ્ત ગુર્જર સથાર સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઇ ગોત્રેજીયા, ઉપપ્રમુખ ધર્મેન્દ્રભાઇ વડગામા, મંત્રી ભાવેશભાઇ દુદકીયા, સહમંત્રી જીતેન્દ્રભાઇ દુદકીયા, ખજાનચી અમૃતલાલ જીવણલાલ સંચાણિયાએ વિશ્વકર્મા બાગના નિર્માણમાં સહયોગ આપવા વિવિધ સમાજનો અને સમાજના દાતાઓને અપીલ કરી છે.

**: દાન માટે ડીટેઇલ :**

**શ્રી સમસ્ત સુતાર સમાજ સેવા સ્ટેશન રોડ, બોટાદ.**

**બેંક ઓફ બરોડા - સ્ટેશન રોડ, બોટાદ.**

**સેવિંગ ખાતા નં. ૬૭૭૬૦૧૦૦૧૧૪૬૮**

IFSC Code : BARB0VJBOTA

## શ્રીમતી અલ્પા હરેન અનુવાડીયાએ એલઆઇસીની પરીક્ષા પાસ કરી : અભિનંદન




શ્રીમતી અલ્પા હરેન અનુવાડીયાએ લાઇફ ઇન્સ્યુરન્સ કોર્પોરેશનની પરીક્ષા પાસ કરી છે. એલઆઇસી એજન્ટ તરીકેની કારકિર્દીમાં પદાર્પણ કરી અને જીવનમાં ખુબ પ્રગતિ પામે એવી શુભેચ્છા

# શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થીઓ, વિશિષ્ટ પ્રતિભાઓ અને દાતાશ્રીઓનો સન્માન સમારંભ યોજાયો

- નટુભાઈ ભારદીયા, તસવીરો : પ્રવીણ ગજજર










શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ છેલ્લા ૫૮ વર્ષથી ગુર્જર સુતાર જ્ઞાતિ સમાજના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પાઠ્યપુસ્તો, નોટબુક તેમજ કોલેજના પુસ્તો ખરીદવા રોકડ સહાય, ટ્યુશન ફી અને સ્કોલરશીપ વગેરે સહાય કરે છે.



સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૩૦મો તેજસ્વી વિદ્યાર્થીઓ, વિશિષ્ટ પ્રતિભાઓ અને દાતાશ્રીઓનો સન્માન સમારંભ તાજેતરમાં યોજાય ગયેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે કણસાગરા કોલેજના પ્રોફેસર મયુરીબેન ચંદ્રેશભાઈ ત્રેટીયા, અતિથિ વિશેષપદે વિજયભાઈ પ્રભુભાઈ ધ્રાંગધરિયા તથા રીતેષભાઈ ચંદુભાઈ ધ્રાંગધરિયા ઉપસ્થિત રહેલ. આ ઉપરાંત મંચ પર સંસ્થાના અધ્યક્ષ કિશોરભાઈ જાદવાણી, પ્રમુખ ચંદ્રેશભાઈ ખંભાયતા, મંત્રી નટુભાઈ ભારદીયા તેમજ મુકેશભાઈ પંચાસરા, વસંતભાઈ ભાલારા, જયુભાઈ તલસાણિયા ઉપસ્થિત રહેલ હતા.



કાર્યક્રમની શરૂઆત મંચ પરના મહાનુભાવોના હસ્તે દિપપ્રાગટ્યની કરવામાં આવેલ. જ્ઞાતિની બહેનો દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવેલ. સંસ્થાના હોદ્દેદારો દ્વારા મહેમાનોનો પરિચય તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. સંસ્થાના અધ્યક્ષ કિશોરભાઈ જાદવાણીએ સંસ્થા વિશે માહિતી આપેલ.

ત્યારબાદ ધો. ૫ થી ૧૨માં પ્રથમ ત્રણ ક્રમાંમાં સ્થાન પામેલા ૩૦ વિદ્યાર્થીઓને તથા કોલેજમાં વિવિધ શાખાના છેલ્લા વર્ષમાં ઉચ્ચ ગુણ મેળવેલ ૫૦ વિદ્યાર્થીઓને સ્ટેજ પરનાં મહાનુભાવોને હસ્તે પ્રોત્સાહક ઈનામ, રોકડ પુરસ્કાર અને સર્ટીફીકેટ અર્પણ કરીને સન્માનીત કરવામાં આવેલ હતા. સ્કુલના વિદ્યાર્થીઓને સમાજના જાણીતા લેખક નટવર આહલપરા લીખીત પુસ્તકો ‘મારી માતૃભાષા મારો વર્ગખંડ’ અને ‘બનો શ્રેષ્ઠ વકતા’ આપવામાં આવેલ હતા. ધો. ૫ થી ૧૨માં બાકીના





વિદ્યાર્થીઓને આશ્વાસન ઇનામ આપવામાં આવેલ હતા. કુલ ૩૧૦ વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવેલ હતા.

ત્યારબાદ વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન મોમેન્ટો અર્પણ કરીને કરવામાં આવેલ છે. જેમાં ડો. રિયા કિશોરભાઇ બોરાણિયા (બીએએમએસ), ડો. કિશન યોગેશભાઇ બદ્રકિયા (એમબીબીએસ), વિરલ કૌશિકભાઇ પંચાસરા–સી.એ., ડો. એકતા સુમનભાઇ ભાલારા–પી.એચડી., મેડીકલ ફીઝીયોથેરાપી અને ડો. જયનાં હેમરાજભાઇ સુરેલીયા–પી.એચડી. સાહિત્ય, વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ પ્રતિભાઓના સન્માન કાર્યક્રમનું સંચાલન મંત્રી નટુભાઇ ભારદીયાએ કરેલ હતું. કાર્યક્રમના ત્રીજા ભાગમાં વર્ષ ૨૦૨૨માં રૂા. ૧0000 કે તેથી વધુ રકમનું અનુદાન આપનાર દાતાશ્રીઓનું સન્માન સાલ ઓઢાડીને કરવામાં આવેલ. કુલ 30 દાતાશ્રીઓ પાસેથી ૬.૫0 લાખથી વધુનુ અનુદાન મળેલ હતું. મયુરીબેન ત્રેટીયા અને ડો. નીતિન વડગામાએ પ્રાસંગિક ઉદબોધન આપેલ હતૂં.

કાર્યક્રમમાં સુતાર સમાજની બહારગામ અને ગામની સંસ્થાઓના હોદ્દેદારો, આજીવન સભ્યો, નવા તથા જુના દાતાશ્રીઓ વિદ્યાર્થીઓ તથા તેના વાલીઓ તેમજ અન્ય આમંત્રીત મહેમાનો ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમને અંતે બધાએ ભોજન પ્રસાદ લીધેલ હતું.

કાર્યક્રમને સફળ બનાવવા મંત્રી નટુભાઇ ભારદીયા, અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણી, પ્રમુખ ચંદ્રેશભાઇ ખંભાયતા તથા ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો અને કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવેલ હતી.



## ‘તકની રાહ ન જુવો... તકનું સર્જન કરો, તક ઝડપો એટલે સફળ થશો’



ડાબે ન જુઓ.. જમણે ન જુવો લક્ષ્ય સ્થાન તરફ દોડતા રહો. હિંમતથી થાકયા વિના... સાહસ કરી આગળ વધો.

કામ કરો, કામમાં રામ અને આરામ શોધો

ભણવું હશે તો વાંચવું અનિવાર્ય છે.

આજથી ૭૦–૮૦ વર્ષ પહેલા લાહોરની જેલમાં સ્વાતંત્ર્ય સૈનિક–સેનાપતિને ફાંસી આપતા પહેલા પુછવામાં આવ્યું તો તેણે કહ્યું ગઇકાલે જે ચોપડી વાંચતો હતા તેનું એક પ્રકરણ વાંચવાનું બાકી છે મને શકય હોય તો વાચવાની તક આપો.

માગણી કરનાર ભગતસિંહને પુરી કરવા ન દેવાણી જેની ઇચ્છા હતી હજુ મારે વાંચવું છે.

એક છોકરો તોફાની હતો શાળાએ તે ભણવા નહીં તોફાન કરવા જતો શાળાના આચાર્યે છોકરાની માતાને પત્ર લખ્યો તેમાં લખ્યું ‘તમારો છોકરો ભણતો નથી બીજાને ભણવા દેતો નથી. તમે તમારા છોકરાને લઇ જાવ નહીં તો અમે તેને શાળામાંથી કાઢી મુકીશું. માએ છોકરાને ઘરે ભણાવ્યો. છોકરો મોટો આચાર્ય લખેલો તેણે વાંચ્યો ત્યાર પહેલા એ છોકરાએ વૈજ્ઞાનિક બની ૪૦૦ શોધો કરી આજની દુનિયાને સાકાર કરવા માટે એ શોધો પાયામાં છે. તેના શોધોના કારણે માનવ ચંદ્ર પર મુકીને બોલી શકયો – આ મારું નાનું પગલું માનવ જાતની હરણફાળ ગણાશે.

ગુજરાતના એક છોકરાને સંસ્કૃત ફાવતું નહીં. સંસ્કૃત પેપર ખરાબ ગયું તે મૌખિક પરીક્ષા દેતા પહેલા બાંકડા પર સુઇ ગયો. પરીક્ષકે બહાર આવી ઉઠાડયો કહ્યું – ‘પરીક્ષા દેવા આવ્યો છો ? કે સુવા’ પુછાયેલ તમામ પ્રશ્નોના ઉતરથી પરીક્ષકને સંતોષ થયો તેણે પુછ્યું – તને લેખિતમાં ઓછા માર્કસ આવ્યા અને મૌખિક ઉત્તમ જવાબ આપ્યા તેનું કારણ શું ? છોકરાએ કહ્યું – મને સંસ્કૃત ફાવતુ નહીં તેથી લેખિત પરીક્ષાનું ખરાબ ગયું અને પછી મેં તૈયારી કરી એટલે મૌખિકમાં સારા જવાબ આવ્યા.

તૈયાર કરીએ તો કશું અઘરું નથી. અશકય નથી. છોકરો બીજો કોઇ નહીં સરસ્વતીચંદ્ર નવલકથા લખનાર ગોવર્ધનરાય હતા.

વિદ્યાર્થી બધા વિષયો શુન્ય મર્ક લાવ્યો. પરંતુ ગણિતમાં ૧00મંથી ૧00 માર્ક બોલી તમે તેને ‘ઢ’ કહેશો ? સ્કોલર કહેશો. આપને જાણીને આશ્ચર્ય થશે કે એ યુવાન થઇને ગણિતશાસ્ત્રી થયો તેણે ગણેલી ગાણિતિક ગણતરીઓના કારણે માનવજાત ચંદ્ર પર પગલા પાડી શકયો.

રસ... મહેનત... જીજ્ઞાસા... પુરૂષાર્થ તમને મહાન બનાવશે.

રસ લો... મહેનત કરો... જીજ્ઞાસુ બનો પ્રશ્નો ઉકેલો તમારો પુરૂષાર્થ તમને સફળ પુરૂષ બનાવશે. તેની રાહ જીવો છો તકની તકનું ઘડતર કરો.

**- મયુરીબેન ત્રેટીયા**

# વિશ્વકર્મા વિશ્વના કેલેન્ડર ‘ધ આર્ટ’નું મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માના હસ્તે વિમોચન

## તંત્રી પ્રવીણ ગજ્જર, સમાજના અગ્રણીઓ રમેશભાઇ તલસાણિયા અને હિરેન મિસ્ત્રીની ઉપસ્થિતિ






રાજકોટથી પ્રકાશિત થતા કલા–કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતા એકમાત્ર મલ્ટી મીડિયા મેગેઝીન વિશ્વકર્મા વિશ્વના કેલેન્ડર ‘ધ આર્ટ’નું વિમોચન ગુજરાત રાજયના કેબીનેટ મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માના વરદ હસ્તે ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર, અમદાવાદની વેજલપુરની સંસ્થા શ્રી સૌરાષ્ટ્ર ગુ.સુ. વિશ્વકર્મા પરિવારના ટ્રસ્ટી અને રાજકોટ કન્યા છાત્રાલયના વાઇસ ચેરમેન રમેશભાઇ તલસાણિયા (મારૂતિ) અને ભારતીય જનતા પક્ષના કર્ણાવતી મહાનગર શહેર સંગઠનના આમંત્રીત કારોબારી સભ્ય હિરેન મિસ્ત્રી ઉપસ્થિત રહયા હતા.

વિશ્વકર્મા વિશ્વ દ્વારા દીપોત્સવી પર્વ નિમિત્તે વોટસએપ આધારીત ઘર રંગોળી સ્પર્ધાનું છેલ્લા છ વર્ષથી આયોજન કરવામાં આવે છે. દેશભરના વિવિધ શહેરોના કલાકારો દીપોત્સવી પર્વ નિમિત્તે ઘર આંગણે બનાવેલ રંગોળી સ્પર્ધામાં મોકલે છે. સ્પર્ધામાં આવેલ રંગોળીમાંથી નિર્ણાયકો રંગોળીઓ પસંદ કે છે. અને વિજેતા જાહેર કરે છે. વિજેતા થયેલ રંગોળીમાંથી પસંદ કરેલ રંગોળી અને તેના કલાકારો સાથેનું નવા વર્ષનું કેલેન્ડર બને છે. જેનુ વિનામુલ્યે વિતરણ થાય છે.

આ વર્ષે પણ આવી રંગોળી સ્પર્ધા યોજાઇ હતી. નિર્ણાયક તરીકે જાણીતા આર્કીટેકટ ઇન્ટીરીયર અનિલભાઇ વડગામા હતા. નિર્ણાયકશ્રીએ પસંદ ક્રેલ રંગોળીમાંથી ૧૨ રંગોળી પસંદ કરી તેનું ૨૦૨૩ના વર્ષનું કેલેન્ડર તૈયાર કરાયું. જેનુ વિમોચન થયું હતું. વિશ્વકર્મા વિશ્વના કેલેન્ડર ‘ધ આર્ટ’ મો. નં. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર સંપર્ક કરી રમ્ય પબ્લિકેશન ૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ પરથી વિનામુલ્યે મેળવી શકાશે.

વિમોચન પસંગે ઉપસ્થિત શ્રી રમેશભાઇ તલસાણિયા અને હિરેન મિસ્ત્રીએ શ્રી જગદીશ વિશ્વકર્માને વિશ્વકર્મા જયંતીના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ પણ આપ્યું હતું.

# જામનગર જ્ઞાતિ દ્વારા યોજાયો સમુહલગ્નોત્સવ







શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા તા. ૦૯-૧૨-૨૦૨૨ શુક્રવારના રોજ સમુહ લગ્ન ૨૦૨૨નું આયોજન કરવામાં આવેલ. આ સમુહલગ્નમાં દિકરીઓને કરિયાવરપેટે કુલ ૫૯ વસ્તુઓ આપવામાં આવેલ અને આ સમુહલગ્નમાં મંડપ રોપણ તેમજ મંડપની દરેક વિધિ તથા સાંજે જમણવાર અને દાંડીયારાસ રાખવામાં આવેલ, જેથી દિકરીઓને ધામધુમથી લગ્ન થતાં હોય તેવો જ ભાસ થયેલ અને તા. ૦૯-૧૨-૨૦૨૨ને દિવસે વિધિવત સમુહલગ્ન કાર્ય પૂર્ણ કરેલ. તેમાં બપોરે ૧૮૦૦ લોકોએ જમણવારનો લાભ લીધેલ.

સમુહલગ્નનાં મહાનુભાવમોાં મુખ્ય મહેમાન તરીકે અમુભાઇ ભારદીયા, કર્નલ પ્રમોદભાઇ અંબાસણા, અતિથિ વિશેષશ્રીઓમાં રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, કે.ડી. સુથાર સાહેબ, ધનજીભાઇ પંચાસરા, મગનભાઇ બોરાણીયા, જામનગરના કોર્પોરેટર પ્રભાબેન ગોરેચા, તેમજ ગુર્જર સુતાર જ્ઞાતિના સૌરાષ્ટ્ર તથા ગુજરાતના તમામ સંસ્થાના તમામ હોદ્દેદારો અને નવા ચુંટાયેલા ધારાસભ્ય રીવાબા જાડેજા, વિમલભાઇ કગથરા, સુભાષભાઇ જોષી, નિલેશભાઇ ઉદાણી, રાજુભાઇ મહાદેવ આ સર્વે મહાનુભાવોએ નવપરીણિત યુગલોને આશીર્વાદ આપેલા.

આ કાર્યક્રમમાં અમુભાઇ ભારદીયાએ મુખ્ય દાતા તરીકે હાજર રહી પોતાના પ્રવચનમાં દિકરીઓને લગતા ઘણા બધા પ્રશ્નો હલ કરી અને આર્શીવચન આપેલા.

કે.ડી. સુથાર સાહેબે તમામ દિકરીઓને આશીર્વાદ આપેલા અને પ્રમુખ રમણીકભાઇ ગોરેચાએ બહારગામથી પધારેલા તમામ જ્ઞાતિ હોદ્દેદારો અને સમુહલગ્નમાં તમામ દાતાશ્રીઓને ખુબ જ બિરદાવીને આવકારેલ. ઉપર મુજબનાં તમામ મહાનુભાવો, મહેમાનો અને દાતાશ્રીઓનું જ્ઞાતિ દ્વારા સન્માન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં તમામ પ્રકારની માહિતી અને વિગતો ટ્રસ્ટી દયાળજીભાઇ ભારદીયાએ આપેલ. આ સમુહલગ્ન સફળતાથી પરિપૂર્ણ કરવામાં સૌથી વધારે શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ મહિલા મંડળે તેમના સમયનું યોગદાન અને ઉત્કૃષ્ટ આયોજન દ્વારા પોતાની જ દિકરીઓ પરણતી હોય તેવા આશયથી ખુબ જ ધારણાપૂર્વક કાર્ય પૂર્ણ કરેલ.

આ સમુહલગ્નમાં નવદંપતિઓને લગ્ન રજીસ્ટર કરવાની સહિતનું કામ નાયબ મામલતદાર કિરણબેન અનુવાડીયા સંભાળેલ.

આ સમુહલગ્ન આયોજનને પરિપૂર્ણને સફળ બનાવવામાં શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિના હોદ્દેદારો, કમિટી સભ્યો, અન્ય સંસ્થાઓના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

આ સમુહલગ્ન કાર્યક્રમનું સફળ સંચાલન ટ્રસ્ટી દયાળજીભાઇ ભારદીયા, મંત્રી ડો. હિમાંશુભાઇ આમરણીયા, સર્વિસ ગ્રુપ પૂર્વ પ્રવીણભાઇ ભાલારા તથા સર્વિસ ગ્રુપ સહમંત્રી કિરણબેન અનુવાડીયાએ સંભાળેલ.

# મગનલાલ પ્રેમજીભાઇ વડગામાની સ્મૃતિમાં જામનગરમાં વડગામા પરિવાર શિક્ષણ હોલનું લોકાર્પણ



શ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિમાં શ્રી વિશ્વકર્મા મંદિરની બાજુમાં બંધાયેલ 'વડગામા શિક્ષણ હોલ' તથા નવા બિલ્ડીંગના લોકાર્પણણનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

તા. ૦૧-૦૬-૧૯૫૫ના રોજ શ્રી મગનલાલ પ્રેમજીભાઇ વડગામા વિદ્યાપ્રચારક મંડળની સ્થાપના થયેલી. આ સંસ્થાએ વર્ષ ૧૯૫૫ થી ૧૯૮૯ સુધી ભણવા માટેના પાઠ્યપુસ્તક, લખવા માટેની નોટબુકો તેમજ સ્કોલરશીપ આપી જ્ઞાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ પુરૂ પાડવા માટેનું મોટું યોગદાન આપેલ. આ સંસ્થાએ જ્ઞાતિ માટે ઘણો બધો ભોગ આપેલ હોય એટલે શ્રી મગનલાલ પ્રેમજીભાઇ વડગામાનું નામ કાયમી અમર રહે તેવા અર્થે આ હોલને 'વડગામા શિક્ષણ હોલ' નામ આપી જ્ઞાતિએ ઋણ અદા કરેલ. આ સંસ્થાનો વર્ષ ૧૯૫૫ થી અત્યાર સુધીનો તમામ ઇતિહાસ ટ્રસ્ટીશ્રી દયાળજીભાઇ ભારદીયા (દિલીપમામા)એ સભામાં આપીને લોકોને જણાવતા સૌની આંખો અશ્રુભીની થયેલી અને લોકોએ આ સંસ્થાને ખુબ ખુબ ધન્યવાદ આપેલા.

આ ઉપરાંત આ નવા બિલ્ડીંગમાં નીચે પાર્કિંગ તથા ચાર (૪) ઉતારાના રૂમનું લોકાર્પણ પણ સાથે કરવામાં આવેલ, જેમાં એક ૧૦ પેસેન્જરની લીફ્ટ પણ નાખવામાં આવેલ છે, જે લીફ્ટનું અનુદાન કર્નલ પ્રમોદભાઇ રમેશભાઇ અંબાસણા (સેના મેડલ, આર્મી) તરફથી આપવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રમુખ રમણીકભાઇ ગોરેચાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ. આ તમામ લોકાર્પણો કાર્યક્રમનાં મુખ્ય મહેમાનો નીતિનભાઇ આર. વડગામા, મુકેશભાઇ આર. વડગામા, મણીભાઇ એમ. વડગામા, બીપીનભાઇ જે. વડગામા તથા અમુભાઇ કે. ભારદીયાના વરદ હસ્તે કરવામાં આવેલ. તેમજ આ કાર્યક્રમમાં સમસ્ત વડગામા પરિવારના પ્રમુખ અશ્વિનભાઇ વડગામા, ઉપપ્રમુખ જનકભાઇ વડગામા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા તેમજ જગદીશભાઇ ભારદીયા, મગનભાઇ બોરાણીયા, વરણાવાળા વિનુભાઇ વડગામા, જામનગરના કિરણભાઇ વિસાવડીયા તેમજ જામનગરનો સમસ્ત વડગામા પરિવારના જ્ઞાતિનો પણ હાજર રહેલા તથા રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, જામનગર જી.જી. હોસ્પિટલના ડો. જીજ્ઞેશભાઇ વડગામા તથા સમર્પણ હોસ્પિટલનાં ડો. તરૂણભાઇ ઘોરેચા પણ ખાસ હાજર રહેલા.

આ કાર્યક્રમમાં પ્રમુખ રમણીકભાઇ ગોરેચાએ બાંધકામમાં સહયોગ થનાર સર્વે દાતાશ્રીઓનો હૃદયપૂર્વક ખુબ ખુબ આભાર વ્યક્ત કરેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં હોદ્દેદારો, સભ્યો, વિવિધ સંસ્થાના હોદ્દેદારો કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# સિદ્ધપુરા પરિવાર દ્વારા બે દિ'નો હવનોત્સવ ઉજવાયો



બલદાણા સિદ્ધપુરા/સીતપરા પરિવાર દ્વારા સિદ્ધપુરા પરિવારના સુરાપુરા દાદાના ચોરવાડ મુકામે આવેલ સ્થાનકે તા. ૧૦-૧૨-૨૨ અને તા. ૧૧-૧૨-૨૨ એમ બે દિવસનો નિવેધ હવન અને નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. સિદ્ધપરા પરિવાર દ્વારા પ્રથમવાર જ થયેલ આ ધાર્મિક આયોજનમાં વિવિધ શહેરોના અનેક પરિવારોએ ઉપસ્થિત રહીને આ ધર્મકાર્યનો લાભ લીધો હતો.

પ્રથમ દિવસે ચોરવાડ ગામ પાસે સમઢીયાણા ગામની સીમમાં સુરાપુરાના સ્થાનકે સુરાપુરા દાદાનો હવન થયો હતો. આ યજ્ઞમાં મુંબઇ સ્થિત દિપેન પ્રવીણભાઇ સીતપરા અને નિમેશ કિશોરભાઇ સીતપરા અને વ્રીજેશ કિશોરભાઇ સીતપરાએ યજમાન તરીકે ધર્મ લાભ લીધો હતો. હવન બાદ સૌએ મહાપ્રસાદ લીધો હતો.

બીજા દિવસે બલદાણા મુકામે માતાજીના મઢે કુળદેવી ચામુંડા અને મા ખોડિયારનો નવચંડી યજ્ઞનું આયોજન થયુ હતું. યજ્ઞમાં મુખ્ય યજમાન તરીકે પંકજ અમૃતભાઇ સિદ્ધપુરા (આણંદ)એ ધર્મ લાભ લીધો હતો. સહ યજમાન તરીકે જગદીશભાઇ રતિલાલભાઇ સિદ્ધપરા (આંકભાવ), ચંદ્રકાંતભાઇ રતિલાલભાઇ સિદ્ધપુરા(અમદાવાદ), વ્રિજેશ કિશોરભાઇ સીતપરા (મુંબઇ), દિપક મનોજભાઇ સિદ્ધપુરા(ગઢડા)એ ધર્મલાભ લીધો હતો. હવનની પુર્ણાહુતિ બાદ સૌએ મહાપ્રસાદ લીધો હતો. ચોરવાડ જવા બલદાણાથી વ્યવસ્થા કરવામાં આવી હતી.

# મેસવાણિયા પરિવાર દ્વારા દેવડા ખાતે સ્નેહમિલન યોજાયું





દર વર્ષની જેમ આ વર્ષે તારીખ ૧૯/૧૧/૨૦૨૨ તારીખના રોજ સ્નેહમિલન અને ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તારીખ ૧૯ના સાંજે પ્રસાદ લઈને રાતના ૯ વાગ્યે વિદ્યાર્થી સત્કાર સમારંભ આયોજન કરવામા આવ્યુ હતુ આ કાર્યક્રમમાં કીરીટભાઈ કેશવજી મેસવાણીયા (લંડન)થી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત પરીવારમાં જેમનુ દુઃખદ અવસાન થયેલ હતુ. તેમજ મોરબીમાં બનેલ ઘટનાના દિવંગતને શ્રદ્ધાંજલી આપવામાં આપીને કાર્યક્રમની શરૂઆત કરવામા આવી હતી.

સૌ પ્રથમ મેસવાણીયા પરીવારના શીરમોરસમા વડીલો જેમની ઉંમર ૭૦ વર્ષ થયેલ હોય તેમનુ પરંપરાગત રીતે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. મેસવાણીયા પરીવાર પરીચય ગ્રંથનુ લંડનથી પધારેલ કીરીટભાઈ કેશવજી મેસવાણીયાના હસ્તે વિમોચન કરવામા આવ્યું હતું તેમજ પરીવાર પરીચય ગ્રંથ પ્રથમ તેમને અર્પણ કરવામા આવ્યો હતો તેમજ પરીવાર પરીચય ગ્રંથના મુખ્ય દાતા એવા કીરીટભાઈ કેશવજીનુ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ તેમજ આજના યજ્ઞ કાર્યક્રમના મુખ્ય દાતા મહેશભાઈ જાદવજી મેસવાણીયા (લંડન) પોતે રૂબરૂ હાજરી ના આપી શકતા તેમના વતી મીરા બેનને શાલ ઓઢાડી સન્માન કરવામા આવેલ હતું.

ત્યારબાદ કેજી થી ડિગ્રી સુધીના ૫૦ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામા આવેલ શિક્ષણની જરૂરીયાત શું છે તેની સમજ આપવામા આવેલ હતી પરીવારની જરૂરીયાતને પુરી કરવાની વાત પ્રમુખ વિનુભાઈ મેસવાણીયા ખુબજ સરસ રીતે રજુ કરી હતી અને આગળના આગલા આયોજનનો પણ ઓપ આપવામા આવેલ હતો.

જનરલ સભા ગત વર્ષના હિસાબ રજુ કરવામા આવેલ હતા. સમગ્ર કાર્યક્રમને બધાએ ઉત્સાહ ભેર વધાવતા એક અનેરો આનંદ છવાયેલ હતો.

તારીખ ૨૦ સવારે ૬.30 થી યજ્ઞ કાર્યનો શુભારંભ કરેલ અને ૧૧ વાગ્યે સુરાપૂરા દાદાને અભિષેક કરી દાદાની મહાઆરતી સૌ સાથે મળીને કરી હતી બપોરના ૨/30 વાગ્યે યજ્ઞનું બીડુ હોમવામાં આવ્યું હતું ત્યારબાદ બધા એ સમુહ પ્રસાદી લીધી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ વિનુભાઈ મેસવાણીયા ઉપલેટા, ઉપપ્રમુખ યોગેશભાઈ જામનગર, મંત્રી મનસુખભાઈ રાજકોટ, સહમંત્રી હરેશભાઈ રાજકોટ, ખજાનચી હિરેન ભાઈ રાજકોટ, કાર્યકર્તાઓ ધવલભાઈ, આશીષભાઈ, મનીષભાઈ, નવનીત ભાઈ, કલ્પેશભાઈ તેમજ નામી અનામી પરીવારના દરેક સભ્યોએ ભારી જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

એ બદલ કાર્યકર્તાઓ તથા પુરા મેસવાણીયાનો ખુબ ખુબ આભાર માનવામા આવે છે.

## વડગામા પરિવાર દ્વારા જુની ફોટ ખાતે યોજાયો બે દિ'નો ધાર્મિક કાર્યક્રમ



વડગામા પરિવાર દ્વારા (જુની ફોટ) જુની ફોટ ખાતે પંચકુંડી યજ્ઞ અને રવિ રાંદલ લોટા ઉત્સવનું બે દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવ પ્રસંગે વિવિધ શહેરોના પરિવારના ભાઈ–બહેનો ઉપસ્થિત રહયા હતા.

તા. ૬–૧૨–૨૨ના રોજ રવિ રાંદલના ૪ લોટા તેડવામાં આવ્યા હતા. પુજામાં પ્રશાંતભાઈ નવીનભાઈ વડગામા કોલકીવાળા(જામનગર) તેમજ રમણીકભાઈ વડગામા (જામનગર)એ બેસીને ધર્મ લાભ લીધો. ત્યારબાદ બટુક ભોજન પણ કરાયું હતું. જેના સ્પોન્સર નૈમિષભાઈ વડગામા (હાલ જુનાગઢ) હતા. રાત્રે ખીમજીભાઈ ભરવાડ અને શ્રી વિશ્વેશ્વર ધુન ભજનનો કાર્યક્રમ હતો. જેમાં ગોઠી ભાઈઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. ભુવા શ્રી અનિરુદ્ધ વડગામાને રાખડી તેમજ બાના પહેરાવવાનું નકકી કરાયેલ તે પ્રમાણે તા. ૨૩–૧૧–૨૨ના રોજ રાખડી બંધાયેલ.

બીજા દિવસે પંચકુંડી હવન થયો. જેમાં રાજકોટના અલ્પેશ અશોકભાઈ વડગામા, શ્રી હરીશભાઈ વડગામા, શ્રી ચંદ્રેશભાઈ વિઠ્ઠલભાઈ વડગામા અને જામનગરના અજય રમણીકભાઈ વડગામા અને ચંદ્રકાંતભાઈ શાંતિભાઈ વડગામાએ સાતકમાં બેસી ધર્મ લાભ લીધો હતો. બપોરે બીડુ હોમાયા બાદ સૌએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# ખંભાયતા પરિવારના છઠા સ્નેહમિલનનો કાર્યક્રમ આનંદ ઉલ્લાસ સાથે ઉજવાયો







રાજકોટ શહેર તથા બહારગામ વસવાટ કરતા ખંભાયતા પરિવારના સભ્યોનો સને ૨૦૨૨ નો સ્નેહમિલનનો કાર્યક્રમ તા.૧૮–૧૨–૨૦૨૨ ને રવિવારના રોજ રાજકોટ ખાતે શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના પટાંગણમાં આનંદપૂર્વક ઉજવાઈ ગયો.

શ્રી ભાવેશભાઈ નરશીભાઈ ખંભાયતાના માર્ગદર્શન હેઠળ પરિવારના બાળકો માટે હંમેશની માફક આ વર્ષે પણ રમત–ગમત તેમજ ડ્રોઈંગ કોમ્પીટીશનનું સુંદર આયોજન કરવામાં આવેલ.

સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત સુરેન્દ્રનગરના શ્રી દિનેશભાઈ ગજ્જર દ્વારા વિશ્વકર્મા પુરાણ આધારીત ‘‘સર્જનહારનુ સ્વરૂપ’’ નાટક તેમની સમગ્ર ટીમ સાથે ખુબજ સુંદર રીતે ભજવવામાં આવેલ. જેનો લાભ ખંભાયતા પરિવારના નાના મોટા દરેક સભ્યોએ ઉત્સાહપૂર્વક લીધેલ.

શ્રી શૈલેષભાઈ પ્રભુદાસભાઈ (ખરેડી) દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળકો માટે પોપકોર્નનો લાભ આપવામાં આવેલ જયારે શ્રી મનસુખભાઈ ગોરધનભાઈ (લીલી સાજડીયાળી) તરફથી પરિવારના બાળકોને શિલ્ડ આપી બાળકોનો ઉત્સાહ વધારેલ હતો. સ્નેહમિલનની પત્રિકાનો સંપૂર્ણ ખર્ચ શ્રી મનસુખભાઈ ગોરધનભાઈ (દેવગામ) તરફથી કરવામાં આવેલ.

ખંભાયતા પરિવારના વડીલો તથા દાતાશ્રીઓ દ્વારા પરમકૃપાળુ પરમાત્મા શ્રી વિશ્વકર્મા પ્રભુજી તથા સરસ્વતી માતાને દીપ પ્રાગટય કરી પ્રાર્થના કરવામાં આવેલ. શ્રી અનિલભાઈ મોહનભાઈ ખંભાયતા દ્વારા પ્રાસંગિક પ્રવચન આપી ખંભાયતા પરિવારની પ્રવૃતિઓથી દરેકને વાકેફ કરેલ હતા.

બાળકો દ્વારા પરફોર્મ કરવામાં આવેલ રમત–ગમત તથા ડ્રોઈંગ કોમ્પીટીશનના વિજેતાઓને શિલ્ડ આપી સન્માનિત કરાયા હતાં તેમજ દરેક બાળકને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

ખંભાયતા પરિવારના આમંત્રણને માન આપી શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિર, શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ, શ્રી વિશ્વકર્મા પ્રગતિ મંડળ, કન્યા છાત્રાલયના પ્રતિનિધીઓએ તેમજ પ્રેસના પ્રતિનિધીઓએ હાજર રહી શોભામાં અભિવૃધ્ધિ કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં પરિવારના સભ્યો સર્વશ્રી ધનજીભાઈ, અશોકભાઈ, અનિલભાઈ મોહનભાઈ, દિનેશભાઈ, ચંદ્રેશભાઈ, શૈલેષભાઈ, કિશોરભાઈ, વિપુલભાઈ, ભાવેશભાઈ નરશીભાઈ, વિજયભાઈ, જીતુભાઈ, હિરેનભાઈ, નિલેશભાઈ, સુરેશભાઈ, શિલ્પભાઈ, ચિરાગભાઈ, વિશાલભાઈ, મહેશભાઈ, વિપુલ મનસુખભાઈ, પંકજભાઈ, ભાવેશભાઈ શાંતિલાલ, મયુરભાઈ વિગેરે નાના–મોટા સર્વેએ ખુબજ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.



શ્રી પાટણવાડા મેવાડા સુથાર સમાજના સુવર્ણ જયંતિ મહોત્સવના અહેવાલનો લેખ જે વિશ્વકર્મા વિશ્વ’ મેગેઝિનમાં છપાયેલ તે અંક અને નૂતનવર્ષનું રંગોળી કેલેન્ડરથી અમારા માતુશ્રી ડાહિબાનું અમારે નિવાસે પધારી તંત્રીશ્રી શ્રી પ્રવીણભાઈ ભાડેશિયા અને ગજ્જર સમાજ શ્રેષ્ઠી ઉદ્યોગપતિ શ્રી રમેશભાઈ તલસાણીયા દ્વારા સન્માન કરાયું. આભાર, વિશ્વકર્મા વિશ્વ

**- ભરત સુથાર**

HEC Haresh Engineering Company



HAPPY VISHWAKARMA Jayanti

HECO Design Studio

HARESH ENGINEERING COMPANY
Garediya Kuva Road, Rajkot - 360001, Gujarat - INDIA
Call: 0281 2223138 / 2223724 | Mail: heco1958@gmail.com | Web: www.heco1958.com



સમાજના સર્વે ભાઈ-બહેનોને
વિશ્વકર્મા જયંતીની હાર્દિક શુભકામના...

Hina
LATHE MACHINE

Jaysukhbhai Vadgama / Divyeshbhai Vadgama



Hina Machine Tools
ALL TYPE LATHE MACHINE

Dhebar Road, (South) Atika Ind. Area, Nehru Nagar, Khodiyar Estate,
Rajkot - 360 002. Gujarat - INDIA. Mo. 98790 77528 / 84606 02939
E-mail : info@hinamachinetools@gmail.com | Web. : www.hinalathe.com

## WIDE RANGE OF POWER PRODUCTS FOR VALUABLE EQUIPMENTS







Symmetric Systems

AIMS MARKETING SERVICES

UPS | INVERTER | STABILIZER

APPLICATIONS : CNC MACHINES | LASER MARKING MACHINES | LASER CUTTING MACHINES SPECTRO MACHINES | PACKAGING UNIT | SORTEX | MEDICAL APPLICATIONS | TEXTILE ETC.

11, Manhar Plot, Opp. T.C.I., Godown Road, Rajkot - 360 002.
info@aimsmarketing.in / aimsmktg@yahoo.co.in www.aimsmarketing.in +91 98256 48936 / 98250 41118
**Morvi Office** : 36, Swagat Chambers, 1st Floor, Trajpar Char Rasta, Morvi - 363 642. +91 97278 73537 (Chiragbhai)


OUR VALUABLE BRANDS

Max | STAR GOLD | QUANTA | Sarthi | LUMINOUS | MICROTEK | Alfa | Bijlify | CONSUL NEOWATT

Authorized Dealer JANATICS Pneumatic Authorized Dealer



Uflow™ Solenoid Valve



NOVA VALVES



All Type of Pneumatics Fittings, Hydraulic Hose & Fittings

# Fitwell Hydraulics

Mfg.: High Pressure Flexible Hose Pipe for Oil, Gas & Steam JCB Machine, Hydraulic Hose Pipe Etc.

Mansata Chowk, Opp. Poojara Telecom, Gondal Road, RAJKOT-360004. (Guj.) INDIA.
**Tel.Fax : 0281-236 40 42** E-mail : fitwellhydraulics@yahoo.com
**Contact : Yogesh Bhalodia - 99241 32332, 94997 55803**

જતિનભાઈ ગજ્જર - મો. ૯૮૯૮૭ ૦૪૬૦૧
નિખિલભાઈ ગજ્જર - મો. ૯૮૯૮૩ ૧૪૧૫૯
ઓફિસ : ૮૪૮૮૮ ૮૭૭૪૩



- પ્લાયવુડ
- સનમાઈકા
- ફ્લશડોર
- બિડીંગ પટ્ટી
- ફેવિકોલ
- ફર્નીચર ફિટીંગ

## આકાશદિપ
### પ્લાય & હાર્ડવેર

શ્રી બાલાજી કોમ્પલેક્ષ, દુકાન નં. ૧,
રાજનગર ચોક, નાના મૌવા મેઈન રોડ, રાજકોટ-૪.
Email : akashdipply@gmail.com

નિખિલભાઈ ગજ્જર
મો. ૯૮૯૮૩ ૧૪૧૫૯

ઓર્ડર માટે : ૯૦ ૩૩ ૯૦ ૧૪ ૧૪
૯૦ ૫૪ ૦૧ ૨૬ ૧૨



: ડિસ્ટ્રીબ્યુટર્સ / સ્ટોકીસ્ટ ઓફ (ઓલ સૌરાષ્ટ્ર-કચ્છ) :

Silvano Laminates QUALITY SPEAKS ITSELF
IMPERIO LAMINATES
craftwood laminates
IMPREZA DECORATIVE LAMINATES
IMPERIO LAMINATES SLIM

## આકાશદિપ લેમીનેટ્સ

સનમાઈકાના હોલસેલ વેપારી

ચંદ્રેશનગર મેઈન રોડ, આર્ય સ્કુલની બાજુમાં,
પાર્શ્વ હોસ્પિટલની બાજુમાં, રાજકોટ - ૪.
Email : akashdiplaminates@gmail.com

# CNC/VMC
## DESIGNING & PROGRAMMING
## TRAINING CENTER

NX CAD CAM | POWERMILL | SOLIDWORKS
ARTCAM | AUTOCAD | SOLIDEDGE

2/3/4/5 AXIS LIVE TRAINING ON MACHINE

CNC LATHE MACHINE AVILABLE FOR PRACTICAL TRAINING IN CLASSROOM

વિશ્વકર્મા વિશ્વને ૨૦માં વર્ષમાં
મંગલ પ્રવેશ અને વિશ્વકર્મા જયંતી
નિમિત્તે હાર્દિક શુભેચ્છા...

VMC 5-AXIS MACHINE AVILABLE FOR PRACTICAL TRAINING IN CLASSROOM

3D CAD CENTER

SACHIN GAJJAR
93777 77755

150FT RING ROAD , AMBEDKAR CIRCLE , NEAR FORTUNE HOTEL , RAJKOT-360004

# વિશ્વકર્મા જયંતીની
# હાર્દિક શુભકામના

જયેશ એમ. વડગામા - ૯૯૭૮૯ ૬૫૦૭૪
તેજશ એમ. વડગામા - ૯૯૭૪૦ ૯૧૩૧૬
કિશન જે. વડગામા - ૯૯૨૫૯ ૬૫૦૭૪

## ACTIVE

**: મેન્યુફેકચર :**

ટર્બાઈન પંપ, પલ્વેરાઈઝર,
નેઈલ મેકીંગ મશીન પાર્ટસ

૧-આરતી સોસાયટી, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ-૨.

//રામ//

સર્વેને વિશ્વકર્મા જયંતીની હાર્દિક શુભકામના...

મહેશ વિરમગામા - ૯૯૨૫૪ ૦૯૯૪૨
૯૪૨૬૨ ૬૦૦૯૬

# સંદિપ

બોડી વર્કસ એન્ડ ફેબ્રીકેશન

અતુલ શકિત થ્રી વ્હીલર્સ,
સ્ટાન્ડર્ડ ડબા, પીયાગો રીક્ષાના સ્પેશ્યાલીસ્ટ



ગોંડલ રોડ, ૮-બી નેશનલ હાઈવે, શાપર ચોકડી,
પરફેક્ટ હોટલની બાજુમાં, શાપર(વેરાવળ)

Silva®

Mfrs. All Types of
Plastic Packaging Machines




## PACK-WELL ENTERPRISE

17-Bhaktinagar Station Plot, Godown Road,
Nr. Ambika Weigh Bridge, Rajkot-2
Mob. 98242 10321 / 88661 99969
E-mail : packwellenterprise@gmail.com
Website : www.pack-well.com

|| શ્રી ગણેશાય નમઃ ||

રતિભાઈ મિસ્ત્રી
૯૪૨૬૯ ૬૮૬૯૨
૯૭૨૭૬ ૨૨૨૦૨

બોરવેલ રીપેરીંગ તથા રોડલાઈન રીપેરીંગ
દરેક પ્રકારનું જોબવર્ક કરી આપનાર



# શ્રી વિશ્વકર્મા એન્જીનીયર્સ

ગોંડલ રોડ, રાજકમલ પેટ્રોલ પંપની પાછળ,
પુનિતનગર મેઈન રોડ, રાજકોટ.

# બકરાણિયા પરિવાર દ્વારા યોજાયુ ચતુર્થ સ્નેહમિલન





બકરાણિયા પરિવાર રાજકોટ દ્વારા તા. ૧–૧–૨૩નારોજ ચતુર્થ સ્નેહમિલનનો કાર્યક્રમ રાજકોટના ભકિતનગર સ્ટેશન પ્લોટમાં આવેલ શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વડીલો, દાતાઓ અને આમંત્રિત મહેમાનોનું સન્માન કરવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓને ભેટ આપવામાં આવી હતી અને કાર્યક્રમ બાદ સ્વરૂચી ભોજનનો આસ્વાદ સૌએ માણ્યો હતો અને ત્યારબાદ દાંડીયારાસની રમઝટ બોલાવામાં આવી હતી.

કાર્યકમ્રના પ્રારંભમાં પ્રમુખ પ્રફુલભાઇ ભગવાનજીભાઇ, ઉપપ્રમુખ સુધીરભાઇ ગોપાલજીભાઇ, મંત્રી ઉમંગભાઇ હર્ષદભાઇ, ખજાનચી હરેશભાઇ મણીભાઇ તેમજ સભ્યો નીતિનભાઇ મગનભાઇ, જયદીપભાઇ ચમનભાઇ, અને કૃણાલભાઇ દિનેશભાઇનું સ્વાગત સન્માન હર્ષદભાઇ રસીકભાઇ, મનસુખભાઇ મગનભાઇ, કિશોરભાઇ બાબુભાઇ, અમરશીભાઇ શામજીભાઇ, ઘનશ્યામભાઇ રમણીકભાઇ, પ્રશાંતભાઇ મનોજભાઇ અને અતુલભાઇ ભનુભાઇએ કર્યું હતું. આ પ્રસંગે મનસુખભાઇ મગનભાઇ, પ્રગતિ મંડળના ટ્રસ્ટી કિશોરભાઇ બાબુભાઇ, પડધરીના પ્રમુખ કિશોરભાઇ રામજીભાઇ, એફએસએલ અધિકારી ધર્મેશભાઇ ધીરજલાલ (જુનાગઢ) રાજકોટના અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રેશભાઇ ખંભાયતા, પ્રગતિ મંડળના પ્રમુખ રમણીકભાઇ પાટણવાડિયા, મોરબી નાગરીક બેંકના સી.એ. દિપકભાઇ વેલજીભાઇ, દુર્લભજીભાઇ નાથાભાઇ, રિલાયન્સના સી.એ. વિરેનભાઇ સુધીરભાઇ, જુનાગઢના હરસુખભાઇ નાથાભાઇ, તથા કલ્પેશભાઇ હસુભાઇ, ગુ.સુ. જ્ઞાતિના કારોબારી સભ્ય હર્ષદભાઇ, રસીકભાઇ, આર્કીટેકટ અશ્વિનભાઇ પ્રવીણભાઇ, જીએસટી રીટાયર્ડ ઓફીસર પુષ્પાબેન કિરીટભાઇ, અવસાન નોંધ ગ્રુપના સ્થાપક અમરશીભાઇ શામજીભાઇ વગેરેનું પરિવારના હોદ્દેદારો અને કાર્યકરોએ સન્માન કર્યું હતું. ત્યારબાદ મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરી ધુન બોલાવ્યા બાદ રાષ્ટ્રગીત ગવાયું હતું.

ત્યારબાદ સ્નેહમિલન કાર્યક્રમ નિમિત્તે રૂા. ૧૫૦૦ કે તેથી વધુ અનુદાન આપનાર દાતાઓનં પરિવાર વતી સન્માન કરાયું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓને ભેટ અપાયા બાદ સ્વરૂચી ભોજન અને ત્યારબાદ દાંડીયા રાસની રમઝટ બોલી હતી.

કાર્યક્રમની સફળતા માટે કારોબારી સમિતિના પ્રમુખ પ્રફુલભાઇ ભગવાનજીભાઇ, ઉપપ્રમુખ સુધીરભાઇ ગોપાલજીભાઇ, મંત્રી ઉમંગ હર્ષદભાઇ, ખજાનચી હરેશભાઇ મણીભાઇ, સભ્યો નીતિનભાઇ મગનભાઇ, જયદીપભાઇ ચમનભાઇ અને કૃણાલભાઇ દિનેશભાઇ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# સીનરોજા પરિવાર દ્વારા યોજાયુ સ્નેહમિલન



રાજકોટ ગુર્જર સુતાર સીનરોજા પરિવાર દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ તા. ૩૧–૧૨–૨૨ના રોજ ભકિતનગર સ્ટેશન પ્લોટ ખાતે આવેલ શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

દીપ પ્રાગટય બાદ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતૂં. અને ત્યારબાદ સમુહપ્રસાદ સૌએ લીધો હતો. સીનરોજા પરિવારના શ્રી ભુપેન્દ્રભાઇ સીનરોજા, હર્ષદભાઇ સીનરોજા, ગોપાલભાઇ, અમિતભાઇ, વિપુલભાઇ, નિરવભાઇ, અમિતભાઇ, નિલેશભાઇ, વિજયભાઇ, નિલેશભાઇ, મનોજભાઇ, જીતેન્દ્રભાઇ મયુરભાઇ, ગીરીશભાઇ નીલેશભાઇ તેમજ સીનરોજા પરિવારના વડીલો અને કાર્યકરોએ આયોજન સફળ બનાવ્યું હતું.

# રાજકોટના અશોકભાઈ રાઠોડ, કચ્છના ઉમેશ ગજજર સહિત ૪૫ને વિશ્વકર્મા રત્ન એવોર્ડ

## વિશાલભાઈ પંચાલના નેતૃત્વમાં પંચાલ યુવા સંગઠનનું અનેરુ આયોજન




અમદાવાદમાં પંચાલ યુવા સંગઠન દ્વારા પ્રમુખ વિશાલભાઈ પંચાલની રાહબરી હેઠળ પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ હોલ ખાતે પ્રતિવર્ષની માફક ત્રીજા વર્ષે પણ વિશ્વકર્મા રત્ન એવોર્ડ–૨૦૨૨ એનાયત કરવાનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાજય મંત્રી શ્રી જગદીશભાઈ પંચાલ, પૂ. હરીહરાનંદ બાપુ, શ્રી જયંતીભાઈ શાસ્ત્રી (સુરેન્દ્રનગર), શ્રી કાલુરામ લુહાર અને સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં અલગ અલગ ૧૭ કેટેગરીમાં ૪૫ જેટલા તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતૂ. જેમાં રાજકોટના શ્રી અશોકભાઈ રાઠોડ (રાઠોડ મશીન ટુલ્સ)ને સમાજ સેવા માટે ધર્મપ્રચારક તરીકે ભાવનગરના શૈલેષભાઈ હરસોરાને ઇનોવેશન માટે રાજકોટના દિનેશભાઈ આસોડયાને પેઇન્ટીંગ માટે ભાવનગરના બાબુભાઈ મકવાણાને કચ્છ–ભુજના એસ.વી. ન્યુઝના ઉમેશભાઈ ગજજરને પત્રકારત્વ માટે તેમજ બોટાદનું ગૌરવ એવા મીત ગજજર સહિતનાને શ્રી જગદીશભાઈ પંચાલ અને અન્ય મહાનુભાવોના હસ્તે આ એવોર્ડ અપાયા હતા.

પંચાલ યુવા સંગઠન ૧૬ જીલ્લામાં કાર્યરત છે. જેમાં ૮૫૦૦થી વધુ સભ્યો છે.

ભાવનગરના વિશ્વકર્મા ટુડેના તંત્રી ભરતભાઈ રાઠોડે–રાજકોટ, દિવ્ય કેશરીના તંત્રી પરેશભાઈ દાવડા, હિરેન રાઠોડ, અશ્વિનભાઈ ચૌહાણ, અશોકભાઈ સોલંકી, બળદેવભાઈ પંચાલ, દીપકભાઈ પંચાલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વિશાલભાઈ પંચાલ, જીનલબેન પંચાલ, અશ્વિનભાઈ પંચાલ, જાગૃતિબેન પંચાલ, હાર્દિક પંચાલ, નયનભાઈ પંચાલ, અનિરુદ્ધભાઈ પંચાલ વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું.

# અશોકભાઈ રાઠોડને ચંડી ચામુંડા અતિથિ ગૃહ દ્વારા સમાજ રત્ન પુરસ્કાર

સમસ્ત લુહાર જ્ઞાતિ સંચાલિત શ્રી ચંડી ચામુંડા અતિથિગૃહ (ચોટીલા)માં પાંચ વર્ષ સુધી મહત્વની સેવા પ્રદાન કરનાર અતિથિગૃહના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ રાઠોડ ટ્રસ્ટમાંથી નિવૃત્ત થતા સંસ્થા દ્વારા તેમને સમાજ રત્ન પુરસ્કાર આપી પ્રમુખ જયંતીભાઈ પરમાર, ટ્રસ્ટીઓ વૃજલાલભાઈ પરમાર, દેવજીભાઈ પરમાર, શાંતિભાઈ પરમાર સહિતના ટ્રસ્ટીઓએ સન્માન કર્યું હતું.ચોટીલા ધાર્મિક ક્ષેત્રમાં આવેલ સમસ્ત લુહાર અતિથિ ગૃહમાં સંસ્થાના યોગ્ય સંચાલન કરવા અશોકભાઈ રાઠોડે ઉમદા સેવા આપી હતી.



# શ્રી લુહાર હિતેચ્છુ મંડળ દ્વારા સવા વર્ષમાં 30 આદર્શ સમુહલગ્ન





શ્રી લુહાર હિતેચ્છુ મંડળ રાજકોટ શીયાણીનગરની આવેલ વાડીમાં રાજુભાઇ સિદ્ધપુરાના નેતૃત્વમાં આદર્શ યુવા ગ્રુપે ચુંટણીમાં ભવ્ય વિજય મેળવીને તા. ૭-૧૦-૨૧ના રોજ સત્તાના સુત્રો સંભાળ્યા બાદ આદર્શન સમુહલગ્નને વેગ મળ્યો છે. દર મહિને ત્રણથી ચાર લગ્નો ધામધુમથી થાય છે. રાજુભાઇ સિદ્ધપુરાના પ્રમુખ સ્થાને આવેલ કમિટી સત્તા પર આવ્યાને સવા વર્ષ થયુ છે અને આ સવા વર્ષમ) 30 આદર્શ સમુહલગ્ન થયા છે. તાજેતરમાં ૧૮મી જાન્યુઆરીથી થયેલ ચાર લગ્નોનો સમાવેશ આમાં થાય છે.

આદર્શ સમુહલગ્નમાં કરીયાવરમાં સોના-ચાંદીની આઇટમ ઉપરાંત સ્ટીલના કબાટ, શેટી, પલંગ, ખુરશી, રસોડાના બધા વાસણો મહિને ૪૨થી વધુ ચીજવસ્તુઓ કરીયાવરમાં આપે છે. આ સમુહ લગ્નનો ખર્ચ સમાજમાંથી નથી લેવાતો પણ ૮૦ જેટલા સભ્યો દર મહિને રૂા. ૫૦૦ કાઢે છે અને ૧૫ કમિટી મેમ્બરો મળીને દરેક સમુહલગ્નમાં ૧૧૦૦૦નો ફાળો આપે છે. સમાજમાં અન્ય દાન પણ આવે છે અને લગ્નનો ખર્ચ બાદ કરતા પણ પૈસા વધે છે જે સમાજના કામમાં વપરાય છે. શીયાળીવાડીમાં લુહાર હિતેચ્છુ મંડળ સત્તા પર આવ્યા બાવ વાડીમાં પણ ઘણા સુધારા વધારા થયા છે. રાજુભાઇ સિદ્ધપુરાના પ્રમુખસ્થાને બનેલ કમિટીમાં ઉપપ્રમુખ તરીકે જગદીશભાઇ મકવાણા, મંત્રી રાજુભાઇ હરસોરા, ખજાનચી કમલેશભાઇ સિદ્ધપુરા(મહાજન), સહખજાનચી જયેશભાઇ કાલરીયા, સહમંત્રી યોગેશભાઇ પરમાર તેમજ સભ્યો મનસુખભાઇ ડોડીયા, મનોજભાઇ મકવા, પ્રવીણભાઇ સિદ્ધપુરા, ચંદુભાઇ ડોડીયા, દિપકભાઇ જીલ્કા, રાજેશભાઇ ચૌહાણ, ભરતભાઇ પીઠવા, અશ્વિનભાઇ સિદ્ધપુરા, આનંદભાઇ પરમારની ટીમની કામગીરી સમાજમાં પ્રસંશનીય બની છે અને સમાજમાં નવો ઉત્સાહનો સંચાર થયો છે.

## વિરાણી બહેરા-મુંગા શાળા ટ્રસ્ટને રવિકુમાર ભારદીયાની સ્મૃતિમાં ૫૧લાખનું દાન



છગનલાલ શામજી વિરાણી બહેરા-મૂંગા શાળા ટ્રસ્ટના ઉપક્રમે પૂ. ધીરગુરૂદેવના અનુગ્રહથી સંપૂર્ણ નવનિર્માણ પ્રોજેક્ટ અંતર્ગત ડો. પી.વી. દોશી માધ્યમિક શાળા સંચાલિત રવિકુમાર ભારદીયા ભવન નિર્માણમાં રવિ ભારદીયા ફાઉન્ડેશન હ. અમુભાઇ ભારદીયા(રવિ ટેકનોફોર્જવાળા) તરફથી રૂા. ૫૧ લાખનું માતબર દાન ઘોષિત કરાતા ઉમંગ છવાયો છે. જયારે અરૂણાબેન અને ડો. અભયચં મહેતા અને રસીલાબેન નગીનદાસ પારેખ હ.મીના હર્ષશ શાહ, વિનુ અજય મહેતા તરફથી બોયસ હોસ્ટેલમાં ગ્રીન સોલાર એનર્જી માટે રૂા. ૧૫ લાખનું અનુદાન મળેલ છે.


અમુભાઇ અને રાજુભાઇ ભારદીયાનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે રજનીભાઇ બાવીસી, પ્રશાંતભાઇ વોરા, રાજેશભાઇ વીરાણી, તારક વોરા વગેરે ઉપસ્થિત રહયા.

# વડગામા પરિવારનું ભવ્ય સ્નેહમિલન યોજાયુ













સમસ્ત વડગામા પરિવાર–રાજકોટનું વર્ષ ૨૦૨૩નું સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન હાલના નવનિયુકત પ્રમુખ અશ્વિન નાનજીભાઇ વડગામા, મુકેશભાઇ રતિભાઇ વડગામા તથા જનકભાઇ નારણભાઇ વડગામાના માર્ગદર્શનમાં યોજાયું. અને પાયાના કહેવાય તેવા જેન્તીભાઇ પોપટભાઇ વડગામા, સુર્યકાંતભાઇ કલ્યાણજીભાઇ વડગામા, રમણીકભાઇ મુળજીભાઇ વડગામા, બટુકભાઇ ઝવેરભાઇ વડગામા, તલાલાથી પધારેલ ગોપાલભાઇ વડગામા તથા ભાણવડથી પધારેલ અનિરુદ્ધભાઇ વડગામા, જીતુભાઇ દેવરામભાઇ વડગામા તેમજ વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણભાઇ ગજ્જર વિગેરેને સાલ ઓઢાડીને સન્માન અશ્વિનભાઇ નાનજીભાઇ વડગામા, મુકેશભાઇ રતીભાઇ વડગામા તથા જનકભાઇ નારણભાઇ વડગામા વિગેરે વડગામા પરિવારએ કરેલ તેમજ દાતાશ્રીઓને પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ આ પ્રસંગે આશરે એક હજાર વડગામા પરિવારના સભ્યોએ સમુહભોજન પ્રસાદ લીધો સાથે સાથે કરાઓકે ગીત સંગીતના કાર્યક્રમના વડગામા પરિવારના સભ્યોએ અલગ અલગ જુના ગીતો ગાયા તેમજ બહેનોએ રાસ ગરબાની રમઝટ કરી કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધેલ, કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન નવનિયુકત પ્રમુખ અશ્વિન નાનજીભાઇ વડગામા, મુકેશભાઇ રતિભાઇ વડગામા તથા જનકભાઇ નારણભાઇ વડગામા કરેલ. વધુ માહિતી માટે વડગામા પરિવારનું કાર્યાલય અશ્વિનભાઇ એન. વડગામા (એડવોકેટ), વડગામા એસોસિએટસ, ૧૦–ગોપાલનગર, ઢેબર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

તેમજ ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ શ્રી રસીકભાઇ બદ્રકિયા, શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળના પ્રમુખશ્રી ચંદ્રેશભાઇ ખંભાયતા વિગેરે હાજર રહેલ.

વડગામા પરિવારના નટુભાઇ વડગામા, મુકેશભાઇ હરજીભાઇ વડગામા, જયસુખભાઇ બચુભાઇ વડગામા, ભીખુભાઇ વડગામા, વિનુભાઇ વડગામા, હરકાંતભાઇ વડગામા, જીતુભાઇ ગોવિંદભાઇ વડગામા, જીતુભાઇ દેવરામભાઇ વડગામા, અનિલભાઇ ધીરુભાઇ વડગામા, કુંજનભાઇ વડગામા, મયુરભાઇ વડગામા, નરેન્દ્રભાઇ વડગામાએ વિગેરેએ પુષ્પગુચ્છથી દાતાશ્રીઓનું સ્વાગત કરેલ.

# શ્રી અમૃત વિદ્યામંદિરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ-પ્રતિભા સન્માન











શ્રી ગોવિંદીયા ચેરીટેબલ ટ્રસ્ટ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત નવલનગર-૩, કૃષ્ણનગર-૧ રાજકોટમાં આવેલ શ્રી અમૃત વિદ્યામ્રદિરમાં તા. ૨૧-૧૧-૨૦૨૨ બુધવારે હેમુગઢવી હોલમાં સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો.

કાર્યક્રમની શરૂઆત જ આપણી જ્ઞાતિના મુકુદભાઇ સોલગામાએ રીમોટ દ્વારા દિપપ્રાગટ્ય કરાવી કમળની પાખડીઓમાંથી પ્રોગામ ખુલ્લો મુકયો. દિપપ્રાગટ્ય વોર્ડ નં. ૧૩ના કોર્પોરેટર જયાબેન ડાંગર, પ્રાથમિક શિક્ષણાધિકારી કિરીટસિંહ, આ સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી હિંમતભાઇ ગોવિંદીયા તેમજ આમંત્રિત મહેમાનોના હસ્તે કરવામાં આવેલ.

બાલમંદિરથી ધો. ૧૨ના બાળકોએ ગણેશ વંદના, બોલીવુડ ફ્યુજન, જંગલ થીમ, કાર્ટુન થીમ, રગ ભીની રાધા, (તલવાર અને છત્રી સાથે) કરાટે ડેમો, યોગા પિરામીક, કપલ ડાન્સ, લવયુ જિંદગી, મુઝે માફ કરના, ગોરી તમે, હર હર શંભુ, પંજાબી સોંગ, બાળમજુરી થીમ, તલવાર રાસ, બોલીવુડ સોંગ, વંદેમાતરમ, ગરબા, આર્મી ઈમોશન થીમ સોંગ, હોરર સોંગ, વિગેરે સુંદર કાર્યક્રમ રજુ કર્યા હતા.

મહેમાનો તેમજ વાલીઓને તાળીઓના ગડગડાટથી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ-મોમેન્ટો આપી મહેમાનો દ્વારા સન્માનિત કરવમાં આવ્યા.

આમંત્રિત મહેમાનો વોર્ડ નં. ૧૩ના કોર્પોરેટર જયાબેન ડાંગર, પ્રાથમિક શિક્ષણાધિકારી કિરીટસિંહ, આ સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી હિંમતભાઇ ગોવિંદીયા, બકુલભાઇ ગોવિંદીયા, રેખાબેન ગોવિંદીયા તેમજ શાળા સંચાલક મંડળ સભ્યો, આપણી જ્ઞાતિના વિશ્વકર્મા વિશ્વના પ્રવીણભાઇ ગજ્જર, વિશ્વકર્મા કેળવણી મંડળના ટ્રસ્ટી જેન્તીભાઇ તલસાણિયા, હરેશભાઇ ખંભાયતા, કલ્પેશભાઇ મહીધરીયા, ગજ્જર સખીવૃંદના રશ્મીબેન ખંભાયતા, જયોત્સનાબેન તલસાણિયા, ઈલાબેન ગોવિંદીયા, વર્ષાબેન રાણપરીય, કિરણબેન મહીધરીયા, વગેરે હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમનું સંચાલન વિશાલભાઇ વડગામા અને ભાવેશભાઇ મેરે કર્યું. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય શ્રી માલતીબેન મેસવાણીયા, વિશાલભાઇ નેનુજી અને સમગ્ર સ્ટાફ ભાઇ-બહેનોએ ઉત્સાહપૂર્વક જહેમત ઉઠાવી હતી.

**(અહેવાલ : માલતીબેન મેસવાણિયા)**

## મોરબી ખાતે શ્રી વિશ્વકર્મા સ્પોર્ટસ કલબ આયોજીત ટુર્નામેન્ટમાં

# પોરબંદરની વિશ્વકર્મા ઇલેવન ચેમ્પિયન :VMW રનર્સઅપ



શ્રી વિશ્વકર્મા સ્પોર્ટસ કલબ દ્વારા તા. ૫ થી ૮ જાન્યુ. દરમ્યાન મોરબી ખાતે સ્વ. વૈભવભાઇ તલસાણિયા અને સ્વ. અભિષેક છનિયારાની સ્મૃતિમાં યોજાયેલ ૭મી રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પોરબંદરની વિશ્વકર્મા ઇલેવને રાજકોટની વીએમડબ્લ્યુ ઇલેવનને હરાવી ચેમ્પિયન થઇ હતી.

ચેમ્પિયન વિશ્વકર્મા ઇલેવનના જીજ્ઞેશ સંચાણિયા અને કેપ્ટન મૌલિક મિસ્ત્રીને ડોલીબેન વૈભવભાઇ તલસાણિયા, રીટાબેન છનિયારા અને રીતેશ ધ્રાંગધરીયાના હસ્તે ટ્રોફી એનાયત થઇ હતી. જયારે રનર્સ અપ વીએમડબ્લ્યુ ઇલેવનના કેપ્ટન ભાવેશ ધોરેચાને હરીશ ખારેચાના વરદહસ્તે રનર્સઅપ ટ્રોફી એનાયત થઇ હતી. બેસ્ટ બોલર સચીક મકવાણા જાહેર થયા હતા. જેને હિરેન ભાડેશીયાના હસ્તે તેમજ મેન ઓફ ધ સીરીઝ હેમંત સુથારને જીજ્ઞેશ સંચાણિયાના હસ્તે બેસ્ટ ઓફ મેન ઓફ ધ મેચ, ભાવેશ મિસ્ત્રી(રઘુ)ને દક્ષાબેન ધ્રાંગધરિયા હસ્તે શીલ્ડ અપાયા હતા. ફાઇનલ મેન ઓફ ધ મેચ રાજન પંચાલ જાહેર થયા હતા.સેમિફાઇનલ એમઆઇ ઇલેવન અને વિશ્વકર્મા ઇલેવન પોરબંદર વચ્ચે રમાયો હતો. આ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર કચ્છની ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. જેમા રાજકોટની ૭, અમદાવાદની ૨, મોરબીની ૨ અને જામનગરની ટીમનો સમાવેશ થાય છે.

ટુર્નામેન્ટનું આયોજન હરીશભાઇ ખારેચા અને પ્રેમ સરવલીયાએ કર્યું હતું.

# વિશ્વકર્મા પરિવારના સર્વાંગી વિકાસ માટે શ્રી વિશ્વકર્મા ફાઉન્ડેશનનો પ્રારંભ



## શ્રી પરેશભાઇ દાવડા(પ્રમુખ) સહિત નવ ટ્રસ્ટીઓ

વિશ્વકર્મા પરિવારના સર્વાંગી વિકાસ અને ખાસ કરીને શૈક્ષણિક વિકાસના મુખ્ય હેતુ ઉપરાંત સામાજીક, ધાર્મિક અને સાંસ્કૃતિક વિકાસના હેતુ સાથે શ્રી વિશ્વકર્મા ફાઉન્ડેશન(રજી.)નો ડીસેમ્બરથી પ્રારંભ કરવામાં આવ્યો છે. ટ્રસ્ટના પ્રમુખ શ્રી પરેશભાઇ દાવડા(લુહાર સમય સમાચારપત્ર) છે. તેમના જણાવ્યા પ્રમાણે આ ટ્રસ્ટમાં શહેર અને બહારગામના મળીને કુલ ૯ ટ્રસ્ટીઓ છે. જેમાં મારા ઉપરાંત નયનભાઇ મકવાણા (રાજકોટ), રાજુભાઇ પિત્રોડા(ગોંડલ), મનિષભાઇ ડોડીયા(બગસરા), કિશોરભાઇ રાઠોડ (ધોરાજી), દિલીપભાઇ ઉમરાણીયા(રાજકોટ), જયભાઇ પીઠવા (રાજકોટ), અજયભાઇ સિદ્ધપરા(રાજકોટ), સમીરભાઇ પરમાર(રાજકોટ)નો સમાવેશ થાય છે.

ટ્રસ્ટ ઓફિસનું સરનામું : શ્રી વિશ્વકર્મા ફાઉન્ડેશન, C/o. દિવ્ય કેશરી, મણીનગર–૭, મવડી પ્લોટ, રાજકોટ. મો. નં. ૭૬૦૦૦૦૦૬૮૮.

# શિયાળુ સ્પેશ્યલ વાનગીઓ



શુભદા ભટ્ટી

## વળીયા મેથી ઢોકળી :

**સામગ્રી :**

- જીણી સુધારેલી મેથી – ૨ થી ૩ મોટી ચમચી
- ચણાનો લોટ – ૧ કપ
- જીણી સુધારેલી ડુંગળી – ૧ નંગ
- જીણા સુધારેલા ટમેટા – ૨ નંગ
- લાલ મરચુ પાવડર – ૧ ૧/૨ મોટી ચમચી
- હળદર – ૧ નાની ચમચી
- રાય – ૧/૨ ચમચી
- જીરૂ – ૧/૨ ચમચી
- હીંગ – ચપટી
- બાદીયા – ૧ નંગ
- તજ – ૧ મોટો ટુકડો
- લવીંગ – ૨ થી ૩ નંગ
- કિચન કિંગ મસાલો – ૧ નાની ચમચી
- મીઠુ – સ્વાદ પ્રમાણે
- તેલ – જરૂર પ્રમાણે

**બનાવવાની રીત :**

સૌપ્રથમ મેથીમાં મીઠુ, લાલ મરચુ પાવડર ૧/૨ ચમચી, ચપટી હળદર ૨ થી ૩ મોટી ચમચી ચણાનો લોટ લઈ મિક્સ કરવું. એક બાઉલમાં ચણાનો લોટ, મીઠુ, ૧ ચમચી તેલનું મોણ અને પાણીથી લોટ બાંધવો. આ લોટમાંથી મોટી સાઈઝનો રોટલો વણવો. તેમાં તૈયાર કરેલ મેથીનો મસાલો સ્પેડ કરવો અને ધીમે ધીમે રોલ વાળતા જવો અને પછી ભાખરવડીની જેમ તેના નાના પીસ કરીને તેલમાં તળી લો.

ગ્રેવી માટે એક પેનમાં તેલ મુકવુ પછી તેમાં રાય, જીરૂ, હીંગ ઉમેરીને ડુંગળીને સાંતળવી એ પછી ટમેટા ઉમેરીને ચડવા દેવા. હવે બાદિયા, તજ, લવિંગને ખાયણીમાં અધકચરા ક્રશ કરવા અને તે ગ્રેવીમાં ઉમેરવા એની સાથે મીઠુ, હળદર, લાલ મરચુ, કિચન કિંગ, મસાલો અને જરૂર પ્રમાણે પાણી ઉમેરીને તૈયાર કરેલી મેથી ઢોકળીને ગ્રેવીમાં ઉમેરીને ૧ થી ૨ મિનિટ સુધી ગેસ પર રાખવું.

## રાજમા મસાલા ફ્રીટર્સ :

**સામગ્રી :**

- બાફેલા રાજમા – ૩ થી ૪ મોટી ચમચી
- બાફેલા બટાકા – ૧ નંગ મોટી સાઈઝનું
- જીણી સુધારેલ ડુંગળી – ૨ મોટી ચમચી
- જીણી સુધારેલ કોથમીર – ૧ મોટી ચમચી
- જીણા સુધારેલા લીલા મરચા – ૧ મોટી ચમચી
- આખા ધાણા સૂકા – ૧ મોટી ચમચી
- આદુ ક્રશ કરેલુ – ૧ મોટી ચમચી
- કોર્નફલોર – જરૂર પ્રમાણે
- બ્રેડ ક્રમશ – જરૂર પ્રમાણે
- સંચળ પાવડર – સ્વાદ પ્રમાણે
- જીરા પાવડર – ૧/૨ ચમચી
- મીઠુ – સ્વાદ પ્રમાણે
- આમચુર પાવડર – ૧/૨ ચમચી
- તેલ – તળવા માટે

**બનાવવાની રીત :**

સૌપ્રથમ એક મિક્ક્ષર જારમાં કોથમીર, લીલા મરચા, આખા ધાણા, આદુ, સંચળ પાવડર, જીરા પાવડર, આમચુર પાવડરને બરાબર મિક્સ કરી લેવું.

એક બાઉલમાં બાફેલા મેશ કરેલા રાજમા લેવા તેમાં બાફેલા મેશ કરેલા બટાકા ઉમેરવા સાથે જીણી સુધારેલ ડુંગળી અને તૈયાર કરેલો મસાલો ઉમેરીને બરાબર મિક્સ કરી લેવું.

એક બાઉલમાં કોનફલોર લેવાં તેમાં જરૂર પ્રમાણે પાણી ઉમેરીને તેની સ્લરી બનાવવી તેમાં સ્વાદ પ્રમાણે મીઠુ ઉમેરવું અને મિક્સ કરી લેવું.

તૈયાર મિશ્રણમાંથી મિડિયમ સાઈઝના ફ્લીટરસ બનાવવા. તેને કોર્ન ફલોરની સ્લરીમાં ડીપ કરીને પછી બ્રેડક્રમશમાં રગદોળવા અને પછી તેલમાં ડીપ ફ્રાય કરી લેવા. ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી ચોમાસાની સીઝનમાં 'રાજમા મસાલા ફલીટરસ' ખુબ જ સરસ લાગે છે.

॥ ૐ શ્રી વિશ્વકર્મણે નમઃ ॥

ટ્રસ્ટ રજી. નં. એ-૨૦૭૮

# શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ

## શ્રી વિશ્વકર્મા પ્રભુજીનું મંદિર

શ્રી વિશ્વકર્મા પ્રભુજી માર્ગ, દિવાનપરા મેઇન રોડ, રાજકોટ.
ફોન : ૦૨૮૧-૨૨૨૨૪૪૫, મો. ૮૪૦૫૮૪૦૫૦૮

શ્રી વિશ્વકર્મા પ્રભુજીની મુર્તિ પ્રાણપ્રતિષ્ઠા


100

૧૯૨૨-૨૦૨૨

## શતાબ્દી વર્ષ ઉજવણી

સુવર્ણ સિંહાસન મહાસંકલ્પ

શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિર, રાજકોટ



# સુવર્ણદાન માટે સુવર્ણ અવસર...

આપ પણ આ સુવર્ણ દાન ભેટ આપીને ધર્મસેવાનો લાભ લઈ શકો છો. આ દાનની રકમ મંદિરના બેંક એકાઉન્ટમાં સીધી જ જમા કરાવી શકો છો. ૧-ગ્રામ સુવર્ણ દાનની રકમ રૂા. ૫૧૦૦/- નકકી કરેલ છે.


| શ્રી રસિકભાઈ ડી. બદ્રકીયા | શ્રી પ્રદિપભાઈ કે. કરગથરા | શ્રી મુકેશભાઈ આર. વડગામા |
|---|---|---|
| પ્રમુખશ્રી | માનદ્ મંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| +91 92276 12073 | +91 98244 79356 | +91 98256 19915 |

ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ - શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ, રાજકોટ.


**આપનું અનુદાન સીધુ જ ટ્રસ્ટના બેંક એકાઉન્ટમાં જમા કરી શકો છો.**

| | |
|---|---|
| Account Name : | SHRI GURJAR SUTAR GNATI-RAJKOT |
| Account No.: | 310110100001280 |
| Bank : | BANK OF INDIA, LAKHAJIRAJ ROAD, RAJKOT. |
| RTGS/NEFT IFSC : | BKID0003101 |
| Type of Account : | SAVINGS ACCOUNT |

સૌજન્ય : વિશ્વકર્મા વિશ્વ | વિશ્વકર્મા વિશ્વ NEWS Today | Ramy Publication | GUJARAT360



Mahesh Bhesania
Bhupendrabhai Bhesania
Kamleshbhai Bhesania
Anilbhai Bhesania
Ankitbhai Bhesania
ORBIT
જય વિશ્વકર્મા
OR BIT
ORBIT
MACHINE TOOLS
MFG. OF WOODWORKING MACHINERY
Manufacture In
Jigsaw Machine
Cut-Off Machine
Circular Machine
Stander Machine
Drill Machine
B/h - 3 Babariya Colony Masjeed, Opp. Floor Mill, Rajkot - 360002.
Mo. +91 98253 20403 / 83201 07878

AEW
Manufacturers :
Ashwin Engineering Works
JAM-KHAMBHALIYA
Mr. Ashwin S. Aghada - 98242 07121
Mr. Mital A. Aghada - 97245 01154
Mr. Parag A. Aghada - 94264 01154
Thickness Planner ( Molding Att.Optional )
Thickness Planner (Double Piston)
Combined Machine
Tenoning Machine
Surface planner with circular saw machine (Classic Model)
Chain Mortiser Machine
O/S Jodhpur Gate, Near Dena Bank, Jam-Khambhaliya - 36 13 05,
Dist. Devbhumi Dwarka, Gujarat, India. E-mail : info@ashwinwoods.com


RAJ LAXMI
FLUID POWER CREATIVES
HI-TECH HYDRAULIC HOSE CRIMPING MACHINES
HYDRAULIC, PNEUMATIC, HYDRO POWERED , AUTOMATIC, SEMI-AUTOMATIC, MANUAL
4MM TO UPTO 200MM
Model : RLC - 206 Hose Crimping Machine (Vertical) Upto 2" Cap.
Hand Operated HoseCrimping Machine Upto 1" Cap.
Model :RLC - 208 Hose Crimping Machine (Horizontal) Upto 4" Cap.
Model : RLC - 207 Hose Crimping Machine (Horizontal) Up to 2" Cap.
Model: RLC -208 Hose Crimping Machine Upto 2" (Horizontal) Automatic
Model: CH -215 Hose Crimping Machine Upto 2"(Horizontal) Automatic
Low Pressure Motorised Hose Crimping Machine Upto 1"
Hand Operated Low Pressure Hose Crimping Machine
Hose Skiving Machine
Hose Testing Machine
Hose Cutting Machine
Roll MarkingM achine
Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar :98250 14494
Manufacturer :
RJ INDUSTRIES
1 - Paresh Estate,
Opp. Jaynath Complex,
Makkam Chowk,Gondal Road,
Rajkot 360 002
Email : r.jgajjar78@gmail.com.
rjinds@yahoo.co.in

# ONE STOP SOLUTION FOR HYDRAULIC HOSES & FITTINGS

Authorised Distributor :
(Saurashtra & Kutch)

Gates USA

POWERING PROGRESS

Manufacturer :


## R.J INDUSTRIES

THE WORLD'S MOST TRUSTED NAME IN HYDRAULICS HOSES AND FITTINGS

Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar : 98250 14494

1, Paresh Estate, Opp. Jaynath Complex, Makkam Chowk, Gondal Road, Rajkot 360 002. Email : r.jgajjar78@gmail.com / rjinds@yahoo.co.in






## PRESSURE OR RANGE, NO LIMITS....

- RUBBER BARIDED & SPIRAL HIGH PRESSURE HOSE
- AIR LESS PAINT SPRAY HOSE
- PNEUMATIC TOOL HOSE
- CEMENT GROUTING HOSE
- CHEMICAL HOSE
- WATER SUCTION/DISCHARGE HOSE
- PETROL DISPENSING HOSE
- MOBILE EQUIPMENT & EARTHMOVING HOSE
- OIL GAS ON OFF SHORE HOSE
- PVC BRATDED CLEAR HOSE
- JACK HOSE (MORE SAFE ECONOMICAL)
- TEFLON HIGH TEMPERATURE & PRESSURE HOSE
- STEAM HOSE
- HEAT RESISTANT CARBON FREE CABLE
- COOLANT HOSE
- ASBESTOS STANLESS STEEL CORRUGATED HOSE

FOR CATER PILLER, HITACHI, TEREX, JCB, POCLAN AND ALL TYPES OF EARTHMOVING MACHINERIES.
WE ALSO SUPPLY LOOSE HYDRAULIC HOSE & FITTINGS.

## SHREE VISHWAKARMA ENGINEERING WORKS

Manufacturer & Exporter of Jagdish Power Sugarcane Crusher, Diesel Engine.

Nitin Talsania: +91 98248 51679
Nikunj Talsania: +91 97376 00778
Email: vewrajkot@yahoo.com

Aji Industrial Estate, G.I.D.C. Phase-II, Plot No.375/1,
Rajkot 360 003, Gujarat, India.

Graded Castings for Machine tools, Agricultural

Siddharth Talsania: +91 98242 29059
Office: +91 281 2387977
Email: rncastings@gmail.com

## R.N. MACHINE TOOLS

Aji Industrial Estate, G.I.D.C. Phase-II, Plot No.375/3,
Rajkot 360 003, Gujarat, India.

# VISHVAKARMA MOULD WORKS

Manufacturer & Exporter of Blow & Injection Moulds




## MOULD YOUR WORLD WITH US!

Vishwakarma Mold Works is India's leading plastic mold manufacturing firm. At Vishvakarma Mould Works We manufacture single cavity, multi cavity, auto de-flashing blow molds ranging from 50ml to 1000 liters. And Two-Plate, Three-Plate, unscrewing, Cold-Runner, Hot-Runner Injection Molds for many industries, including automotive lubes, pharmaceuticals, household, FMCG, chemical, cosmetics, nutrition , water storage.

For the last 3 decades,
Vishwakarma Mold Works has maintained the trust of many government companies in India due to the perception of on-time delivery, quality standards, various mold making techniques.

## PRODUCT RANGE

### BLOW MOULDS

- SINGLE CAVITY
- SINGLE CAVITY AUTO DE-FLASHING
- MULTI CAVITY
- MULTI CAVITY AUTO DE-FLASHAING

### INJECTION MOULDS

- SIDE RUNNER
- SUBMARINE RUNNER
- PIN-POINT RUNNER
- TWO-PLATE RUNNER
- THREE-PLATE RUNNER
- COLD RUNNER
- HOT RUNNER

INDUSTRIES WE SERVE
Automotive Lube
Pharmaceutical
Water Storage
Household
Agriculture
Cosmetics
Nutrition
Chemical
FMCG

30+
YEARS OF
EXPERIANCE

OUR SERVICES
Mould Manufacturing
Product Designing
Blow & Injection Moulding

TALK TO US
+91 22 40123392
+91 98202 83392

info@vishvakarmamouldworks.com | www.vishvakarmamouldworks.com

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

શ્રી વસુંધરા

આપના સપનાનું સુંદર ઘર









SAVALIA
DEVELOPERS PRIVATE LIMITED

**Site Office :** "Shaligram-I", Shri Lakhajiraj Ginning Mill Compound, Canal Road, Rajkot -360 002.
Tele : 0281-222 5988 | M. : 98256 60606 | E-mail : savaliadevelopers@gmail.com

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**